અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express
Ahmedabad
RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
'ધ ફેમિલી મેન 3' નિમ્રત કૌરનો ખતરનાક રોલ, દિગ્દર્શકે કહ્યું: "પાત્રને મહિલામાં...



પેજ-09
કેન વિલિયમસનની ન્યૂઝીલેન્ડ ટેસ્ટ ટીમમાં વાપસી, વેસ્ટ ઈન્ડિઝ સામેની 3...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 21.00 |
| વડોદરા | 32.00 | 22.00 |
| સુરત | 32.00 | 23.00 |

પેજ 5



આખરે કેમ યુકે છોડવાની તૈયારી કરી રહ્યા છે અબજોપતિ લક્ષ્મી મિત્તલ?...

**26** NOVEMBER-2025 WEDNESDAY

ઈરાન ફરી પરમાણુ ટેસ્ટની તૈયારી કરી રહ્યું છે?, અમેરિકા અને ઈઝરાયલનું...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 84587.01 | ▼ | 313.70 |
| નિફ્ટી | 25884.80 | ▼ | 074.70 |
| સોનું | 125305.00 | ▲ | 1451.00 |
| ચાંદી | 156371.00 | ▲ | 1889.00 |


વર્ષ-15 । અંક-015 । વિક્રમ સંવત-2082 । માગસર સુદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


**■ PM ભાવુક થયા :** મોદીએ કહ્યું, સદીઓ જૂના ઘા રુઝાઈ ગયા; PMએ કુરુક્ષેત્રમાં શહીદી દિવસ પર સિક્કો જાહેર કર્યો

# અમદાવાદમાં બનેલી ધર્મધ્વજા અયોધ્યાના રામ મંદિર પર લહેરાઈ

(એજન્સી) અયોધ્યા | તા.25

PM નરેન્દ્ર મોદી આજે, 25 નવેમ્બરના રોજ હરિયાણાના પ્રવાસે છે. કુરુક્ષેત્રમાં તેમણે જ્યોતિસર અનુભવ કેન્દ્રનું લોકાર્પણ અને પાંચજન્ય શંખ સ્મારકનું શુભારંભ કર્યું. તેમણે અનુભવ કેન્દ્રની મુલાકાત લઈને મહાભારતની વાર્તાઓ નિહાળી. ત્યારબાદ વડાપ્રધાન શ્રી ગુરુ તેગ બહાદુરજીના ૩૫૦મા શહીદી દિવસ પર આયોજિત સમાગમમાં પહોંચ્યા. ગુરુ ગ્રંથ સાહિબ મંચથી લગભગ અઢી ફૂટ ઉપર વિરાજમાન હતા. PM મોદીએ જમીન પર બેસીને કીર્તન સાંભળ્યું. ત્યારબાદ શ્રી ગુરુ તેગ બહાદુરજીને સમર્પિત પુસ્તકનું વિમોચન કર્યું અને સિક્કો પણ રિલીઝ કર્યો.

**વિશ્વ આખુ રામમય બન્યું છે- PM મોદી**

વડાપ્રધાને સંબોધન કરતાં કહ્યું, 'ગુરુ તેગ બહાદુરજીએ પણ સત્ય અને ન્યાયને પોતાનો ધર્મ માન્યો અને તેની રક્ષા માટે પોતાના પ્રાણ પણ આપી દીધા. કુરુક્ષેત્રની આ પવિત્ર ભૂમિ શીખ પરંપરાનું મુખ્ય કેન્દ્ર છે. જ્યારે નવમી પાતશાહી ગુરુ તેગ બહાદુર અહીં આવ્યા, તો તેમણે અહીં પોતાની સાહસિક છાપ છોડી.' 'ધર્મનું તિલક સુરક્ષિત રહે, લોકોની આસ્થા પર અત્યાચાર ન થાય, તે માટે ગુરુ સાહેબે બધું જ ન્યોછાવર કરી દીધું. આજે હિન્દુસ્તાનનું જે સ્વરૂપ છે, તેમાં ગુરુ સાહેબ જેવા મહાપુરુષોનું જ્ઞાન અને ત્યાગ છુપાયેલો છે.





### 'આપણે લાઠી-ગોળીઓનો સામનો કરીશું, પણ ત્યાં મંદિર બનાવીશું' : સીએમ યોગી

ધર્મધ્વજ ફરકાવ્યા બાદ કાર્યક્રમ સ્થળ પર હાજર જનમેદનની સંબોધન કર્યુ હતું. જેમાં સૌ પ્રથમ યોગી આદિત્યનાથ અને ત્યારબાદ મોહન ભાગવતે સંબોધન કર્યું. સીએમ યોગીએ કહ્યું કે એક નવા યુગનો શુભારંભ થયો છે. આ ભવ્ય મંદિર 1.4 અબજ ભારતીયોની શ્રદ્ધાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે રામ મંદિર પર લહેરાતો ભગવો ધ્વજ ધર્મ અને ભારતના દ્રષ્ટિકોણનું પણ પ્રતીક છે. દૃઢ નિશ્ચયનો કોઈ વિકલ્પ નથી. યોગી આદિત્યનાથે 'આપણે લાઠી-ગોળીઓનો સામનો કરીશું, પણ ત્યાં મંદિર બનાવીશું' ના સૂત્રનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભગવાન રામનું પવિત્ર શહેર એક નવા યુગમાં પ્રવેશ્યું છે. આજે અયોધ્યામાં દરેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ છે. તેમણે અયોધ્યામાં થયેલા વિકાસ કાર્યોની પણ યાદી આપી અને 'જય જય શ્રી રામ' ના સૂત્ર સાથે પોતાનું ભાષણ સમાપ્ત કર્યું. તો સંઘ પ્રમુખે કહ્યું કે રામમંદિર માટે લોકોએ બલિદાન આપ્યું.



**લોકશાહી આપણા DNAમાં છે - પીએમ મોદી :** વડાપ્રધાનએ કહ્યું કે સૌથી મોટી કમનસીબી એ છે કે મેકૌલેનો પ્રભાવ ખૂબ વધારે હતો. આપણે સ્વતંત્રતા મેળવી, પણ આપણે આપણી જાતને હીનતાની લાગણીથી મુક્ત ન કરી શક્યા. એવી માનસિકતા સ્થાપિત કરવામાં આવી કે વિદેશી દરેક વસ્તુ સારી છે, અને આપણી પોતાની વસ્તુઓમાં ખામીઓ છે. આ ગુલામ માનસિકતાને કારણે, આપણે વિદેશથી લોકશાહી અપનાવી. આપણું બંધારણ પણ વિદેશી દેશોથી પ્રેરિત છે. જ્યારે સત્ય એ છે કે ભારત લોકશાહીની માતા છે. લોકશાહી આપણા ડીએનએમાં છે.'

## છત્તીસગઢમાં 19 મહિલા સહિત 28 માઓવાદીઓનું આત્મસમર્પણ

(એજન્સી) નારાયણપુર | તા.25

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં મંગળવારે 28 નક્સલવાદીઓએ હથિયાર હેઠા મૂકીને આત્મસમર્પણ કર્યું છે. આ 28 માઓવાદીઓમાંથી 22 પર કુલ 89 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં 19 મહિલાઓનો સમાવેશ થાય છે. બસ્તર રેન્જના આઈજી સુંદરરાજ પટ્ટિલિંગમે જણાવ્યું કે, આ માઓવાદીઓએ રાજ્ય સરકારની યોજના અને નવી સરન્ડર તથા પુનર્વસન નીતિથી પ્રભાવિત થઈને આ પગલું ભર્યું છે. સરન્ડર કરનારાઓમાં ઈસ્ટ બસ્તર ડિવિઝનની મિલિટરી કંપની નંબર-6ના ચાર હાર્ડકોર કેડર પણ સામેલ છે, જેમના પર આઠ-આઠ લાખ રૂપિયાનું ઈનામ હતું.



**છેલ્લા બે મહિનામાં 400 થી વધુનું આત્મસમર્પણ**

છેલ્લા બે મહિનામાં આ વિસ્તારમાંથી 400 થી વધુ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. જેમાં સંસ્થાની સૌથી મજબૂત બટાલિયન નંબર-1ના સભ્યો પણ હતા. આમાં સેન્ટ્રલ કમિટી મેમ્બર રૂપેશ, સ્પેશિયલ ઝોનલ કમિટી મેમ્બર રાજુ સલામ અને અન્ય ઈનામ આપનારા નક્સલીઓનો સમાવેશ થાય છે.

**બધા નક્સલીઓ પર રૂા. 90 લાખનું ઈનામ હતું :** બસ્તરના આઈજી સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે આત્મસમર્પણ કરનારા નક્સલીઓમાં એક ડીવીસીએમ (ડિવિઝનલ કમિટી મેમ્બર), છ એસીએમ, એક પીપીસીએમ, 14 પીએમ (પાર્ટી મેમ્બર) અને જનતા સરકારના છ સભ્યોનો સમાવેશ થાય છે. બધા 28 નક્સલીઓ માટે કુલ 90 લાખની જાહેરાત કરવામાં આવી હતી. નક્સલી વિરોધી ઝુંબેશ દરમિયાન માધ વિસ્તારમાં સૈનિકોના વધતા દબાણ અને સરકારની પુનર્વસન નીતિથી પ્રભાવિત થઈને, નક્સલીઓ સતત આત્મસમર્પણ કરી રહ્યા છે.

### પશ્ચિમ બંગાળના CM મમતા બેનર્જીનો SIRને પડકાર

## '...તો હું આખા દેશમાં ભાજપના પાયા હચમચાવી નાખીશ' : બેનર્જી

(એજન્સી) બનગામ | તા.25

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે (25 નવેમ્બર) 24 પરગણા જિલ્લાના મતુઆ બાહુલ્ય બનગામમાં માતુઆ સમુદાયને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ (SIR) હેઠળ મતદારોના નામ, એસઆઈઆરના નામે બંગાળના લોકોને ધમકી, ભાજપ દ્વારા હેલિકોપ્ટર દ્વારા સફર અટકાવવાનો પ્રયાસ સહિતના મુદ્દે ભાજપ અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે એમ પણ કહ્યું છે કે, 'એસઆઈઆરનો વિરોધ કરી રહ્યા નથી, પરંતુ અમે એટલું કહેવા માંગીએ છીએ કે, વાસ્તવિક મતદારોના નામ ન કપાવા જોઈએ.'



**CM મમતાના ભાજપ-ચૂંટણી પંચ પર પ્રહાર**

મુખ્યમંત્રી બેનર્જીએ SIR મામલે ભાજપ અને ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપ કર્યો છે કે, 'ભાજપ પોતાની ઑફિસમાં બેસીને યાદી ફિક્સ કરી રહી છે. ચૂંટણી પંચનું કામ નિષ્પક્ષ હોવું જોઈએ, ભાજપનું પંચ ન બનવું જોઈએ. જો તમે (મતદાર) ગેરકાયદેસર છો, તો તમે 2024માં જેને મત આપ્યો હતો, તે પણ ગેરકાયદે છે. જો તમે 2014માં મોદી સરકારને મત આપ્યો હતો, જો તમે ગેરકાયદે થઈ ગયા તો સરકાર પણ ગેરકાયદે થઈ જશે.'

**'ભાજપ મારા પર હુમલાનો પ્રયાસ કરશે તો...'**

મુખ્યમંત્રી મમતાએ દાવો કર્યો છે કે, 'એસઆઈઆરના નામે બંગાળના લોકોને ધમકાવવામાં આવી રહ્યા છે. આ બધી કવાયત રાજકીય હેતુ માટે કરવામાં આવી રહી છે. ભાજપ મારી રમતમાં મારી સાથે લડી શકતી નથી, મને હરાવી શકતી નથી. જો ભાજપે બંગાળમાં મારા પર હુમલો કરવાનો પ્રયાસ કરશે તો હું આખા દેશમાં ભાજપના પાયા હચમચાવી નાખીશ.'

**'હું ભાજપ સરકારથી ડરતી નથી' મમતા :** 'મુખ્યમંત્રીએ લોકોને અસ્વસ્થતા અનુભવતા કહ્યું, 'જ્યાં સુધી હું અહીં છું, ત્યાં સુધી હું તેમને તમને બહાર કાઢવા નહીં દઉં. જ્યાં સુધી હું અહીં છું, ત્યાં સુધી કોઈ તમને બહાર કાઢી શકશે નહીં. જો બાંગ્લાદેશી સમસ્યા છે, તો તમે મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં આવું કેમ કરી રહ્યા છો?' મને ભાજપથી ડર નથી.' તેણીએ આગળ કહ્યું, 'જ્યાં સુધી હું અહીં છું, ત્યાં સુધી કોઈને પાછી મોકલવામાં આવશે નહીં.' કેટલાક ભાજપના નેતાઓ તો એવો પણ દાવો કરે છે કે હું પહેલા બાંગ્લાદેશી નાગરિક હતી. ટેકનિકલી, ભાજપ CAA કાર્ડના નામે તમને કાર્ડ વેચી રહી છે અને પૈસા એકઠા કરી રહી છે.

## કસ્ટડીમાં થતા મૃત્યુ સહન નહીં થાય: સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.25

સુપ્રીમ કોર્ટે પોલીસ કસ્ટડીમાં થતી હિંસા અને મૃત્યુ અંગે અત્યંત કડક ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે, આ ઘટનાઓ આપણી સમગ્ર સિસ્ટમ પર એક મોટું કલંક છે અને દેશ હવે કોઈપણ ભોગે આવી ઘટના સહન કરશે નહીં.



**રાજસ્થાનમાં 8 મહિનામાં કસ્ટડીમાં 11ના મોત**

ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે દેશભરના પોલીસ સ્ટેશનોમાં CCTV કેમેરા યોગ્ય રીતે કાર્યરત ન હોવાના મામલે સુનાવણી હાથ ધરી છે. આ દરમિયાન કોર્ટે રાજસ્થાનમાં છેલ્લા આઠ મહિનામાં થયેલા 11 કસ્ટડીયલ મૃત્યુ પર ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, 'કસ્ટડીમાં મૃત્યુ ન થઈ શકે. દેશ હવે આવી ઘટનાઓને સહન નહીં કરે. આ સિસ્ટમ પર કલંક છે.' કેન્દ્ર સરકારે અગાઉના આદેશોના પાલનનો રિપોર્ટ દાખલ ન કરતાં સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે.

કોર્ટે આકરા શબ્દોમાં કહ્યું કે, 'કેન્દ્ર સરકાર કોર્ટને હળવાશથી કેમ લઈ રહી છે ?' સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સ્વીકાર્યું કે, 'કસ્ટડીમાં મોતને કોઈ પણ વ્યક્તિ યોગ્ય ઠેરવી શકે નહીં.' દલીલ બાદ કેન્દ્ર સરકારે ત્રણ અઠવાડિયામાં સોગંદનામું રજૂ કરવાનું વચન આપ્યું હતું.

## CREA રિપોર્ટમાં દેશના 60% જિલ્લાઓમાં ઝેરી હવાનો ખુલાસો થયો છે

(એજન્સી) નવી દિલ્હી | ભારતમાં હવા વધુને વધુ ઝેરી બની રહી છે. આ ચિંતાને ઉજાગર કરવા માટે, સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA) એ એક નવો અભ્યાસ હાથ ધર્યો છે. રિપોર્ટમાં સેટેલાઈટ છબીઓનો ઉપયોગ કરીને દેશભરના 749 જિલ્લાઓની હવાની ગુણવત્તાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પરિણામો ચોંકાવનારા હતા. આ વ્યાપક તપાસમાં, એક પણ જિલ્લો વિશ્વ આરોગ્ય સંગઠનની સ્વચ્છ હવા શ્રેણીમાં આવતો જોવા મળ્યો નથી. વધુમાં, આશરે ૪૪૭ જિલ્લાઓ, અથવા લગભગ ૬૦ ટકા વિસ્તાર, ભારતના રાષ્ટ્રીય ધોરણો કરતાં નોંધપાત્ર રીતે ખરાબ હવાની ગુણવત્તા ધરાવતા હોવાનું જાણવા મળ્યું. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતમાં સ્વચ્છ હવા હવે દુર્લભ છે.

## ભારત હવે હથિયાર ખરીદનાર નહીં, ટેકનિક બનાવનાર અને નિકાસ કરનાર શક્તિ બની ગયું છે : રાજનાથ સિંહ

(એજન્સી) નવી દિલ્હી | તા.25

નવી દિલ્હીમાં આયોજિત ભારતીય નૌસેનાના સેમિનાર સ્વાવલંબન-2025માં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દેશના બદલાતા સંરક્ષણ માળખા પર મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ભારત હવે માત્ર હથિયારો ખરીદનારો દેશ નથી, પરંતુ ટેક્નોલોજી બનાવવાર, વિકસાવવાનાર અને નિકાસ કરનાર મહાશક્તિ બની રહ્યું છે.

રાજનાથ સિંહે કહ્યું કે, 'સંરક્ષણ ક્ષેત્રમાં ચાલી રહેલું સ્વદેશીકરણનું આંદોલન માત્ર નીતિઓનું પરિણામ નથી, પરંતુ વૈજ્ઞાનિકો, ઈનોવેટર્સ, સ્ટાર્ટઅપ્સ અને યુવાનોની મહેનતનું પ્રમાણ છે. ઈનોવેશન અને પ્રોટોટાઈપ્સે સાબિત કરી દીધું છે કે, ભારત હવે ટેક્નોલોજીનો ગ્રાહક નહીં, પણ નિકાસકાર બનવાના માર્ગે મજબૂત રીતે આગળ વધી રહ્યું છે.'



**વિદેશી સંરક્ષણ ઉપકરણો પરની નિર્ભરતા ઘટાડવી જરૂરી : રાજનાથ**

તેમણે ભારપૂર્વક કહ્યું કે, 'વિદેશી સંરક્ષણ ઉપકરણો પરની નિર્ભરતા ઘટાડવી જરૂરી છે, કારણ કે વિદેશથી ખરીદેલી ઉપકરણ લાંબાગાળે નુકસાન પહોંચાડે છે અને જાળવણી તેમજ સ્પેરપાર્ટ્સનો બોજ દેશ પર પડે છે. ભારતની સુરક્ષા પ્રણાલી ત્યારે જ મજબૂત થશે, જ્યારે તેનું ટેકનિકલ માળખું ભારતમાં તૈયાર થાય.'

## 9 મહિનાના બાળકોએ પણ હેલ્મેટ પહેરવું ફરજિયાત

**■ કર્ણાટક હાઈકોર્ટે રાજ્ય સરકારને તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો**

(એજન્સી) કર્ણાટક | તા.25

કર્ણાટક હાઈકોર્ટે રાજ્ય સરકારને કેન્દ્રીય મોટર વાહન નિયમોનો કડક અમલ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. આ નિયમોમાં નિર્ધારિત ગતિ મર્યાદા અને ટુ-વ્હીલર પર પાછળ બેઠેલા બાળકો માટે હેલ્મેટ પહેરવાનું ફરજિયાત છે. કોર્ટના નિર્દેશ બાદ, ટ્રાફિક પોલીસ સક્રિય થઈ ગઈ છે અને સલામતીના પગલાં વિના તેમના બાળકોને ટુ-વ્હીલર પર લઈ જતા માતાપિતા સામે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે. સરકાર આગામી છ મહિનામાં ચાઈલ્ડ હેલ્મેટ નિયમોમાં સુધારો કરવાની તૈયારી કરી રહી છે. આનો અર્થ એ થયો કે કર્ણાટકમાં હવે 9 મહિનાથી 4 વર્ષની વયના બાળકોને પાછળ બેઠેલા બાળકો માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત બનશે. બેંગલુરુના સંયુક્ત ટ્રાફિક પોલીસ કમિશનર, કાર્તિક રેડ્ડીએ જણાવ્યું હતું કે 9 મહિનાથી 4 વર્ષની વયના બાળકો માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. તેમણે એ પણ ભાર મૂક્યો કે દરેક જીવન કિંમતી છે અને અકસ્માતો ગમે ત્યારે થઈ શકે છે, તેથી બેદરકારી ટાળો.



**ટ્રાફિક પોલીસે પહેલ શરૂ કરી :** તેમણે કહ્યું કે બજારમાં બાળકો માટે વિવિધ પ્રકારના હળવા અને સલામત હેલ્મેટ લગભગ 1,000 માં ઉપલબ્ધ છે. પોલીસ માને છે કે બેંગલુરુમાં ઘણા માતા-પિતા હજુ પણ તેમના બાળકો માટે હેલ્મેટ ખરીદવામાં પાછળ છે, તેથી જાગૃતિ જરૂરી છે. દરમિયાન, બેંગલુરુ ટ્રાફિક પોલીસે તાજેતરમાં નિયમોના ઉલ્લંઘનને રોકવા અને જાહેર જાગૃતિ વધારવા માટે ઘણી પહેલ શરૂ કરી છે.

## ભારતની અર્થવ્યવસ્થા રોકેટ ગતિએ આગળ વધી : GDP ગ્રોથ 7.3% સુધી પહોંચવાનો અંદાજ

(એજન્સી) નવી દિલ્હી | તા. 25

વિશ્વના મુખ્ય અર્થતંત્રોમાં ભારતીય અર્થતંત્ર તેની ગતિ જાળવી રહ્યું છે. રોઇટર્સના અહેવાલ મુજબ, જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતનો GDP 7.3% ના દરે વધવાની ધારણા છે. આ આંકડો પ્રભાવશાળી લાગે છે, ખાસ કરીને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર 50% સુધીના ટેરિફ લાદવાના દબાણને ધ્યાનમાં રાખીને.



**ટ્રમ્પના 'ટેરિફ' કેટલા ખતરનાક છે?** ચિત્રની બીજી બાજુ થોડી વધુ ચિંતાજનક છે. શહેરી માંગ ધીમી પડી ગઈ છે, અને ખાનગી કંપનીઓ નવા રોકાણો (કેપેક્સ) કરવામાં અનિચ્છા ધરાવે છે. વૈશ્વિક અનિશ્ચિતતા આનું મુખ્ય કારણ છે. ઓગસ્ટમાં ભારતીય માલ પર ટેરિફ 50% સુધી વધારવાના ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયથી બજાર હચમચી ગયું છે. પરિણામે, વિદેશી રોકાણકારોએ આ વર્ષે અત્યાર સુધીમાં ભારતીય શેરબજારમાંથી આશરે $16 બિલિયન (ચોખ્ખો આઉટફ્લો) પાછો ખેંચી લીધો છે. ડોઇશ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી કૌશિક દાસ માને છે કે જ્યાં સુધી વૈશ્વિક વાતાવરણ સુધરશે નહીં, ત્યાં સુધી ખાનગી ક્ષેત્ર મુક્તપણે ખર્ચ કરવાની સ્થિતિમાં રહેશે નહીં.

**અર્થવ્યવસ્થાની કમાન સંભાળી**

આ ક્વાર્ટરની વૃદ્ધિ વાર્તાના વાસ્તવિક હીરો ગામડાઓ અને સરકાર છે. જ્યારે ખાનગી કંપનીઓ પાછી ખેંચી લીધી છે, ત્યારે ગ્રામીણ ભારતે ભારે ખર્ચ કર્યો છે. સારા વરસાદ અને સુધારેલી કૃષિને કારણે ગામડાઓમાં માંગમાં વધારો થયો છે.

ઘરગથ્થુ વપરાશ, જે આપણા અર્થતંત્રનો આશરે 60% હિસ્સો ધરાવે છે, છેલ્લા ક્વાર્ટરમાં મજબૂત રહ્યો. આનો અર્થ એ છે કે લોકો માલ ખરીદી રહ્યા છે, જેના કારણે બજારમાં પૈસા ફરતા રહે છે. વધુમાં, સરકારે વિકાસ પ્રોજેક્ટ્સ પર ખર્ચ કરવાનું ચાલુ રાખ્યું છે, જે અર્થતંત્ર માટે મજબૂત પાયો પૂરો પાડે છે.

શું આદિજાતિ વિકાસનું બજેટ સરકારના તાઈફાઓમાં અને પોસ્ટર બેનરોમાં વપરાઈ જાય છે?: ચૈતર વસાવા

# MLA ચૈતર વસાવાની આદિવાસી વિદ્યાર્થીઓની ઉચ્ચ અભ્યાસ માટેની શિષ્યવૃત્તિ મુદ્દે ગાંધીનગર રજૂઆત

અમદાવાદ/ગાંધીનગર/ભરૂચ/નર્મદા/છોટાઉદેપુર/દાહોદ/વાપી/નવસારી/અરવલ્લી/ગુજરાત



આજે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને સાથે રાખીને બિરસા મુંડા ભવન ખાતે પહોંચ્યા હતા અને આદિવાસી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની શિષ્યવૃત્તિ ફરી શરૂ કરાવવા માટે માંગ કરી હતી. ધારાસભ્ય ચૈતર વસાવાની સાથે સાથે આમ આદમી પાર્ટીના એજ્યુકેશન સેલના પ્રદેશ પ્રમુખ જીતુ ઉપાધ્યાય, પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડોક્ટર કરન બારોટ, સામાજિક આગેવાન શુભમ ઠાકર, આપ નેતા તીર્થ શ્રીમાળી, આનંદ ગોસ્વામી, રાકેશ મહેરીયા, ધવલ ઠક્કર, યુનુસ મન્સુરી, તાલીબભાઈ, ફિરોજભાઈ અને સંદીપ મોદી સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મુદ્દા પર ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે મેડિકલ, ડિપ્લોમા, ડિગ્રી, ફાર્મસી જેવા તમામ પ્રકારના ઉચ્ચ અભ્યાસક્રમો માટે ભારત સરકાર તરફથી પોસ્ટ મેટ્રિકની શિષ્યવૃત્તિની યોજના હતી. તેમાં 25% રાજ્ય સરકાર અને 75% કેન્દ્ર સરકાર તરફથી શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી અને વર્ષોથી આ યોજના ચાલુ હતી. પરંતુ 28 ઓક્ટોબર 2024ના રોજ ભાજપની સરકારે એક પરિપત્ર બહાર પાડીને આ સ્કોલરશીપની યોજના બંધ કરી દીધી. જેના કારણે 60000 જેટલા વિદ્યાર્થીઓના અભ્યાસ પર ખરાબ અસર પડી. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિના આધારે જે વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ ક્વોટા અને વેકેન્ટ ક્વોટામાં એડમિશન લીધા હતા, એ વિદ્યાર્થીઓને જણાવી દેવામાં આવ્યું કે "તમે ફી ભરો તો જ તમને બેસવા દેવામાં આવશે અને પરીક્ષા આપવા દેવામાં આવશે અને જો ફી નહીં ભરો તો તમારા એડમિશન રદ કરવામાં આવશે."

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, આ મુદ્દે ઘણા બધા વાલીઓએ અને વિદ્યાર્થીઓએ મારી પાસે આવ્યા અને રજૂઆત કરી ત્યારબાદ અમે બિરસા મુંડા ભવન ખાતે આવ્યા અને વિધાનસભાના ગૃહમાં પણ રજૂઆત કરી. ત્યારબાદ સરકાર પર દબાણ બન્યું અને 24 જૂન 2025ના રોજ શિષ્યવૃત્તિની યોજના ફરી શરૂ કરવાની જાહેરાત કરી કારણ કે એ સમયે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો થવાના હતા અને એમને ખબર હતી કે ગામડાઓમાં શિષ્યવૃત્તિ બંધ કરવાના મુદ્દે વિરોધ થવાનો છે. માટે એ લોકોએ ફરીથી જાહેરાત કરીને પરિપત્ર બહાર પાડીને વાહવાહી લઈલીધી પરંતુ આજદિન સુધી વર્ષ 2024-25ના એક પણ વિદ્યાર્થીના ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઈ નથી. આ વર્ષમાં પણ જે વિદ્યાર્થીઓ એડમિશન લીધા એમના ખાતામાં પણ એક રૂપિયો સ્કોલરશીપમાં જમા થયું નથી.

AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, અમે સરકારને કહેવા માંગીએ છીએ કે આદિજાતિ વિકાસના બજેટમાંથી તમારા કરોડોના કાર્યક્રમો થઈ રહ્યા છે અને વડાપ્રધાન, મુખ્યમંત્રી અને વિકાસ મહોત્સવ વગેરેના પણ કાર્યક્રમો આ બજેટમાંથી થઈ રહ્યા છે. તો અમારો સવાલ છે કે જે આદિવાસી વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે, એમને શા માટે તમે શિષ્યવૃત્તિ આપતા નથી? માટે અમે સરકારની આવી આદિવાસી વિરોધી નીતિનો વિરોધ કરી રહ્યા છીએ અને સરકારને કહેવા માંગીએ છીએ કે આ 60,000 વિદ્યાર્થીઓના ભવિષ્યનો સવાલ છે અને આ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે અમે ચેડાં નહીં થવા દઈએ. આવનારા પંદર દિવસમાં આ વિદ્યાર્થીઓના ખાતામાં સ્કોલરશીપ જમા થવી જોઈએ જો સ્કોલરશીપ જમા નહીં થાય તો 15 દિવસ પછી 9 ડિસેમ્બર વિદ્યાર્થીઓને સાથે રાખીને સચિવાલય નું ઘેરાવ કરીશું. આજે પરીક્ષા હોવા છતાં પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અમારી સાથે આવ્યા છે તો 9 તારીખે વધુ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓને સાથે રાખીને અમે સચિવાલયનો ઘેરાવ કરીશું.

સરકાર કડદાબાજ વેપારીઓના પક્ષમાં છે કે ખેડૂતોના પક્ષમાં?: સાગર રબારી

# AAP નેતા સાગર રબારીએ કડદા પ્રથા મુદ્દે જીતુ વાઘાણીને પત્ર લખ્યો

અમદાવાદ/ ગાંધીનગર તા.25



આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મહામંત્રી સાગર રબારીએ એક વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે આ કડદો છે જે બંધ જ થતો નથી. આજે હિંમતનગર એપીએમસીમાં દીપકભાઈ ચૌધરી નામના ખેડૂત પોતાની મગફળી વેચી, ત્યારબાદ વેપારીએ ગોડાઉન સુધી એમના જ ટ્રેક્ટરમાં એ મગફળી લઈ જવાની ફરજ પાડી અને ટ્રેક્ટરનું ભાડું આપવાનું ઘસીને ના પાડી દીધી. વેપારીએ કહ્યું કે અમારા ત્યાં ભાડું આપવાનો કોઈ રિવાજ નથી. ત્યારબાદ સેક્રેટરીને ફોન કરવામાં આવ્યો તો સેક્રેટરીએ કહ્યું કે એપીએમસીએ એવો ઠરાવ કર્યો છે કે "ખેડૂતે વ્યાપારીના ગોડાઉન સુધી ઉપજ પહોંચાડવી પડશે." આ તો તદ્દન ખેડૂત વિરોધી ઠરાવ થયો. એપીએમસીને આવો ઠરાવ કરવાનો અધિકાર કોણે આપ્યો? ગુજરાતના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને હું એક પત્ર લખીને કેટલાક સવાલ પૂછું છું અને જો ત્રણ દિવસમાં આનો જવાબ નથી આપવામાં આવતો તો હિંમતનગર APMC સામે ખેડૂતોને સાથે રાખીને કડદો બંધ કરાવવા માટે જબરદસ્ત અહિંસક આંદોલન કરવાની એમને ફરજ પડશે. ત્યારબાદ AAP નેતા સાગર રબારીએ કૃષિ મંત્રી જીતુ વાઘાણીને સવાલ પૂછતા જણાવ્યું હતું કે, મંત્રી જીતુભાઈ વાઘાણીને મારા સવાલ છે કે, ખેડૂત વિરોધી ઠરાવ કરનાર એપીએમસી સામે સરકાર કોઈ પગલાં ભરવા માંગે છે કે નહીં? શું એપીએમસીને આવા ઠરાવો કરવા માટે કોઈ અધિકાર એપીએમસી એક્ટમાં આપવામાં આવ્યા છે કે નહીં તે જાહેર કરો. ગુજરાતના ઘણા વેપારીઓ હજુ ખેડૂતો સાથે કડદા કરે છે તો એમની સામે સરકાર કોઈ પગલાં ભરવા માંગે છે કે કડદો કરવા માટે એમને બેફામ છૂટ આપવા માંગે છે? સરકાર એ સ્પષ્ટતા કરે. સરકાર એપીએમસીની ફરજો અને જવાબદારીઓ બાબતે કોઈ માર્ગદર્શિકા ખેડૂતોના હિતમાં જારી કરવા માંગે છે કે કેમ? ચૂંટાયેલું એપીએમસીનું બોડી શું કરી શકે અને શું ન કરી શકે એની સ્પષ્ટતા થવી જોઈએ. કારણ કે એપીએમસીના ચેરમેનો કોઈ બાદશાહ કે મહારાજા નથી કે એ જે ઈચ્છે એ ઠરાવ બોર્ડમાં પસાર કરે. છેલ્લો સવાલ એ છે કે સરકાર કડદાબાજ વેપારીઓના પક્ષમાં છે કે ખેડૂતોના પક્ષમાં? સરકાર કોના પક્ષમાં છે? બોટાદ કડદા કાંડમાં સરકારે જે રીતે પોલીસનો ઉપયોગ કરીને ખેડૂતો પર અત્યાચાર ગુજારીને જે રીતે કડદાબાજ વેપારીઓને બચાવવાની કોશિશ કરી છે અને આજ દિન સુધી સરકારે બોટાદમાં એક પણ કડદાબાજ વેપારી વિરુદ્ધ પગલાં ભર્યા નથી, ત્યારે ગુજરાતના ખેડૂતોમાં સાફ એવી છાપ પડી છે કે સરકાર કડદાબાજ વેપારીઓના પક્ષમાં છે, ખેડૂતોના પક્ષમાં નથી.

સમુદાયના સ્વાસ્થ્ય માટે મહત્ત્વનો કાર્યક્રમ

# ફુલરાના આયુષ્માન આરોગ્ય મંદિરે નિરામય દિવસની ઉજવણી





(એજન્સી) બનાસકાંઠા | તા.25

આયુષ્માન આરોગ્ય મંદિર, ફુલરા ખાતે ગ્રામ્ય સમુદાયના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપતા નિરામય દિવસની સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય સ્તરે લોકોમાં સ્વાસ્થ્ય જાગૃતિ લાવવાનો અને જીવનશૈલી સંબંધિત રોગોનું વહેલું નિદાન કરવાનો હતો. આરોગ્ય મંદિરના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) અને ફિમેલ હેલ્થ વર્કર (FHW) દ્વારા સંયુક્ત રીતે આ નિરામય દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી દરમિયાન મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી અને નીચે મુજબની સેવાઓનો લાભ લીધો હતો. લોહીમાં શર્કરાનું પ્રમાણ (બ્લડ શુગર) તપાસી તેનું વહેલું નિદાન કરવામાં આવ્યું. હાઈ અને લો બ્લડ પ્રેશરની તપાસણી કરવામાં આવી, જે હૃદય રોગનું મુખ્ય કારણ છે. તપાસણીની સાથે સાથે આરોગ્યકર્મીઓ દ્વારા ઉપસ્થિત લોકોને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા, સંતુલિત આહાર લેવા અને નિયમિત વ્યાયામ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જાહેર અને વ્યક્તિગત સ્વચ્છતા અંગે જાગૃત થવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. નિરામય દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને વિવિધ રોગોના પ્રતિકાર માટે યોગ્ય માર્ગદર્શન આપીને નિરોગી રાખવાનો છે.

# 7 માસથી ગુમ યુવકને સાપુતારા પોલીસે 24 કલાકમાં શોધી કાઢ્યો



ડાંગ | ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા જિલ્લામાંથી ગુમ/મિસીંગ થયેલ વ્યક્તિઓને પ્રોજેક્ટ મિલાપ અંતર્ગત શોધી કાઢવા સુચના આપેલ હોય જે અનુસંધાને, સાપુતારા પોલીસ સ્ટેશનનાં PIPD ગોંડલીયા તથા પો.સ્ટાફ દ્વારા સાપુતારા પોલીસ સ્ટેશન જા.જોગ.નં.૧૬/૨૦૨૫ની તા.૨૩/૧૧/ ૨૦૨૫ના રોજ દાખલ થયેલ હોય અને ગુમ થનાર સુરેશભાઇ ઝાબરૂભાઇ પવાર ઉ.વ.૨૪ ધંધો. મજુરી રહે.બીલમાળ ગામ તા. આહવા જિ.ડાંગ.નોઓ સાતેક માસ પહેલા કોઈને કાંઇ કહ્યા વગર ઘરેથી ક્યાંક નીકળી ગયેલ અને 7 માસથી ગુમ હોય, જે ગુમ થયેલ વ્યક્તિ ટેક્નીકલ/હ્યુમન સોર્સની મદદથી સુરત જિલ્લાના માંડવી પાસે આવેલ પંચવટી હોટલમાં કામ કરતો હોય જેને ફક્ત ૨૪ કલાકની અંદર શોધી કાઢ્યો છે.

જુગારના આરોપીઓ મુદ્દે ડુંગર પોલીસ સ્ટેશનમાં થઈ હતી બોલાચાલી

# 'પટ્ટા ઉતારી લઈશ': રાજુલાના MLAનો ત્રણ વર્ષ જૂનો વિડીયો ફરી વાયરલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.25



ગુજરાતના રાજકારણમાં પોલીસકર્મીઓના 'પટ્ટા ઉતારી લેવા'ના નિવેદન પર ચાલી રહેલી ચર્ચા વચ્ચે હવે અમરેલી જિલ્લામાં પણ એક જૂનો રાજકીય વીડિયો ફરીથી સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગ્યો છે. રાજુલાના ધારાસભ્યનો આ વિડીયો લગભગ ત્રણ વર્ષ જૂનો હોવા છતાં, હાલમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના નિવેદન બાદ આ વીડિયો ફરીથી ટ્રેન્ડમાં આવતા રાજકીય ગરમાવો આવ્યો છે. વાયરલ થયેલા આ વીડિયોમાં રાજુલાના ધારાસભ્ય દ્વારા ડુંગર પોલીસ સ્ટેશનના એક પોલીસ કર્મચારીને ઉદ્દેશીને 'પટ્ટા ઉતારી લઈશ' જેવા તીવ્ર શબ્દો બોલતા સ્પષ્ટપણે સાંભળી શકાય છે. આ વિવાદનું મૂળ જુગારના એક કેસમાં હતું. તે સમયે ધારાસભ્યએ પોલીસકર્મી પર જુગારના આરોપીઓ પાસેથી પૈસા માગ્યાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે યુવાનો જુગાર રમતા ઝડપાયા બાદ ધારાસભ્ય ડુંગર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ત્યાં પોલીસકર્મીઓ સાથે તેમની તીવ્ર બોલાચાલી થઈ હોવાનું વીડિયોમાં જોવા મળે છે. આ જૂનો વીડિયો હાલમાં અમરેલી જિલ્લાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ઝડપથી ફરી રહ્યો છે. વડગામ કેસની અસર વચ્ચે 'પોલીસ કર્મચારીના પટ્ટા ઉતારી લઈશ' તેવો જૂનો રાજુલાનો ટ્રેન્ડ સજીવન થવાથી રાજકીય ચર્ચાઓ ફરી તેજ બની છે. આ વીડિયો ફરી વાયરલ થતાં પોલીસ તંત્ર પર રાજકીય દબાણ અને સત્તાધારી પક્ષના નેતાઓ દ્વારા પોલીસના સન્માન વિરુદ્ધ કરાયેલા કથિત વર્તન અંગે લોકોમાં વિવિધ પ્રકારની ચર્ચાએ જોર પકડ્યું છે. પોલીસ અને રાજકારણીઓ વચ્ચેની સત્તાની ખેંચતાણમાં આવા નિવેદનોની નકારાત્મક અસર સમાજ પર પડે છે, તેવો મત રાજકીય વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

NEWS BRIEF

## રાજુલામાં જાહેરનામાનો ભંગ: ભારે વાહન ચલાવતા ડ્રાઈવર સામે પોલીસની કડક કાર્યવાહી

જાફરાબાદ | શહેરના માર્ગો પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને જાહેર સલામતી જાળવવા માટે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો ભંગ કરનાર વાહનચાલક સામે રાજુલા પોલીસે કડક કાર્યવાહી કરી છે. રાજુલા શહેરમાં ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતા જાહેરનામાનો ભંગ થતાં, પોલીસે એક આઈસરના ચાલકની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીના નં. ચિ/પલસ/વશી/૮૫૪૬-૪૫૭૫/૨૦૨૩ તારીખ ૧૦/૦૮/૨૦૨૩ના જાહેરનામા મુજબ, રાજુલા શહેરમાં સવારના ૦૮:૦૦ કલાકથી રાત્રીના ૨૧:૦૦ કલાક દરમિયાન અમુક ચોક્કસ વાહનો સિવાયના તમામ ભારે વાહનોના પ્રવેશ અને અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવેલ વાહનોમાં માત્ર સરકારી ફરજ પરના વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડના વાહનો, સ્કૂલ બસ, એસ.ટી. વિભાગના વાહનો અને પેટ્રોલ-ડીઝલના ટેન્કરોનો સમાવેશ થાય છે.




## સિંહોએ છલકાવી તિજોરી: ગિરનાર નેચર સફારીથી 5 વર્ષમાં વન વિભાગને 51 લાખની આવક

જાફરાબાદ | સમગ્ર વિશ્વમાં એશિયાઈ સિંહોના એકમાત્ર વસવાટ સ્થાન ગણાતા ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને તેની આસપાસના વિસ્તારો હવે રાજ્યના વન વિભાગ માટે **'તિજોરી છલકાવવા'**નું કામ કરી રહ્યા છે. ખાસ કરીને ગીરના ગ્રેટર ગીર લાયન હેબીટાટનો અગત્યનો ભાગ ગણાતા ગિરનાર વન્યપ્રાણી અભ્યારણ્યમાં શરૂ કરાયેલા નેચર સફારી રૂટથી છેલ્લા પાંચ વર્ષમાં જંગી આવક નોંધાઈ છે. આંકડાઓ અનુસાર, ૨૦૨૧માં સફારી શરૂ થયા બાદ અત્યાર સુધીમાં ૨૩,૨૦૮ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે, જેના થકી વન વિભાગને કુલ રૂ. ૫૧,૦૦,૨૭૫ની આવક થઈ છે. જૂનાગઢના ડીસીએફ અક્ષય જોશીએ 'સંદેશ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગિરનાર જંગલના ૧૭૮.૮૦ ચો.કિ.મી. અનામત જંગલને ૨૦૦૮માં વન્યપ્રાણી અભ્યારણ્ય જાહેર કરાયું છે. અંદાજે ૪૦ વર્ષ પહેલાં ગીરમાંથી સિંહો અહીં મુલાકાતે આવી પરત ફરતા હતા, પરંતુ ૧૯૯૫થી અહીં સિંહોએ કાયમી વસવાટ શરૂ કર્યો છે. વર્ષ ૨૦૨૫ની સિંહ ગણતરી અનુસાર, ગિરનાર અભ્યારણ્યમાં કુલ ૫૪ સિંહો વસવાટ કરે છે, જ્યારે ગ્રેટર ગીર વિસ્તારમાં કુલ ૮૯૧ સિંહો છે.



# જૂનાગઢમાં 'ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-2025' ગતિમાં: ઉત્કૃષ્ટ BLOsનું કલેક્ટર દ્વારા સન્માન

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.25

જૂનાગઢ જિલ્લામાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ અંતર્ગત મતદારયાદી સુધારણાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા દ્વારા ફોર્મ ડિજિટાઈઝેશનમાં આગવી કામગીરી કરનાર બૂથ લેવલ ઓફિસરશ્રીઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કલેક્ટરશ્રીએ તમામ BLOsની સમર્પિત મહેનતની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, જિલ્લા તંત્ર અને મેદાનમાં કાર્યરત સ્ટાફની સંકલિત કામગીરીને કારણે આ કાર્યક્રમ સકારાત્મક ગતિ સાથે આગળ વધી રહ્યો છે. કાર્યક્રમ દરમિયાન ૧૦૦ ટકા ડિજિટાઈઝેશન પૂર્ણ કરનાર BLOsનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કોઠંબા પોલીસ અને મહીસાગર જિલ્લા SOG પોલીસની સંયુક્ત કામગીરીમાં

# 37 લાખનો પોશડોડાનો વિશાળ જથ્થો ઝડપ્યો

જગદીશ ત્રિવેદી | મહીસાગર » કોઠંબા પોલીસ અને એસ ઓ જી ને આ કારમાંથી 200 થી 250 કિલો જેટલો પોસ ડોડાનો વિશાળ જથ્થો મળી આવવા પામ્યો હતો ત્યારે ઝડપી પાડવામાં આવેલ પોષ ડોડાનો એક કિલોનો ભાવ અંદાજે રૂપિયા 15,000 જેટલો થવા જાય છે ત્યારે પકડાયેલા કુલ જથ્થાની અંદાજિત કિંમત રૂપિયા 37 લાખ જેટલી થવા પામે છે .આ સ્કોર્પિયો કારમાંથી એક રિવોલ્વર તેમજ અન્ય રાજ્યની ગાડીની નંબર પ્લેટો પણ મળી આવવા પામી હોવાનું જાણવા મળે છે આ ઘટના બાબતે આણંદ ની એફએસએલ ટીમ દ્વારા સમગ્ર બાબતની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. એસ ઓ જી અને કોઠંબા પોલીસ નો કાફલો ઘટના સ્થળે પહોંચી જઈને મુદ્દા માલને કબજે કરવામાં આવ્યો હતો અને સ્કોર્પિયો ગાડીમાંથી મળી આવેલ પોશ ડોડા નું વજન પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું ત્યારે ગાડીની આગળ લગાવેલ નંબર પ્લેટ તેમજ ગાડીમાંથી મળી આવેલી અલગ રાજ્ય ની નંબર પ્લેટ ઉપર થી સ્પષ્ટ થાય છે કે આ આરોપીઓ નંબર પ્લેટો બદલીને આવી ઘટનાની અંજામ આપતા હોવાનું જણાઈ રહ્યું છે.



## ચાણસ્મા : પ્રકાશ ઈન્ડસ્ટ્રીઝમાં ગેરરીતિ પકડાતા તંત્રની લાલ આંખ

પાટણ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પાટણ તથા પુરવઠા નિરિક્ષકશ્રીઓની ટીમ દ્વારા આકસ્મિક તપાસ કરતા ચાણસ્મા જી.આઈ.ડી.સી.માં આવેલ પ્રકાશ ઈન્ડસ્ટ્રીઝમાં સ્ટોકપત્રક મુજબ ભૌતિક જથ્થાની ખારાઈ કરતા ઘઉંના જથ્થામાં ૨૯.૮૮૦ ક્વિન્ટલની વધ જણાઈ આવતા રૂ.૮૩,૬૬૪/-નો ઘઉંનો જથ્થો જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પાટણ તથા પુરવઠા નિરિક્ષકશ્રીઓ દ્વારા ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના (વેપારીઓના નિયમન કરવા બાબતના) હુકમ-૧૯૭૭ ની કંડિકા-૧૧ મુજબ સીઝ કરવામાં આવેલ હોવાનું જિલ્લા પુરવઠા અધિકારીશ્રી પાટણની અખબારયાદીમાં જણાવાયું છે.

## 6 ફૂટ સુધી પાંખોનો ઘેરાવો ધરાવતું માછીમાર મથલ ડેમમાં જોવા મળ્યું

જગદીશ દવે | શિયાળાની ઋતુ આવતા જ દેશ વિદેશના પક્ષીઓ કચ્છના મહેમાન બનતા હોય છે ત્યારે નખત્રાણા તાલુકાના મથલ ડેમ વિસ્તાર તરફ નખત્રાણા વન વિભાગના કેમેરા માં Osprey - માછીમાર પક્ષીની તસ્વીર કેદ થઈ હતી તેના વિશે માહિતગાર કરતા વન રક્ષક ધીરજભાઈ વાઘેલાએ જણાવેલ કે Osprey egle માછીમાર લગભગ એન્ટારકર્ટિકા સિવાયના તમામ ખંડોમાં જોવા મળી જાય છે તે માછલી ને પોતાનો મુખ્ય ખોરાક તરીકે ઉપયોગ લે છે હવામાં ઉડતા ઉડતા જ પાણીમાંથી માછલીને પોતાના પંજામાં પકડી ને શિકાર કરવાની એક અલગ જ આવડત ધરાવે છે. તેનો વજન 1.5 થી બે કિલો સુધીનો હોય છે તેમજ ઊડતી વખતે તેના પાંખોનો ઘેરાવો 6 ફૂટ સુધીનો થઈ જાય છે.

# જૂનાગઢમાં 1 ડિસેમ્બરે ગીતા જયંતી નિમિત્તે જિલ્લા કક્ષાનો ગીતા મહોત્સવ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.25

સમગ્ર રાજ્યમાં ભારતીય જ્ઞાન પરંપરા અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના સંવર્ધન માટે ગુજરાત સરકાર અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ચાલી રહેલા પ્રયાસો અંતર્ગત, જૂનાગઢ જિલ્લામાં ગીતા જયંતીના પાવન અવસર પર જિલ્લા કક્ષાનો ગીતા મહોત્સવ ઉજવાશે. આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાકે શ્રી સ્વામિનારાયણ જ્ઞાનબાગ ગુરૂકુલ, સાબલપુર ચોકડી, જૂનાગઢ ખાતે થનાર છે. જિલ્લા સ્તરીય આ ભવ્ય કાર્યક્રમના આયોજનની પૂર્વ તૈયારીઓના સુચારુ આયોજન માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુશ્રી લતાબેન ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે જરૂરી તમામ પાસાઓ અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.

## ગીરની સીમમાં ગફલા, વહીવટ, ભ્રષ્ટાચાર: ગેરકાયદે બાંધકામોની તપાસમાં મોટું રેકેટ

જાફરાબાદ | ગીર અને સિંહના સંરક્ષણ માટે સંવેદનશીલ ગણાતા એવા જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના જંગલની બોર્ડર પર ગેરકાયદે બાંધકામની તપાસમાં મોટો વહીવટ અને ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપોથી ખળભળાટ મચી ગયો છે. અગાઉ પણ હાઈકોર્ટની આકરી ટકોર બાદ ગેરકાયદેસર બાંધકામોને સીલ મારવામાં આવ્યા હતા, પરંતુ કોર્ટનો કે તંત્રનો કોઈ ડર ન હોય તેમ આ સીલ તોડીને ફરીથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ધમધમતી થઈ ગઈ છે. હવે ફરીવાર થયેલી તપાસમાં પણ મોટા ગફલા થયા હોવાની આશંકાએ ત્રણેય જિલ્લાની તપાસ ટીમમાં સામેલ અમુક અધિકારીઓ સામે શંકાની સોય મંડાઈ છે. તાજેતરમાં, હાઈકોર્ટના આદેશને પગલે વન અને રેવન્યુ વિભાગની સંયુક્ત ટીમ દ્વારા ગીરની બોર્ડર પર રેવન્યુ અને વન વિભાગના વિસ્તારમાં આવેલા બાંધકામ એકમો પર તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. જોકે, સૂત્રોના જણાવ્યા મુજબ, આ તપાસ દરમિયાન અમુક એકમોમાં મોટો વહીવટ થયો હોવાની ગુંજ ઉચ્ચ અધિકારીઓના ધ્યાન પર પણ આવી છે. આક્ષેપ છે કે, જેટલું ગેરકાયદેસર બાંધકામ હકીકતમાં છે, તેમાંથી માત્ર અમુક ટકા જ બાંધકામ રેકર્ડ પર દર્શાવવામાં આવ્યું છે.




## સાવજના અકુદરતી મોતનો સિલસિલો યથાવત: 8 માસનું સિંહબાળ કૂવામાં પડતાં મોત નિપજ્યું

જાફરાબાદ | અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગીર પૂર્વના કોટડા ગામે એક અત્યંત દુ:ખદ બનાવ સામે આવ્યો છે, જ્યાં માત્ર ૮ માસનું એક સિંહબાળ વાડીમાં આવેલા ખુલ્લા કૂવામાં પડી જવાને કારણે મૃત્યુ પામ્યું છે. આ બનાવ ગત બુધવારે (તા.૧૯) બન્યો હતો, પરંતુ ચાર દિવસ સુધી વન વિભાગ દ્વારા સઘન સારવાર આપવા છતાં તા.૨૨ના રોજ આંબરડી સફારી પાર્ક ખાતે તેણે છેલ્લા શ્વાસ લીધા હતા. વન વિભાગના સૂત્રો અનુસાર, કૂવામાં પડવા દરમિયાન વધુ પડતું પાણી પી જવાને કારણે સિંહબાળનું મૃત્યુ થયું હતું. કોટડા ગામે ભૂપતભાઈ સોહલિયા તેમની વાડીએ શિયાળુ પાકમાં પાણી વાળવા આવ્યા ત્યારે તેમણે વાડીના ખુલ્લા કૂવામાં સિંહબાળને પડેલું જોયું હતું. તેમણે તાત્કાલિક આ અંગે વન વિભાગને જાણ કરી હતી. જાણ થતાં જ અડધા કલાકના સમયગાળામાં આરએફઓ રફીક સીઢા સહિતની વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. વન વિભાગની ટીમે ગણતરીની મિનિટોમાં જ સિંહબાળને કૂવામાંથી સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી બહાર કાઢ્યું હતું અને તાત્કાલિક સારવાર માટે તેને આંબરડી સફારી પાર્ક ખાતે ખસેડવામાં આવ્યું હતું.

# મહીસાગરમાં પોક્સો એક્ટ અને બાળ લગ્ન વિરોધી કાયદાની સમજ અપાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.25



મહીસાગર જિલ્લામાં POCSO Act 2012, ગુડ ટચ બેડ ટચ અને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ અન્વયે જાગૃત્તિ સેમીનાર યોજાયો. મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાની શ્રી બી.આર પટેલ હાઈસ્કુલ, કોયડમ ખાતે મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત POCSO Act 2012, ગુડ ટચ બેડ ટચ અને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ અન્વયે જાગૃત્તિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ સેમિનારમાં મહિલા અને બાળ અધિકારી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલા કલ્યાણ અને સુરક્ષાને લગતી યોજનાઓ વિષે જરુરી જાણકારી ને માર્ગેદર્શન આપવામાં આવ્યુ હતું, ઉપરાંત બાળ સુરક્ષા આધિકારી દ્વારા POCSO Act 2012, બાળ અધિકારો અને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ તેમજ અન્ય ઉપસ્થિત અતિથિ સામાજિક કાર્યકર સોનલબેન પંડ્યા દ્વારા દીકરીઓએ પોતાના માટે સુરક્ષા અને સલામતી અંગે ધ્યાનમાં રાખવાની થતી મહત્વની બાબતો તેમજ PBSC કાઉન્સેલર દ્વારા દીકરીઓને ગુડ ટચ બેડ ટચ વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતું.

# "સ્પેશ્યલ કોમ્બીંગ ડ્રાઇવ" કામગીરી કરતી જામનગર જીલ્લા પોલીસ

વિશાલ જે હરવરા | જામનગર તા.25



પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગ રાજકોટ, અશોકકુમાર (IPS) નાઓએ તથા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની (IPS) નાઓએ જામનગર જીલ્લાના માથાભારે, હિસ્ટ્રીશીટ, પ્રોહીબુટલેગર્સ, જાણીતા જુગારીઓ, મિલકત સબંધી/શરીર સબંધી/ગુનાના આરોપીઓને ચેક કરવા સુચના કરેલ હોય, જેથી તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ જામ સીટી સી ડીવી પોલીસ સ્ટેશન વિસ્તારના બાવરીવાસ, હનુમાન ટેકરી, જાગુતિનગર, ગણપતનગર, વુલનમીલ ફાટક, રેલ્વે પાટા વિસ્તારમા''સ્પેશ્યલ કોમ્બીંગ ડ્રાઈવ'' દરમ્યાન નીચેની મુજબ કામગીરી કરવામા આવેલ. નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલા ના સુપરવિઝન હેઠળ, એલ.સી.બી પો.ઈન્સ વી.એમ.લગારીયા, તથા સીટી સી પો.સ્ટે. પો.ઈન્સ એન.બી.ડાભી, સીટી એ પો.સ્ટે પો.ઈન્સ. એન.એ.ચાવડા તથા સીટી બી ડીવી પો.ઈન્સ. પી.પી.ઝા, તથા બેડી મરીન પો.સ્ટેના પો.ઈન્સ. વી.બી.ચૌધરી તથા મહિલા પો.સ્ટે પો.ઈન્સ.એ.કે.પટેલ તથા એસ.ઓ.જી પો.સબ ઈન્સ તથા એલ.સી.બી. /એસ.ઓ.જી સ્ટાફ તથા ડોગસ્કોડ સાથે આ કાર્યવાહીમા પો.ઈન્સ-૦૬, પો.સબ ઈન્સ-૧૫, આશરે ૧૫૦ પોલીસ સ્ટાફ. ડોગસ્કોડ દ્વારા કાર્યવાહી કરવામા આવેલ છે.

# પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં છઠ્ઠી DRM ચેમ્પિયનશિપનું શુભારંભ

(એજન્સી) અમદાવાદ તા.25

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અમદાવાદ મંડળ સ્પોર્ટ્સ એસોસિયેશન દ્વારા આયોજિત છઠ્ઠી DRM ચેમ્પિયનશીપનો શુભારંભ 25 નવેમ્બર 2025ના રોજ સાબરમતી સ્થિત સ્પોર્ટ્સ મેદાનમાં કરવમાં આવ્યું. આ કાર્યક્રમની શરૂઆત એસોસિયેશનના અધ્યક્ષ અને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા કરવામાં આવી હતી. વર્ષ 2025-26 ની આ ચેમ્પિયનશીપમાં 10 રમતો અને કુલ 38 ઈવેન્ટ્સ શામિલ છે.

અમદાવાદ મંડળના 16 વિભાગોના લગભગ 1100-1200 કર્મચારીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે, જે તેને પશ્ચિમ રેલવેની સૌથી મોટી રમત સ્પર્ધાઓમાંની એક બનાવે છે સ્પર્ધામાં ક્રિકેટ, ફૂટબોલ, વોલીબોલ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કેરમ, શતરંજ અને ઍથ્લેટિક્સ સહિત અનેક લોકપ્રિય રમતોનો સમાવેશ થાય છે! કુલ 16 ટીમો વિવિધ વિભાગો, કારખાનાઓ, સાબરમતી સ્ટોર અને ગાંધીધામ એરિયા મેનેજરની ટીમ ભાગ લઈ રહી છે DRM ચેમ્પિયનશીપનો ઉદ્દેશ રમતભાવનાને પ્રોત્સાહિત કરવો, કર્મચારીઓમાં ટીમવર્ક વધારવું અને શારીરિક ક્ષમતા (ફિટનેસ)ને પ્રોત્સાહિત કરવાનો છે. આ આયોજન કર્મચારીઓને રમતો દ્વારા ઉત્કૃષ્ટતા હાંસલ કરવા માટે પ્રેરિત કરે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ગુલબાનુ અને તેના પ્રેમીએ ક્રૂરતાની હદ વટાવી.. હત્યા પહેલાં ત્રણ સંતાનની માતા ગુલબાનુ પ્રેમીને હોટલમાં મળી હતી

# પત્નીએ પગ પકડ્યા, પ્રેમીએ ઓશિકાથી મોં દબાવ્યું, મામાએ ફાંસો દીધો

(એજન્સી) વડોદરા | તા.25

તાંદલજામાં પાંચ દિવસ પહેલાં પતિનું મોત નીપજાવનાર પત્ની ગુલબાનુની પોલીસે પૂછપરછ કરતાં તેણે પોપટની જેમ પતિ ઈર્શાદની હત્યાની કબૂલાત કરી લીધી હતી. જેથી પોલીસે તેને મદદ કરનાર પ્રેમી અને પ્રેમીના મામાની તપાસ હાથ ધરી છે.તાંદલજાના ચોતરાવાળા ફળિયામાં રહેતા ત્રણ સંતાનના પિતા ઈર્શાદ અબ્દુલ કરીમ બંજારાનું ગઇ તા.૧૮મીની મધરાતે મોત નીપજતાં પત્ની ગુલબાનુએ સગાં સંબધીઓને જાણ કરી હાર્ટએટેકથી મૃત્યુ થયું હોવાનું જાહેર કર્યું હતું.પરંતુ તેની હરકતો શંકાસ્પદ લાગતાં મૃતકના ભાઇ ઈમ્તિયાજે જે પી રોડના પીઆઇ એનજે સોહાગિયાને જાણ કરી હતી.

પોલીસે પાંચ દિવસ બાદ કબરમાંથી ઈર્શાદનો મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ કરાવતાં ગળે ટૂંપો અને માથે ઈજાને કારણે મોત નીપજ્યું હોવાની વિગતો




ખૂલી હતી. જેથી ડીસીપી મંજીતા વણઝારા સહિતના અધિકારીઓએ ઈર્શાદની પત્ની ગુલબાનુની પૂછપરછ કરતાં તે પડી ભાંગી હતી.

ગુલબાનુએ તેના પ્રેમી તૌસિફ સાથે પ્લાન બનાવ્યો હતો.રાતે પતિને ઘેનયુક્ત દૂધ પીવડાવતાં તે નીચે ચટાઇ પર સૂતો હતો. ગુલબાનુએ વોટ્સએપ કોલ કરી તૌસિફ અને તેના મામા મહેતાબને બોલાવ્યા હતા. ગુલબાનુએ ઈર્શાદના પગ પકડી રાખ્યા હતા. જ્યારે તૌસિફે મોંઢે ઓશિકું દબાવી દીધું હતું.તેના મામાએ દુપટ્ટો ગળામાં નાંખી ફાંસો આપ્યો હતો.ઈર્શાદે તરફડિયાં મારતાં તૌસિફે જોરથી તેનું માથું પછાડયું હતું.ઈર્શાદ શાંત થઇ જતાં હત્યારા મામા-ભાણેજ રવાના થઇ ગયા હતા.જેથી બંનેને પકડવા પોલીસની ટીમો મુંબઇ જનાર છે.

પતિને મોતને ઘાટ ઉતારવા માટે ગુલબાનુ અને તેનો પ્રેમી તૌસિફે કેવી રીતે પ્લાન બનાવ્યો તેની માહિતી પોલીસને મળી છે.ગુલબાનુએ કબૂલ્યું હતું કે,તા.૧૮મીએ તૌસિફ વડોદરા આવ્યો હતો અને અકોટાની મિલન હોટલમાં રોકાયો હતો,જ્યાં હું તેને મળવા ગઇ હતી.તૌસિફે મને ઊંઘની ગોળીઓ આપી હતી અને રાતે પતિને ગોળીઓ આપ્યા બાદ વોટ્સએપ કોલ કરવા કહ્યું હતું.પોલીસે કહ્યું છે કે,ગુલબાનુએ તેના પતિને રાતે દસેક વાગે ગોળીઓ મિશ્રણ કરેલું દૂધ પીવડાવ્યું હતું અને તૌસિફને વોટ્સએપ કોલ કરતાં તે રાતે એકાદ વાગે તેના મામા સાથે આવી ગયો હતો.

પતિની ઘાતકી હત્યા કરવાના બનાવ અંગે ડીસીપીએ એકપછીએક પુરાવા એકત્રિત કરવા માટે પોલીસની ટીમો કામે લગાવી છે.આ ગુનામાં ફોરેન્સિકનો રિપોર્ટ મહત્વનો છે.આ ઉપરાંત અકોટાની હોટલ તેમજ તૌસિફ તાંદલજા આવ્યો તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવવા પોલીસની ટીમો દોડધામ કરી રહી છે.પોલીસ વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ,તાંદલજાના ઘાતકી હત્યા કેસમાં પોલીસ દ્વારા ગુલબાનુના ફોનની ડીટેલ મેળવવામાં આવનાર છે.આ ઉપરાંત તૌસિફ પકડાય તો તેનો ફોન પણ પોલીસ માટે મહત્વનો સાબિત થશે.પોલીસ મોબાઈલની કોલ્સ ડીટેલ ઉપરાંત બંને પ્રેમી વચ્ચે થયેલી ચેટ માટે ફોરેન્સિક નિષ્ણાંતોની મદદ લેશે.

# આર્ટસ ફેકલ્ટીના હિન્દુ સ્ટડીઝના કોર્સ માટે ક્લાસરુમના પણ ફાંફાં




વડોદરાઃ એમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં જોર શોરથી શરુ કરવામાં આવેલા હિન્દુ સ્ટડીઝના ડિગ્રી કોર્સમાં ભણતા વિદ્યાર્થીઓ માટે વર્ગોના પણ ફાંફા પડી રહ્યા છે.મળતી વિગતો પ્રમાણે ચાર વર્ષ પહેલા આ કોર્સને લોન્ચ કરવામાં આવ્યો હતો અને નવી શિક્ષણ નીતિને અનુરુપ કોર્સ હોવાનો જોરશોરથી પ્રચાર કરવામાં આવ્યો હતો.આર્ટસ ફેકલ્ટીનો આ કોર્સ હોવા છતા તેના વર્ગો સંસ્કૃત મહાવિદ્યાલયમાં ચલાવવામાં આવે છે. મહાવિદ્યાલયમાં પરીક્ષા કે બીજા કારણસર છાશવારે આ કોર્સ માટે વર્ગો ફાળવવાનો ઈનકાર કરી દેવાય છે અને તેના કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલી વેઠવી પડે છે. આજે વિદ્યાર્થીઓએ આ મુદ્દે હેડ ઓફિસ ખાતે ફરિયાદ કરી હતી.વિદ્યાર્થીઓનું કહેવું હતું કે, કોર્સના લેકચર પણ અનિયમિત રીતે લેવાય છે.ક્યારેક અધ્યાપકો આવતા જ નથી.જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર થઈ રહી છે.બીજી તરફ સૂત્રોનું કહેવું છે કે, કોર્સ માટે ચાર જ અધ્યાપક છે.ઉપરાંત તેમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટી રહી છે.આ વર્ષે તો એફવાયમાં દસ કરતા પણ ઓછા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે.

## News Brief

### દેવુ થઇ જતાં પોતાની જ દુકાનમાં બાકોરું પાડીને શખ્સે પાસેની 2 દુકાનમાંથી ચોરી કરી

સુરત : જેના પગલે તેની ચોરીના કિસ્સાઓ ખુલાસામાં આવ્યા છે.સુરત શહેરમાં ફિલ્મી સ્ટાઈલથી કરાયેલી ચોરીનો પર્દાફાશ થયો છે. અમદાવાદમાં વાહન ચેકિંગ દરમિયાન એક ચોર પોલીસની જાળમાં ફસાયો, જેના પગલે તેની ચોરીના કિસ્સાઓ ખુલાસામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ સુરત-પુણા વિસ્તારમાં બે દુકાનોમાં ચોરી કરવા માટે પોતાની ફિલ્મી સ્ટાઈલની યોજનાઓ બનાવી હતી. તેણે પોતાની જ દુકાનની દીવાલમાં બાકોરું પાડી, સાવચેતીપૂર્વક લાખસીંગે ચોરીનો પ્લાન અમલમાં લાવ્યો હતો. તેણે ભાવના જ્વેલર્સ સહિત 2 દુકાનોમાંથી ચોરી કરી હતી

### વીજવાયર ચોરતી ગેંગ સક્રિય, પોલીસે એક યુવાનને ઝડપી પાડ્યો

સુરત : માંગરોળ તાલુકાના આંકડોત, સિમોદ્રા સહિત અન્ય વિસ્તારોમાં વીજ વાયરોની ચોરી થઈ હોવાના કિસ્સા સામે આવ્યા હતા. હવે આ ચોર ગેંગે કામરેજ તાલુકાને નિશાન બનાવ્યું છે.સુરત જિલ્લામાં શિયાળાની શરૂઆત થતાં જ ખેતીવાડી વિસ્તારોને નિશાન બનાવતી વીજવાયરોની ચોરી કરતી ગેંગ સક્રિય થઈ ગઈ છે. તસ્કરો દ્વારા ખેતરોમાં નાખવામાં આવેલી એગ્રિકલ્ચરલ (ખેતીવાડી) લાઈનોના વાયરો કાપીને ફરાર થવાની ઘટનાઓ વધી રહી છે, જેના કારણે ખેડૂતો અને વીજ કંપની બંને મુશ્કેલીમાં મુકાયા છે.અગાઉ માંગરોળ તાલુકાના આંકડોત, સિમોદ્રા સહિત અન્ય વિસ્તારોમાં વીજ વાયરોની ચોરી થઈ હોવાના કિસ્સા સામે આવ્યા હતા.

## પેશન્ટને મુકવા આવેલા રિકશા ચાલકે અડપલા કર્યા હતા

# લીફ્ટમાં સગીરાની છેડતી કરનારા આરોપીનેપાંચવર્ષનીસજાનોઆદેશ

(એજન્સી) વડોદરા | તા.25

જવાહરનગર વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાં રહેતી ૯ વર્ષની સગીરા ટયુશન ક્લાક પુરા થતાં તેના નાના ભાઈ સાથે ઘરે પરત જઇ રહી હતી ત્યારે લીફ્ટમાં હાજર એક રિકશા ચાલક શખ્સે સગીરા સાથે શારિરીક અડપલા કર્યા હતા અને ત્યાર બાદ આ શખ્સ ફરાર થઇ ગયો હતો. આ અંગેનો કેસ અદાલતમાં ચાલી જતા ન્યાયાધીશે આરોપીને પોક્સો સહિતની કલમ હેઠળ કસુરદાર ઠેરવી પાંચ વર્ષની સજા તેમજ રૂા.૫ હજારનો દંડ ફટકાર્યો હતો.

કેસની વિગત એવી છે કે, ફ્લેટમાં રહેતી ૯ વર્ષની સગીરા તા.૨૭ નવેમ્બર ૨૦૨૧ના રોજ તેના નાના ભાઈની સાથે ટયુશન ક્લાકમાં ગઇ હતી અને રાત્રે તે ચોથા માળે આવેલા તેના ફ્લેટમાં લીફ્ટમાં બેસી પરત જઇ રહી હતી ત્યારે એક શખ્સ લીફ્ટમાં આવ્યો હતો. આ શખ્સે સગીરાને ક્યાં માળે જવું છે તેમ કહેતા સગીરાએ ચોથા માળે જવુ છે તેમ કહેતા આ શખ્સે લીફ્ટના તમામ બટન દબાવ્યા હતા અને ત્યાર બાદ તેણે સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા.

આ શખ્સની હરકતથી સગીરા ગભરાઇ ગઇ હતી અને તે રડવા લાગતા આ શખ્સ ફરાર થઇ ગયો હતો. કિશોરીએ તેની માતાને વાત કરતા પરિવારના સભ્યો નીચે દોડી ગયા હતા અને રિકશા ચાલકને ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન આરોપી કલ્પેશ સુરેશભાઇ (રહે.રણોલીગામ)એ જણાવ્યં હતુ કે, ફ્લેટમાં રહેતી એક મહિલાને તે સારવાર માટે હોસ્પિટલ લઇ ગયો હતો અને છુટ્ટા પૈસા ન હોવાથી તે પૈસા લેવા માટે ફ્લેટમાં આવ્યો હતો. આ અંગેનો કેસ કોર્ટમાં ચાલી જતા તેમાં સરકારી વકીલ એચ.આર.જોષીએ દલીલો કરી હતી. ન્યાયાધીશે આરોપીને પાંચ વર્ષની સજાનો આદેશ કર્યો હતો.

### સુરતમાં સુરભિ ડેરીના સંચાલકની ધરપકડ, દરરોજ 1000 કિલો નકલી પનીર બનાવીને વેચાતુ

સુરત : સુરતમાં પહેલીવાર પનીરના નમૂના ફેલ થવા બદલ કોઈ ડેરી માલિક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, સુરભિ ડેરીમાંથી લેવાયેલા પનીરના નમૂના ફૂડ સેફ્ટીના ધોરણોમાં નિષ્ફળ થતાં, એસ.ઓ.જી. (SOG) પોલીસે ખટોદરા પોલીસ મથકમાં સુરભિ ડેરીના માલિક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.મળતી માહિતી મુજબ, સુરતમાં પનીરના નમૂના ફેલ થતાં કોઈ ડેરી માલિક વિરુદ્ધ ગુનો નોંધાયો છે. સુરભિ ડેરીમાંથી લેવાયેલા પનીરના નમૂના ફેલ થતાં એસ.ઓ.જી. પોલીસે ખટોદરા પોલીસ મથકમાં સુરભિ ડેરીના માલિક વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. આ મામલે પોલીસે 754 કિલો જેટલું નકલી પનીર પણ જપ્ત કર્યું હતું, જે અલગ-અલગ હોટલો અને લારીઓ પર સસ્તા ભાવે વેચાણમાં આવતું હતું.

# પાદરા તાલુકાની સીમમાં કંપનીમાંથી રૂ.૭૪.૨૨ લાખ કિંમતના કેમિકલ પાવડરના ડ્રમની ચોરી



પાદરા તા.૨૪ વડોદરા જિલ્લામાં પાદરા તાલુકાના કરખડી ગામની સીમમાં આવેલી અમી લાઈફ સાયન્સ કંપનીમાંથી પાણા કરોડ રૂપિયાનું કિંમતી ૫% રોડિયમ ઓન કાર્બન (કેટાલિસ્ટ) પદાર્થની ચોરી થઇ છે. કંપનીમાં કોન્ટ્રાક્ટ લેબર તરીકે કામ કરતા એક કર્મચારી દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હોવાનું કંપની તપાસમાં બહાર આવ્યું છે.કંપનીમાં પ્લાન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા કિશોરભાઇ ગોવિંદભાઇ રામાણીએ વડુ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તા.૧૪ના રોજ વહેલી સવારના પ્લાન્ટ નં.૬ માં રાખેલા ૫% રોડિયમ ઓન કાર્બન પાવડરનું કુલ ૨૦ કિલો વજનનું ૧ ડ્રમ ગાયબ હોવાનું જણાયું હતું. આ મટિરિયલનું ડ્રાય વજન ૯.૨૨૧ કિલો છે, જેની બજાર કિંમત પ્રતિ કિલો રૂ.૮.૦૫ લાખ મુજબ કુલ રૂ.૭૪.૨૨ લાખ થાય છે. કંપનીના અધિકારીઓએ સીસીટીવી ફૂટેજ તપાસતાં જાણવા મળ્યું હતું કે કંપનીમાં કોન્ટ્રાક્ટમાં કામ કરતો લેબર રાહુલ સુરેશભાઇ રાજપુત, જેની સેવા કંપનીએ એક દિવસ પૂર્વે બંધ કરી હતી, તે તા.૧૪મી નવેમ્બરની વહેલી સવારે કંપનીમાં ઘૂસ્યો હતો. તેણે પ્લાન્ટ-૬માંથી ડ્રમ ઊંચકીને નાના દરવાજા દ્વારા બહાર કાઢ્યું હતું. સીસીટીવીમાં રાહુલને બહાર નીકળતી વખતે એક બીજા અજાણ્યા ઈસમ સાથે મળીને ડ્રમ લઈ જતો સ્પષ્ટ દેખાયો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે રાહુલ ઉપરાંત તેની સાથે રહેતા વધુ ૭ જેટલા લેબર ગંગારામ શિવરામ રાજપૂત, વિપીન રામમત રાજપૂત, રાહુલ ઉપેન્દ્ર રાજપૂત, દીપક બ્રીજગોપાલ રાજપૂત, અંકિત રામમુત રાજપૂત, અરવિંદ સુરેન્દ્ર રાજપૂત ઘટના બાદથી નોકરી પર આવતા બંધ થઈ ગયા છે. આ તમામ લેબર કરખડી ગામની સીમમાં ફિલોડીન કંપની સામે ગિરીશભાઇ પટેલની ઓરડીઓમાં રહેતા હતા. ઘટના બાદ તમામ લોકો અચાનક ગાયબ થઈ ગયા હોવાથી તેઓ પર શંકા દ્રઢ બની છે.

## આર્ટસમાં પહેલી વખત ૯૦૦ વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ કરશે




વડોદરાઃ એમ.એસ. યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓ પહેલી વખત ઈન્ટર્નશિપ કરશે.નવી શિક્ષણ નીતિમાં ઈન્ટર્નશિપ ફરજિયાત હોવાથી ફેકલ્ટી સત્તાધીશોએ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ કરાવવા માટેનું આયોજન શરુ કરી દીધું છે.જેના ભાગરુપે આજે ફેકલ્ટીમાં એક બેઠક યોજાઈ હતી.ફેકલ્ટી ડીન પ્રો.કલ્પના ગવલીએ એક વાતચીતમાં કહ્યું હતુ કે, નવી શિક્ષણ નીતિ હેઠળ પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ હવે ત્રીજા વર્ષમાં છે અને નવી શિક્ષણ નીતિ હેઠળ તેમને ૧૨૦ કલાકની ઈન્ટર્નશિપ છઠ્ઠા સેમેસ્ટરમાં કરવાની રહેશે. અન્ય ફેકલ્ટીઓમાં વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ કરતા હોય છે પણ આર્ટસમાં ટીવાયમાં ભણતા ૯૦૦ વિદ્યાર્થીઓ પહેલી વખત ઈન્ટર્નશિપ કરશે.આ માટે કેટલીક કંપનીઓ અને ઉન્નત ભારત અભિયાન હેઠળ એનજીઓ સાથે વાતચીત ચાલી રહી છે.

તેમણે કહ્યું હતું કે, આર્ટસ ફેકલ્ટીમાં ૧૬ વિભાગોના હેડ સાથે બેઠક યોજાઈ ગઈ છે અને તા.૨ ડિસેમ્બરના રોજ ઈન્ટર્નશિપ માટે વિદ્યાર્થીઓનું ઓરિએન્ટેશન રાખવામાં આવ્યું છે.જેમાં તેમને આ બાબતની જાણકારી આપવામાં આવશે.

### રોકડા, મોબાઈલ ફોન સહિત ૧.03 લાખનો મુદ્દામાલ કબજે

## વારસિયામાં જુગાર રમતી ૧૫ મહિલાઓ ઝડપાઇ

વડોદરા,વારસિયામાં જુગાર રમતી ૧૫ મહિલાઓને પોલીસે ઝડપી પાડી ગુનો દાખલ કરી એક લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો છે.વારસિયા સિન્ધુ પાર્ક સોસાયટીમાં જુગારધામ ચાલતું હોવાની માહિતી વારસિયા પોલીસને મળી હતી. પોલીસે ઉપરોક્ત સ્થળે મહિલા સ્ટાફને હાજર રાખી રેડ કરતા ૧૫ મહિલાઓ જુગાર રમતી ઝડપાઇ ગઇ હતી. પોલીસે રોકડા ૨૭,૫૫૦, ૧૩ મોબાઇલ કબજે કર્યા છે.પકડાયેલી મહિલાઓમાં (૧) નીકીબેન હરેશકુમાર મનવાણી (રહે. સિન્ધુ પાર્ક સોસાયટી) (૨) રાજકુમારી વિષ્ણુભાઇ ઝાઝાની (રહે. જે.પી. ફ્લેટ, વારસિયા) (૩) ચંદાબેન પ્રકાશભાઇ ટોચવાની (રહે.વાસવાણી કોલોની, વારસિયા) (૪) હેમાબેન દિલીપભાઇ ચિમનાની (રહે. જૂના આર.ટી.ઓ. સામે, વારસિયા) (૫) રોશની કુમારભાઇ સચદેવ (રહે. હરિધામ સોસાયટી, ખોડિયાર નગર) (૬) વિનાબેન ઓમપ્રકાશ સલુજા (રહે. ગીતા મંદિર સોસાયટી ઠેકરનાથ મંદિર પાસે) (૭) રાશી મનિષકુમાર તોલાણી (રહે. એસ.કે.કોલોની, વારસિયા) (૮) રેખા નરેન્દ્રભાઇ નાનકાણી (રહે. વારસિયા કોટ વિસ્તાર) (૯) નિશા હરિકિશનભાઇ વસનાની (રહે. પામકોર કોમ્પલેક્સ, પ્રતાપ નગર) (૧૦) ચંપાબેન પ્રકાશભાઇ હરચંદાની (રહે.દાદા શ્યામ ફ્લેટ, વારસિયા) (૧૧) રેશ્માબેન રાજેશભાઇ પુરુષવાણી (રહે. હરિહર એપાર્ટમેન્ટ, વારસિયા) (૧૨) રૂકમણીબેન કુંદનલાલ વાકવાની (રહે. કમલ પાર્ક સોસાયટી, વારસિયા) (૧૩) લતા સુભાષભાઇ લાલવાની (રહે. હરિહર એપાર્ટમેન્ટ) (૧૪) કોમલબેન ગુલાબભાઇ નાગપાલ (રહે. દાજી નગર, વારસિયા) તથા (૧૫) ચાંદની નરેશકુમાર મલાની (રહે. એસ.કે.કોલોની, વારસિયા) નો સમાવેશ થાય છે.

### વોલીબોલ રમતાં રમતાં ઢળી પડેલા ધો. 12ના વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મોત

રાજકોટ : રાજકોટમાં યુવાનોમાં હાર્ટ એટેકના વધતા જતા બનાવોએ વધુ એક આશાસ્પદ જિંદગી છીનવી લીધી છે. શહેરના કાલાવડ રોડ પર રહેતા અને ધોરણ 12માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીનું રવિવારે સ્કૂલમાં વોલીબોલ રમતી વખતે અચાનક ઢળી પડવાથી કરુણ મોત નીપજ્યું છે. પ્રાથમિક તારણમાં હાર્ટ એટેકને કારણે મૃત્યુ થયું હોવાનું મનાય છે. આ ઘટનાને પગલે વિદ્યાર્થી આલમ અને પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટના કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલની પાછળ આવેલા 'સેલેનિયમ હેરીટેજ' બિલ્ડિંગમાં રહેતા આદિત્ય આકાશભાઈ વાછાણી (ઉં.વ. 18) શહેરના આકાશવાણી ચોક નજીક આવેલી એસએનકે સ્કૂલમાં ધોરણ 12માં અભ્યાસ કરતો હતો. રવિવારે (24 નવેમ્બર) રજા હોવાથી આદિત્ય પોતાના મિત્રો સાથે સ્કૂલના ગ્રાઉન્ડમાં વોલીબોલ રમવા ગયો હતો. રમત ચાલુ હતી ત્યારે અચાનક આદિત્ય બેભાન થઈને જમીન પર ઢળી પડ્યો હતો.હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ શ્વાસ થંભી ગયા આદિત્ય અચાનક ઢળી પડતા તેના મિત્રો અને સ્કૂલનો સ્ટાફ ગભરાઈ ગયો હતો.

## વડોદરામાં તરસાલીના વેપારી સાથે રૂ.11.49 લાખની ઠગાઈ મંગલદીપ ઇન્ડસ્ટ્રીઝના પિતા-પુત્ર સામે ગુનો નોંધાયો

વડોદરા : વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં ફેબ્રિકેશન સામાનના વેપારી ચિરાગકુમાર ઠક્કરે મંગલદીપ ઈન્ડસ્ટ્રીઝના માલિક દુર્ગેશ ભુરા પરિહાર અને તેમના પુત્ર ભાવેશ પરિહાર સામે રૂ.11.49 લાખની ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. વેપારી તરસાલી બાયપાસ પાસે લાવણ્યા એન્જિનિયર્સ કંપની નામે વેલ્ડીંગ રોડ, વાયર, કન્ઝ્યુમેબલ અને એસેસરીઝનો વેપાર કરે છે. તેમની ફરિયાદ પ્રમાણે, વાઘોડિયા GIDC પ્લોટ નંબર 188/A ખાતે આવેલી મંગલદીપ ઈન્ડસ્ટ્રીઝ સાથે વર્ષ 2021-22 દરમિયાન ધંધાકીય વ્યવહારમાં પિતા-પુત્રએ આપેલા ઓર્ડર મુજબ સામાન સપ્લાય કર્યો હતો. આ સમયગાળાના કુલ 32 બિલોનું રૂ.11,49,201 પેમેન્ટ પેન્ડિંગ હોવા છતાં વારંવાર ઉઘરાણી બાદ પણ રકમ ચૂકવાઈ નહોતી. બિલની ચુકવણી માટે પરિહારે ડેકલેરેશન આપ્યું હતું અને રૂ.11.49 લાખનો ચેક આપ્યો હતો, પરંતુ બેંકમાં જમા કરતા ચેક રિટર્ન થયો હતો. ફરિયાદ મુજબ, ઓર્ડરથી લીધેલો વેલ્ડીંગનો સામાન પિતા-પુત્રે અન્ય કંપનીને વેચી નાખ્યો હતો અને કંપનીનું બેંક એકાઉન્ટ બંધ હોવા છતાં ચેક આપ્યો હતો. કપુરાઈ પોલીસે ફરિયાદના આધારે દુર્ગેશ પરિહાર અને ભાવેશ પરિહાર સામે વિશ્વાસઘાત સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## સરકારી સહાયના બહાને વૃધ્ધાઓ સાથે ઠગાઇ

વડોદરાઃ સરકારી લાભો અપાવવાના બહાને સાવલીમાં બે વૃધ્ધાઓ પાસેથી રોકડ તેમજ દાગીના તફડાવી ગઠિયાઓ ફરાર થઇ ગયા હતા. પોલીસે વૃધ્ધાને ટાર્ગેટ કરતા ત્રણ ગઠિયાની ધરપકડ કરી છે. સાવલી તાલુકાના સામંતપુરા ગામમાં રહેતા કાંતાબેન રસિકભાઇ ગોહિલે સાવલી પોલીસમાં બે અજાણ્યા યુવાનો સામે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તા.૫ જુલાઇના રોજ હું શાકભાજી લેવા માટે ગોઠડા તરફ ચાલતી જતી હતી ત્યારે બાઇક પર આવેલા બે યુવાનોએ વિશ્વાસમાં લઇ બાઇક પર બેસાડી હતી અને અમો બેન્કોમાં સરકારી કામો કરીએ છીએ, ઉંમરલાયક માણસોને સરકારી લાભો અપાવીએ છીએ તેમ કહી સાવલી સેવાસદન પાસે લઇ ગયા હતાં. ત્યાં એક છાપરા નીચે બેસાડી અંગુઠો તેમજ ફોટો લીધા બાદ એક ગઠિયાએ ફોન પર મારા પુત્ર સાથે વાત કરાવી હતી તે મુજબ મેં પાયલ, બુટ્ટી અને રોકડ મળી કુલ રૂા.૧૪૫૦૦ની મતા આપી દીધા હતાં. બાદમાં ગઠિયાઓ તમારા બાબાને પૈસા લેવા મોકલી આપજો તેમ કહી તેઓ જતા રહ્યા હતાં. જો કે બાદમાં ખબર પડી હતી કે ફોન પર મારા બાબાની સાથે નહી પરંતુ અન્ય સાથે વાત કરી હતી.અન્ય બનાવમાં રુપણકુઇ ગામના ૬૦ વર્ષના સૂરજબેન ભગવાનભાઇ ભોઇ જાન્યુઆરી માસના પ્રારંભમાં સાવલીની બેન્ક ઓફ ઈન્ડિયામાંથી રૂપિયા ઉપાડી બહાર નીકળ્યા હતા ત્યારે એક શખ્સે આવીને હું તાલુકા પંચાયતનો સાહેબ છું, તમારા જેવી ઉંમરલાયક મહિલાઓને સરકારી લાભો અપાવવાનું કામ કરું છું તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો અને બેંકમાંથી ઉપાડેલી રકમ રૂા.૧૭ હજારના ડબલ કરી આપવા માટે બેંકના એટીએમ પાસે લઇ ગયો હતો. વૃધ્ધા પાસેથી પૈસા લીધા બાદ એટીએમ મશીન પાસે જઇને પરત આવીને એક પાવતી આપી બેંકમાંથી તમને ડબલ રૂપિયા મળશે તેમ કહ્યું હતું. વૃધ્ધા બેંકમાં ગઇ તો પાવતી બોગસ હોવાનું જણાયું હતું.

## ચૂંટણીપંચના સર્વરમાં મુશ્કેલી

# બીએલઓની એપમાં ઓટીપી જ નહી મળતા વિગતો અપલોડ ના થઇ શકી



વડોદરા : મતદારયાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ પ્રક્રિયામાં બીએલઓની મહત્વની કામગીરી છે પરંતુ બીએલઓ માટે ફોર્મની વિગતો અપલોડ કરવા માટે મોબાઈલમાં આજે ઓટીપી મળવામાં મુશ્કેલી થવાની બૂમો ઉઠી હતી. સમયમર્યાદામાં કામ કરવાના દબાણ વચ્ચે ચૂંટણીપંચ દ્વારા જ મુશ્કેલી સર્જાતા બીએલઓ ટેન્શનમાં આવી જાય છે.

ઉલ્લેખનીય છે કે એક બીએલઓ પાસે આશરે અઢીથી ત્રણ હજાર જેટલા ફોર્મ હોય છે. ફોર્મની વિગતો પરત આવે એટલે બીએલઓ દ્વારા પોતાના મોબાઈલમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલી બીએલઓ માટેની એપમાં વિગતો અપલોડ કરવાની હોય છે. આ પ્રક્રિયા શરૂ કરવા માટે એપમાં અંદર જવા માટે એક ઓટીપી મળતો હોય છે. આ ઓટીપી જનરેટ કરતા એપ ઓપન થાય છે અને બાદમાં મતદારોની વિગતો તેમાં ભરી શકાય છે.

આજે સવારથી જ બીએલઓ પોતાના મોબાઈલમાં એપ ઓપન કરવા મથી રહ્યા હતા પરંતુ ઓટીપી મળતો જ ન હતો જેના કારણે બીએલઓ દ્વારા મતદારોની વિગતો અપલોડ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. મહત્વની બાબત એ છે કે એક બીએલઓ માત્ર એક જ મોબાઈલમાં એપ ઈન્સ્ટોલ કરી શકે છે પરંતુ જો સહાયક બીએલઓને પણ આ સુવિધા મળે તો વધારે ઓટીપીથી કામ ઝડપી બને તેવી માગણી પણ બીએલઓ દ્વારા કરવામાં આવી રહી છે.

આજે ચૂંટણી પંચના સર્વરમાં ખામી સર્જાતા બીએલઓને ઓટીપી મળતા જ ન હતા જેના કારણે વિગતો અપલોડ કરવામાં હેરાનગતિ થતી હતી. માંડ એકાદ ફોર્મ ભરાય તો તુરંત જ બહાર આવી જવાતું હતું અને ફરીથી ઓટીપીની મથામણ થતી હતી જેના કારણે સમયમર્યાદામાં કામ કરવા ઈચ્છતા બીએલઓ પોતાનું કામ યોગ્ય સમયમાં પૂર્ણ કરી શકતા ન હતાં. એક તો ઉપરી અધિકારીઓનું દબાણ અને ચૂંટણીપંચની વેબસાઈટના સર્વરમાં ખામીના કારણે બીએલઓની હાલત કફોડી થઈ ગઈ છે.

### ડુપ્લિકેટ સોનું | તાંબા-પિત્તળના સોનાના વરખવાળા 3 કિલો જેટલા બિસ્કિટ મળી આવ્યા

# કર્ણાટકના વેપારી સાથે 4.92ની ઠગાઇ કરનાર ઈલિયાસના ભાઇને ત્યાંથી 3 કિલો ડુપ્લિકેટ સોનું અને ચિલ્ડ્રન કરન્સી મળ્યા

વડોદરાઃ સસ્તુ સોનું અને ૧૦ કરોડની લોન આપવાના બહાને કર્ણાટકના વેપારી સાથે રૂ.૪.૯૨ કરોડની ઠગાઈના બનેલા બનાવમાં પીસીબી સહિતની ટીમોએ આજે સૂત્રધાર રાજવીર ઉર્ફે ઈલિયાસના ભાઈના તાંદલજાના ફ્લેટમાં દરોડો પાડી ડુપ્લિકેટ સોનોનો જથ્થો ઝડપી પાડયો છે.કર્ણાટકના વેપારી મંજુ આર.રવિ સાથે પરિચય થયા બાદ વડોદરાના મુજમહુડા વિસ્તારમાં સિગ્નેટ હબ ખાતે ઓફિસ ધરાવતા વિશાલ બારડ,નયના મહિડા અને એટલાન્ટિસ બિલ્ડિંગમાં રાધે ફાઈનાન્સ એન્ડ ઈમ્પોર્ટ એક્સપોર્ટની ઓફિસ ધરાવતા રાજવીર પરીખ ઉર્ફે ઈલિયાસ અજમેરીએ રૂ.૪.૯૨ કરોડ પડાવી લીધા હતા.વેપારીને ત્રણ કિલો સોનાની સેફ ડિલિવરી કરાવી આપવાના નામે કારમાં મહારાષ્ટ્ર લઇ ગયા હતા અને ટોલ નાકા પાસે ડુપ્લિકેટ પોલીસે તેમને અટકાવી કેસ કરવાનો ખેલ કરીને વેપારીને કારમાંથી ઉતારી દીધા હતા.ત્યારબાદ સોનુ કે ૧૦ કરોડની લોન નહિ મળતાં વેપારીએ જે પી રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે તાંદલજામાં ઈલિયાસના ભાઈ ઈદ્રિશના ફ્લેટમાં દરોડો પાડતાં ૧૦૦-૧૦૦ ગ્રામના તાંબા-પિત્તળના સોનાના વરખવાળા ૩ કિલો જેટલા બિસ્કિટ મળી આવ્યા હતા.આ બિસ્કિટ ભાવેશ મુકી ગયો હોવાની માહિતી બહાર આવી છે.જેથી પોલીસે ઈદ્રિશની અટકાયત કરી છે.ઈદ્રિશના ફ્લેટમાંથી ચિલ્ડ્રન બેન્કની 1.50 કરોડની કરન્સી મળતાં પોલીસ ચોંકીકર્ણાટકના વેપારી સાથે 4.92ની ઠગાઈ કરનાર ઈલિયાસના ભાઈને ત્યાંથી 3 કિલો ડુપ્લિકેટ સોનું અને ચિલ્ડ્રન કરન્સી મળ્યા. તાંદલજામાં રહેતા ઈદ્રિશના ફ્લેટમાં પોલીસે દરોડો પાડતાં ચિલ્ડ્રન બેન્કની કરન્સી પણ મળી આવી હતી.પીસીબીના પીઆઈ એ કહ્યું હતું કે,જે પી રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના અંગે અમને માહિતી મળતાં ઈદ્રિશને ત્યાં તપાસ કરી હતી.જે દરમિયાન ચિલ્ડ્રન બેન્ક ઓફ ઈન્ડિયાની રૂ.દોઢ કરોડની કરન્સી પણ મળી આવી હતી. આ કરન્સી કોણ લાવ્યું હતું અને કોઈને ફસાવ્યા છે કે કેમ તે મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે.

## યુનિ.સિક્યુરિટી એજન્સીમાં કામ કરતા કર્મચારીઓના પગારમાં ધાંધિયા

વડોદરાઃ એમ.એસ. યુનિવર્સિટીમાં ફરજ બજાવતા સિક્યુરિટી એજન્સીના કર્મચારીઓને આ મહિનાનો પગાર હજી સુધી નહીં મળ્યો હોવાથી આ કર્મચારીઓએ સત્તાધીશોનું ધ્યાન ખેંચવા માટે હેડ ઓફિસ ખાતે દેખાવો કર્યા હતા. મળતી વિગતો પ્રમાણે યુનિવર્સિટીમાં સિક્યુરિટીનો કોન્ટ્રાક્ટ મેક્સ સિક્યુરિટી કંપની નામની એજન્સી પાસે છે.આ એજન્સીના કર્મચારીઓએ જણાવ્યું હતું કે, દર મહિને પગાર આપવામાં ધાંધિયા કરવામાં આવે છે.આ મહિને તો હજી સુધી પગાર મળ્યો નથી.જેના કારણે અમારે ઘર ચલાવવામાં પણ મુશ્કેલી પડી રહી છે.ઉપરાંત અમારુ પ્રોવિડન્ટ ફંડ પણ જમા થાય છે કે નહીં તેની અમને ખબર નથી.સુપરવાઈઝરને અમે પગાર માટે વાત કરી તો તેમણે જવાબ આપ્યો હતો કે, બેન્કમાં સમસ્યા હોવાથી પગાર કરવામાં વિલંબ થયો છે.જો આજે રાત સુધીમાં અમારો પગાર જમા નહીં થાય તો કાલથી કોઈ પણ સિક્યુરિટી કર્મચારી ફરજ નહીં બજાવે.ઉલ્લેખનીય છે કે, સિક્યુરિટી એજન્સીના કર્મચારીઓ કેટલાય વખતથી ફરિયાદો કરી રહ્યા છે પણ વાઈસ ચાન્સેલર, રજિસ્ટ્રારના પેટનું પાણી હલતું નથી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે.

**મિથુન : ક. છ. ઘ.**

બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય.

**કર્ક : ડ. હ.**

ખિન્ન તથા નિરાશ ન થાવ. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. પારિવારિક પ્રસંગો તથા મહત્વની વિધિઓ માટે મંગળકારી દિવસ.

**સિંહ : મ. ટ.**

સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ સમયગાળો ખરાબ રહેશે આથી તમે શું ખાવ-પીઓ છો તે અંગે સાવચેત રહેજો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**કન્યા : પ. ઠ. ણ.**

આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. જૂનાં સંપર્કો તથા મિત્રો મદદરૂપ સાબિત થશે.

**તુલા : ર. ત.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**મકર : ખ. જ.**

કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**કુંભ : ગ. સ. શ. ષ.**

જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

## દબાણ હટાવ ઝુંબેશ

### જામનગર પાલિકા દ્વારા બચુનગર વિસ્તારમાં 8,000 ચોરસ ફૂટમાં ખડકી દેવાયેલો ગેરકાયદે ઘોડાનો તબેલો દૂર કરાયો



જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા રંગમતી-નાગમતી નદીને મૂળ સ્વરૂપમાં લાવવાના ભાગરૂપે દિવાળી પહેલાં મોટા પાયે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી, અને અનેક દબાણો હટાવી લેવાયા હતા.જે પ્રક્રિયા આજે ફરીથી શરૂ કરાઈ છે અને ખુદ કમિશનર ડી.એન.મોદી જાતે સર્વે કરવા માટે નીકળ્યા હતા. બચુ નગર વિસ્તારમાં દબાણના સર્વે દરમિયાન તેઓની સાથે આસી.કમિશનર ભાવેશ જાની, ઉપરાંત મુકેશ વરણવા, અને એસ્ટેટ શાખાનો કાફલો જોડાયો હતો.બચુ નગર વિસ્તારમાં અંદાજે 8,000 ફૂટ જેટલી સરકારી જગ્યા કે જેના ઉપર કોઈ આસામી દ્વારા ઘોડાનો તબેલો બનાવી લેવાયો હતો, અને દિવાલની ફેન્સીંગ, ગેઈટ વગેરે લગાડીને તેમાં ઘોડા બાંધવામાં આવ્યા હતા. તે સ્થળનું નિરીક્ષણ કર્યા બાદ દબાણ હટાવવાની ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવી હતી, અને એસ્ટેટ શાખા દ્વારા હાલ ઉપરોક્ત જગ્યાને ખુલ્લી કરાવવા માટે દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરી લેવામાં આવી છે.

---

**દેશભરમાંથી અંદાજે 12 હજારથી વધુ લોકો ઉપસ્થિત રહેશે**

# કરમસદથી એકતાનગર સુધીની એકતાયાત્રાનો પ્રારંભ

### 152 કિલોમીટરની યાત્રા 11 દિવસમાં પૂર્ણ થશે, ચરોતર, વડોદરા, નર્મદા જિલ્લાના ગામોમાંથી યાત્રા પસાર થશે

(એજન્સી) આણંદ | તા.25

તા. ૨૬ નવેમ્બરથી કરમસદથી એકતા નગર કેવડિયા કોલોની સુધી એકતા યાત્રાનો પ્રારંભ થવાનો છે. જેમાં દેશભરમાંથી અંદાજે ૧૨ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહેવાની સંભાવના છે.૧૫૨ કિલોમીટરની યાત્રા ૧૧ દિવસમાં પૂર્ણ થશે. એકતા યાત્રાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વિવિધ સ્થળોએ વિવિધ કાર્યક્રમો અને યુનિટ માર્ચનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ૨૬મી નવેમ્બરે કરમસદથી એકતાનગર કેવડિયા કોલોનો સુધી એકતા યાત્રાનો પ્રારંભ થવાનો છે, આ યાત્રાનું પ્રસ્થાન મુખ્યમંત્રી દ્વારા કરાવવામાં આવશે.એકતા યાત્રા આણંદ, વડોદરા અને નર્મદા જિલ્લાના ગામોમાંથી પસાર થશે.આ એકતા યાત્રા આણંદ વિદ્યાનગર રોડથી શહીદ ચોકથી પાલિકા ભાવ, ટાઉનહોલ બોરસદ ચોકડીથી જીટોડીયા, કમલમ કાર્યાલય નવાલીથી આસોદક, આંકલાવ અને ઉમેટાના રૂટ પર પ્રસ્થાન કરશે



મુખ્યમંત્રી વિદ્યાનગરના શાસ્ત્રી બાગમાં સભા સંબોધશે, જેને અનુલક્ષીને મંડપ વ્યવસ્થાની પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તેમજ સુરક્ષા અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કરમસદ-આણંદ મહાપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા સંભવિત રૂટ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. તેમજ વિવિધ સ્થળોએ સાફસફાઈ અને રંગ રોગાન કરવામાં આવી રહ્યું છે. આ યાત્રા પૂર્વે રસ્તામાં આવતા ગામડાઓમાં સરદાર સાહેબના જીવન-કવન પરના સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો ઉપરાંત સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવશે. તેમજ સરદાર ગાથા સભામાં ગામના સાચા રત્નો વયોવૃદ્ધ, કુશળ કારીગરો, તેજસ્વી દીકરીઓ, દેશના રક્ષક સૈનિકો, પ્રગતિશીલ ખેડૂતો, સ્વાવલંબી મહિલાઓ અને શ્રે ખેલાડીઓનું સન્માન કરીને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનને બિરદાવવામાં આવશે. 20 વર્ષ બાદ સરદાર પટેલની પ્રતિમાનું રંગરોગાન આણંદ શહેરના ટાઉનહોલ પાસે આવેલા એકતા સર્કલ ઉપરની સરદાર પટેલની પ્રતિમાનું હાલ નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. ૨૦ વર્ષ વહેલા અનાવરણ કરાયેલી પ્રતિમા પ્રથમ વખત રંગરોગાન કરીને નવીન બનાવવામાં આવી રહી છે. પ્રતિમાની આસપાસ સ્ટીલની રેલિંગ બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે.યુનિટી યાત્રામાં સરદાર પટેલના ગુણ ગાન ગાઈ રહેલી કરમસદ-આણંદ મહાનગરપાલિકા કરમસદના પ્રવેશ દ્વારે આવેલી સરદાર પટેલના ભાઈ વિઠ્ઠલભાઈ પટેલની પ્રતિમાની દેખરેખ રાખવામાં નિષ્ફળ ગઈ છે. વિઠ્ઠલભાઈ પટેલની પ્રતિમાની ચારે બાજુ ફેન્સીંગ ન હોવાથી ગંદકી થઈ રહી છે અને સીડી પણ કાટ ખાઈ ગઈ છે. તેમજ રંગના અભાવે પણ પ્રતિમા જર્જરિત હોય તેવું લાગી રહ્યું છે.

---

**કાયમી પાણી સપ્લાયનો સમય જાહેર કરાશે**

## અધેવાડામાં ઈએસઆરના ટ્રાયલ માટે પાણી વિતરણનાં સમયમાં ફેરફાર

(એજન્સી) ભાવનગર | તા.25



ભાવનગર શહેરના અધેવાડામાં ઈએસઆર ટ્રાયલ માટે અધેવાડાની તમામ સોસાયટીઓના પાણી વિતરણનાં સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે તેથી થોડા દિવસ રહીશોને પરેશાની રહેશે તેમ જણાય રહ્યુ છે. અધેવાડાની તમામ સોસાયટીઓમાં મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત ઈ.એસ.આર. માંથી પાણી સપ્લાય આપવા માટે ટ્રાયલ લેવાની હોવાથી હાલમાં બપોરે ૩.૦૦ થી રાત્રીના ૧૦.૫૦ વાગ્યા દરમિયા આપવામાં આવતા પાણી સપ્લાયને બદલે આવતીકાલ તા. ૨૫ નવેમ્બર-૨૦૨૫ ને મંગલવારથી આગામી તા. ૩૦ નવેમ્બર-૨૦૨૫ સુધી પાણી સપ્લાય સવારે ૧૦.૦૦ થી સાંજના ૬.૩૦ વાગ્યા દરમિયાન આપવામાં આવશે, જેમાં બપોરે ૨.૫૦ થી ૩.૩૫ સપ્લાય હતો તેને સવારે ૧૦ થી ૧૦.૪૫ એ પાણી આપવામાં આવશે, અન્ય વિસ્તારને તબક્કાવાર પાણી અપાશે. સાંજે ૧૦ થી ૧૦.૫૦ કલાકે પાણી આવતુ હતુ તેને સાંજે ૫.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન પાણી આપવામાં આવશે. ટ્રાયલ પૂર્ણ થયા બાદ કાયમી પાણી સપ્લાયનો સમય પછીથી જાહેર કરવામાં આવશે.

---

**છ લોકો ઈજાગ્રસ્ત**

## પાલનપુર-ડીસા હાઇવે પર ઈકો કાર ડિવાઈડર સાથે ટકરાતાં એકનું મોત

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર-ડીસા હાઈવે પર શનિવારે (22મી નવેમ્બર) ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પાલનપુરના બદરપુરા પાટિયા નજીક ઈકો કારનું ટાયર ફાટતાં કાર બેકાબૂ બની ડિવાઈડર સાથે જોરદાર રીતે અથડાઈ હતી, જેના કારણે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ દુર્ઘટનામાં કારમાં સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય 6 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી અનુસાર, આ ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો અને 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે. પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધીને અકસ્માતના ચોક્કસ કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### જામનગરમાં નવો ફલાય ઓવર બ્રિજ ખુલ્લો મુકાયાના બીજા દિવસે જ અકસ્માત સર્જાયો

જામનગર : જામનગર શહેરની મધ્યનો ઓવરબ્રિજ તૈયાર થઈને લોકાર્પણ થયા બાદ તેના બીજા દિવસે અકસ્માત સર્જાયો છે. પૂલ પરથી નીચે ઉતરી રહેલા એક બોલેરોના ચાલકે બાઈક સવારને હડફેટમાં લઈ લેતાં અકસ્માત સર્જાયો હતો, અને લોકોના ટોળા એકઠા થયા હતા. સદભાગ્ય મોટી જાનહાની થઈ નથી. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં નવા ફ્લાય ઓવરનું નિર્માણ થયું છે, અને ગઈકાલે જ મુખ્યમંત્રીના હસ્તે તેનું લોકાર્પણ થયું હતું.

---

**ટ્રેલરચાલકનું ઘટનાસ્થળે જ મોત**

## બનાસકાંઠામાં ડીસા-રાધનપુર હાઈવે પર ગમખ્વાર અકસ્માત

બનાસકાંઠા : બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતા ડીસા-રાધનપુર હાઈવે પર એક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક ટ્રેલરચાલકનું કરુણ મોત નિપજ્યું છે. આ અકસ્માતની સમગ્ર ઘટનાના ચોંકાવનારા CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, બનાસકાંઠામાંથી પસાર થતા ડીસા-રાધનપુર હાઈવે પર થરા બ્રિજ ઉતરતી વખતે અકસ્માત સર્જાયો હતો. જેમાં હાઈવે પર આગળ જઈ રહેલા ડમ્પરની પાછળ પૂરપાર ઝડપે આવી રહેલું એક ટ્રેક્ટર ધડાકાભેર ઘુસી ગયું હતું. આ ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેલરના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ટ્રેલરચાલક કેબિનમાં ગંભીર રીતે ફસાઈ ગયો હતો. ગંભીર ઈજાઓના કારણે ટ્રેલરચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ અકસ્માત બાદ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને તાત્કાલિક પોલીસને આ વિશે જાણ કરવામાં આવી હતી. અકસ્માતની જાણ થતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

---

**'કોઈક તો અમારું સાંભળો',**

## અનાજના પ્રશ્ન મુદ્દે અંકલેશ્વરની હતાશ મહિલાએ સચિવાલયમાં ઝેર પીધું

(એજન્સી) અંકલેશ્વર | તા.25

ગુજરાતમાં સામાન્ય વ્યક્તિની ફરિયાદ સાંભળનાર જ કોઈ નથી. રેશનકાર્ડ હોવા છતાં અનાજ અપાતુ નથી તેવી ફરિયાદ કર્યા પછી સ્થાનિક તંત્ર ગરીબ કાર્ડધારકનું સાંભળવા તૈયાર નથી. આ સંજોગોમાં અંકલેશ્વરનો એક ગરીબ પરિવાર અનાજ મુદ્દે રજૂઆત કરવા ગાંધીનગર પહોંચ્યો હતો પણ હારી-થાકીને મજબૂરવશ મહિલાએ ઝેરી દવા ગટગટાવી હતી જેથી સ્વર્ણિમ સંકુલ પાસે દોડધામ મચી હતી. સુરક્ષાકર્મીઓએ મહિલાને તાત્કાલિક એમ્બ્યુલન્સ વાનમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. રડમસ ચહેર મહિલાના પતિએ કહ્યું કે, અમારાં બાળકો ભૂખે મરે છે. અનાજ પણ મળતું નથી. કોઈક તો સાંભળો....

ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ-1માં અંકલેશ્વરથી શિતલ માલવિયા તેમના પતિ અને બે સંતાનો સાથે અનાજ મુદ્દે રજૂઆત કરવા પહોચ્યો હતાં. તેમનું કહેવુ હતું કે, રેશનકાર્ડ હોવા છતાં વાજબી ભાવની દુકાને સમયસર અનાજ મળતુ નથી. આ મામલે સ્થાનિક કક્ષાએ ઘણી વાર રજૂઆત કરી છતાંય કોઈ સાંભળતુ નથી. તેમણે રજૂઆત કરી છતાંય પ્રશ્નોનું નિરાકરણ આવી શક્યુ ન હતું.સાંજે ચારેક વાગે સ્વર્ણિમ સંકુલ-1 પાસે અચાનક જ રજૂઆતકર્તા શિતલ માલવિયાએ ઝેરી દવા પી લીધી હતી. ઝેરી



દવાની અસર થતાં મહિલા બેભાન થઈ ગઈ હતી. સંતાનો રડવા માંડ્યા હતા. આ જોઈને સુરક્ષાકર્મીઓ દોડી આવ્યા હતા. મહિલા તાકિદે એમ્બ્યુલન્સ વાનમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. આ ઘટનાને લીધે સચિવાલયમાં દોડધામ મચી ગઈ હતી. મહિલાના પતિનું કહેવુ હતું કે, અમારા ઘરમાં અનાજનો દાણો નથી. ખાવાના ય ફાંફા છે. બાળકો શાળાએ પણ જઈ શકતાં નથી. અનેકવાર ફરિયાદો કરી છતાંય કોઈ અમારુ સાંભળનાર નથી.

અનાજના પ્રશ્નની રજૂઆત માટે મહિલાએ અચાનક કેમ આ પગલુ કેમ ભર્યું તે અંગે સવાલો ઉઠ્યાં છે. આ ઘટના ફરી એકવાર સરકારી કચેરીઓમાં લોકોના પ્રશ્નોનું નિરાકરણ આવતુ નથી તે વાત પ્રસ્થાપિત કરી દીધી છે અને સરના દાવાઓને ખોટા ઠેરવ્યા છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં આજે હજારો પરિવારો બે ટંક ખાઈ શકે તેટલી હદે પણ સક્ષમ નથી. ગાંધીનગર સિવિલ સુપ્રિટેન્ડેન્ટનું કહેવું છે કે, મહિલાએ ઉંદર મારવાની ઝેરી દવા પીધી હતી. હાલ સારવાર ચાલી રહી છે અને દર્દીની સ્થિતિ સ્થિર છે.

---

**મહત્તમ તાપમાન 30.9 ડિગ્રી... ભાવનગરમાં લઘુત્તમ તાપમાન 18 ડિગ્રીએ યથાવત**

## લઘુત્તમ તાપમાનમાં 7 દિવસમાં 2.4 ડિગ્રી વધતા ઠંડીનું જોર ઘટ્યું

(એજન્સી) ભાવનગર | તા.25

ભાવનગર શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી લઘુત્તમ તાપમાન વધી રહ્યુ છે, જેના કારણે હાલ ઠંડીનુ જોર ઘટી ગયુ છે પરંતુ વહેલી સવારે અને રાત્રીના સમયે ઠંડીનું જોર વધ રહેતુ હોય છે. શહેર અને જિલ્લામાં આજે સોમવારે મહત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮.૦ ડિગ્રી નોંધાયુ હતુ, જયારે ભેજનુ પ્રમાણ ૫૫ ટકા અને પવનની ઝડપ ૪ કિલોમીટર નોંધાઈ હતી. ગઈકાલે રવિવારે મહત્તમ તાપમાન ૩૦.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી નોંધાયુ હતુ, જયારે ભેજનુ પ્રમાણ ૪૭ ટકા અને પવનની ઝડપ ૬ કિલોમીટર નોંધાઈ હતી. ગઈકાલ રવિવારની સરખામણીએ આજે મહત્તમ તાપમાન વધ્યુ છે, જયારે લઘુત્તમ તાપમાન યથાવત છે. છેલ્લા ૭ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૨.૪ ડિગ્રી વધ્યુ છે, જેના કારણે હાલ ઠંડી ઘટી છે, જો કે વહેલી સવારે અને રાત્રીના ઠંડીનું જોર રહે છે તેથી લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ જોવા મળી રહ્યા છે. બપોરના સમયે લોકોને ગરમીનો અનુભવ થતો હોય છે. સારી ઠંડી પડવાની લોકો રાહ જોઈ રહ્યા છે.



---

**ચોરીના ઈરાદે આવ્યા હોવાની આશંકા** | **ધનસુરાના ભેસાવાડા પાસે સર્જાયો અકસ્માત**

## અરવલ્લી: વીજ કરંટ લાગતા બે અજાણ્યા શખ્સો જીવતા ભૂંજાયા

(એજન્સી) ધનસુરા | તા.25

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. ભેસાવાડા ગામ નજીક આવેલા સાકરી પૂલ પાસે વીજ કરંટ લાગવાને કારણે બે અજાણ્યા શખ્સોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. આ ઘટનામાં વીજ કરંટ એટલો જોરદાર હતો કે બંને વ્યક્તિઓ જીવતા ભૂંજાયા હતા અને તેમના મૃતદેહો સંપૂર્ણ રીતે બળી ગયા હતા.પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા તાલુકાના ભેસાવાડા ગામની સીમમાં આવેલા સાકરી પૂલ નજીકથી પસાર થતા વીજપોલના જીવંત તારના સંપર્કમાં આવતા આ દુર્ઘટના સર્જાઈ હતી. કરંટ લાગતાની સાથે જ બે અજાણ્યા ઈસમો આગની



લપેટમાં આવી ગયા હતા અને જોતજોતામાં તેમના શરીર કોલસાની જેમ બળીને ભડથું થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. પ્રાથમિક તબક્કે અને લોકોમાં થતી ચર્ચા મુજબ, મૃતક બંને શખ્સો ચોરીના ઈરાદે અહીં આવ્યા હોવાની આશંકા સેવાઈ રહી છે. જોકે, પોલીસ તપાસ બાદ જ સત્ય બહાર આવશે.ઘટનાની જાણ થતાં જ ધનસુરા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. મૃતદેહો એટલી હદે બળી ગયા છે કે તેમની ઓળખ કરવી મુશ્કેલ બની છે. હાલમાં પોલીસે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધીને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી છે અને મૃતકોની ઓળખ વિધિ શરૂ કરી છે.

---

**કરમસદ-આણંદ મહાનગરપાલિકાના ટેક્સ વિભાગની ટીમ દ્વારા કાર્યવાહી**

# આણંદના એ.વી. રોડ પર આવેલા એચ.આર. પ્રાઇમ કોમ્પ્લેક્સની 27 દુકાનો સીલ કરાઇ

### મિલકતધારકોને નોટિસ આપી છતાં રૂપિયા 4.50 લાખનો બાકી વેરો નહીં ભરતા મનપાની તવાઇ : અન્ય એકમો પાસેથી રૂપિયા 70 હજારના વેરાની વસૂલાત

આણંદ : કરમસદ-આણંદ મહાનગરપાલિકાના ટેક્સ વિભાગની ટીમ દ્વારા બાકી વેરો નહીં ભરનારા મિલકતધારકો સામે કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં આણંદમાં રૂપિયા ૪.૫૦ લાખનો બાકી વેરો નહીં ભરતા એચ. આર. પ્રાઈમ કોમ્પ્લેક્સની ૨૭ દુકાનો સીલ કરવામાં આવી હતી. જ્યારે અન્ય એકમો પાસેથી રૂ. ૭૦ હજારની વેરા વસૂલાત કરવામાં આવી હતી. મનપા વિસ્તારમાં વિવિધ મિલકતોનો બાકી રહેલો ટેક્સ ભરવા જે-તે મિલકત ધારકોને નોટિસ આપવામાં આવી હતી અને આ



મિલકત ધારકોએ તેમની મિલકતનો ભરવા પાત્ર થતો બાકી રહેલો વેરો વિના વિલંબે જમા કરાવવા માટે જણાવવામાં આવ્યું છે. છતાં અમુક મિલકત ધારકો દ્વારા નિયમિત ટેક્સ જમા કરાવવામાં ન આવતા ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા વસૂલાત કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે શહેરના એ.વી. રોડ ઉપર આવેલા એચ. આર. પ્રાઈમ કોમ્પ્લેક્સમાં રૂ. ૪.૫૦ લાખનો બાકી વેરો ભરપાઈ ન થવાના કારણે ૨૭ દુકાન સીલ કરવામાં આવી હતી. મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર દ્વારા મનપા વિસ્તારમાં આવેલી મિલકત ધારકોનો વેરો બાકી હોય તેમણે સમયસર વેરો જમા કરાવવા તાકીદ કરી છે. અન્યથા ટેક્સ વિભાગની ટીમ દ્વારા વેરો ભરપાઈ ન કરાતા દુકાનો, એકમ સીલ કરવામાં આવશે અને વેરો ન ભરતા લોકો પાસેથી બાકી વેરો વસૂલવાની ઝુંબેશ હાલ ચાલુ રહેશે તેમ જણાવવામાં આવ્યું હતું.

---

**યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત**

## છોટાઉદેપુરમાં પૂરપાટ ઝડપે આવતી બે બાઈકની ટક્કર

(એજન્સી) છોટાઉદેપુર | તા.25

છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકામાં આવેલા ધનપરી ગામ નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બે બાઈક સામસામે ભટકાતા એક બાઈક સવારને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ યુવક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.મળતી માહિતી મુજબ, ક્વાંટ તાલુકાના ધનપરી ગામ પાસેથી પસાર થતા માર્ગ પર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી બે બાઈક સામસામે અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે, બંને બાઈકને નુકસાન પહોંચ્યું આ સિવાય બાઈક સવાર જમીન પર પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.



### ગંભીર રીતે ઘાયલ યુવકને હોસ્પિટલ ખસેડાયો

અકસ્માત બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈક સવારને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

જો યુએસ સાથે ટ્રેડ ડીલ અંગે ચિત્ર સ્પષ્ટ થશે, તો ડિસેમ્બરના અંત સુધીમાં તે સુધરીને ૮૮.૫૦ પ્રતિ ડોલરની આસપાસ

# ટ્રેડ ડીલના નિર્ણય બાદ રૂપિયાની રિકવરીને વેગ મળશે



અમદાવાદ : ગયા શુક્રવારે ડોલર સામે રૂપિયો ૦.૯% ઘટયો હતો, જે આ વર્ષનો બીજો સૌથી મોટો ઘટાડો છે, કારણ કે ટ્રેડ ડીલમાં વિલંબ અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો થવાની અપેક્ષાઓ નબળી પડી હતી. રિઝર્વ બેંક દ્વારા ચલણ બજારમાં નોંધપાત્ર રીતે હસ્તક્ષેપ કરવાથી દૂર રહેવાના નિર્ણયથી રૂપિયામાં ઘટાડો વધુ તીવ્ર બન્યો હતો અને ૯૦ નજીક સરક્યો હતો. ડોલર રૂપિયાની ટ્રેડ અંગે હાથ ધરાયેલા એક સર્વેમાં, ઉત્તરદાતાઓએ આશા વ્યક્ત કરી હતી કે ડોલર સામે રૂપિયો ૯૦ સુધી તુટી શકે છે, પરંતુ ટ્રેડ ડીલનો નિર્ણય તેની રિકવરીને વેગ આપશે. વર્ષના અંત સુધીમાં રૂપિયો ૮૮ પ્રતિ ડોલર સુધી પહોંચી શકે છે. શુક્રવારે રૂપિયો ૮૯.૪૯ પ્રતિ ડોલર પર બંધ રહ્યો હતો. ૮૮.૮૦ ના સ્તરને તોડયા પછી, રિઝર્વ બેંકે દુર રહેવાનો નિર્ણય લીધો, જેના કારણે સ્ટોપ-લોસ એક્શન શરૂ થયું, અને રૂપિયો દિવસના સૌથી નીચા સ્તરે ૮૯.૫૪ પ્રતિ ડોલર પર આવી ગયો. શુક્રવારે રૂપિયો સૌથી ખરાબ પ્રદર્શન કરનાર એશિયન ચલણ હતું.જોકે, કેટલાક સહભાગીઓ માને છે કે રૂપિયો નજીકના ભવિષ્યમાં ૯૦ ડોલરના આંકને પાર કરશે કારણ કે નીચે તરફ દબાણ ચાલુ રહેશે. તેઓ માને છે કે વર્ષના અંત સુધીમાં તે ૯૧ સુધી પહોંચી શકે છે. સહભાગીઓએ જણાવ્યું હતું કે ટ્રેડ ડીલ થવાની સંભાવના છે, પરંતુ યેનના અવમૂલ્યન, ફેડ રેટ ઘટાડામાં સંભવિત વિલંબ અને વેપાર ખાધને કારણે રૂપિયામાં વધુ તીવ્ર વધઘટ જોવા મળી શકે છે.અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, એવી આશા છે કે યુએસ ટ્રેડ ડીલ ટૂંક સમયમાં પૂર્ણ થશે, જેનાથી પ્રતિશોધાત્મક ટેરિફ વર્તમાન સ્તરના ૫૦ ટકા ઘટાડશે. આનાથી રૂપિયાને થોડી રાહત મળવાની અપેક્ષા છે. ડિસેમ્બર સુધીમાં રૂપિયો ડોલર સામે ૮૮.૫૦ ની આસપાસ સ્થિર થઈ શકે છે. ચાલુ નાણાકીય વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં રૂપિયો મજબૂત થઈ શકે છે, કારણ કે તે સમયગાળા દરમિયાન વેપાર ખાધ સામાન્ય રીતે ઘટતી હોય છે. પરિણામે, ચોથા ક્વાર્ટરમાં રૂપિયો ૮૭.૫૦ થી ૮૮.૦૦ પ્રતિ ડોલર પર રહી શકે છે.

આ વર્ષે રૂપિયો સૌથી ખરાબ પ્રદર્શન કરનાર એશિયન ચલણ રહ્યું છે, જે ડોલર સામે ૪.૩૩ ટકા ઘટયું છે. તાઈવાન ડોલર, થાઈ બાહ્ટ અને મલેશિયન રિંગિટ ડોલર સામે મજબૂત થયા છે. માર્ચના અંત સુધીમાં નિકાસમાં સુધારો થવાની અપેક્ષા છે, જે ચાલુ ખાતાની ખાધ ઘટાડવામાં મદદ કરશે. વેપાર સોદો રૂપિયાને પણ ટેકો આપશે.

અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, આરબીઆઈ દરેક તક પર તેના અનામતને વધારવાનો પ્રયાસ કરશે, તેથી રૂપિયામાં નોંધપાત્ર વધારાની અપેક્ષા રાખવી અસ્થાને છે. વિદેશી ચલણ સંપત્તિના સંદર્ભમાં, જૂનના સ્તરથી વર્તમાન અનામતમાં ૩૩ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે, જ્યારે કુલ અનામતમાં ૧૦ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે. નેગેટિવ ફોરવર્ડ બુકને સમાયોજિત કર્યા પછી, અનામત-થી-જીડીપી ગુણોત્તર ૨૦૧૮ માં તેના સૌથી નીચા સ્તરની નજીક છે. ૧૪ નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી હૂંડિયામણ અનામત ૬૯૨.૫ બિલિયન ડોલર હતું, જે જૂન ૨૦૨૫ સુધીના ૧૧ મહિનાની આયાત અને લગભગ ૯૩ ટકા બાહ્ય દેવાને આવરી લેવા માટે પૂરતું છે.

## સેન્સેક્સ 314 પોઈન્ટ ઘટીને 84,587 પર બંધ

(એજન્સી) મુંબઈ | તા 25

અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે, મંગળવાર, 25 નવેમ્બર, નોંધપાત્ર ઉતાર-ચઢાવ જોવા મળ્યો. સેન્સેક્સ 50 પોઈન્ટ ઘટીને 84,850 પર આવી ગયો છે. નિફ્ટી 30 પોઈન્ટ ઘટીને 25,950 પર છે. સેન્સેક્સના 30 માંથી 18 શેર ઘટ્યા છે. નિફ્ટીના 50 માંથી 25 શેર નીચા ભાવે ટ્રેડ થઈ રહ્યા છે. રિયલ્ટી, મેટલ અને બેંકિંગ શેરમાં તેજી છે, જ્યારે IT, FMCG અને મીડિયા શેર ઘટી રહ્યા છે.

એશિયન બજાર: કોરિયાનો કોસ્પી 1.09% ઉપર 3,887 પર, હોંગકોંગનો હેંગસેંગ 0.79% ઉપર 25,918 પર અને જાપાનનો નિક્કેઈ 0.39% ઉપર 48,815 પર કારોબાર કરી રહ્યા છે. અમેરિકન બજાર: 24 નવેમ્બરના રોજ ડાઉ જોન્સ 0.44% વધીને 46,448 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 2.69% અને S&Pમાં 1.55%ની તેજી રહી. 24 નવેમ્બરના રોજ વિદેશી રોકાણકારો (FIIs) એ 4,171.75 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs - આપણા દેશના મોટા ફંડ્સ) એ 4,512.87 કરોડની ખરીદી કરી.

## News Brief

### એસેટ લીઝિંગ ભારતના ડાયગ્નોસ્ટિક ઉદ્યોગ માટે એક મુખ્ય પડકારનું કેવી રીતે નિરાકરણ લાવી રહી છે

(એજન્સી) નવી દિલ્હી | તા 25

ડાયગ્નોસ્ટિક સર્વિસીઝ બીમારીનું વહેલું નિદાન કરીને અને અસરકારક રીતે સારવારનું આયોજન કરવા સક્ષમ બનાવીને હેલ્થકેરમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ સેક્ટરમાં ત્રણ મહત્વના ક્ષેત્રો છે જેમ કે પેથોલોજી (બ્લડ અને યુરિન એનાલિસિસ જેવા લેબોરેટરી ટેસ્ટ્સ), રેડિયોલોજી (એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ, સીટી અને એમઆરઆઈ જેવી ઈમેજિંગ ટેક્નોલોજી) અને મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ (ડીએનએ, આરએનએ અને પ્રોટિન્સના એડવાન્સ્ડ ટેસ્ટિંગ).વિવ્રિતી કેપિટલના ચીફ બિઝનેસ ઓફિસર ગૌતમ જૈને જણાવ્યું હતું કે, ભારતનું ડાયગ્નોસ્ટિક માર્કેટ તાજેતરના વર્ષોમાં ઝડપથી વધ્યું છે પરંતુ તેની સામે મહત્વના પડકારો રહેલા છે. પ્રવેશ માટેના નીચા સ્તરે રહેલા અવરોધો અને મર્યાદિત નિયમનોના લીધે આ સેક્ટર ખૂબ જ વિખરાયેલું બની ગયું છે જેના લીધે ગુણવત્તા, કિંમત અને ટેક્નોલોજી અપનાવતા પરિબળોમાં સાતત્યતાનો અભાવ જોવા મળે છે. આ એવા પરિબળો છે જે જાહેર આરોગ્ય પર અસર કરે છે અને લાંબા ગાળાની પ્રગતિની ગતિ ધીમી પાડે છે.

### બલ્કકોર્પ ઈન્ટરનેશનલે નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિકમાં મજબૂત 30% પીએટી વૃદ્ધિ નોંધાવી

(એજન્સી) નવી દિલ્હી | તા 25

બલ્કકોર્પ ઈન્ટરનેશનલ લિમિટેડ (NSE - BULKCORP), ફૂડ-ગ્રેડ એફઆઈબીસી (ફ્લેક્સિબલ ઈન્ટરમીડિયેટ બલ્ક કન્ટેનર્સ)ના અગ્રણી મેન્યુફેક્ચરર્સ પૈકીની એકે, નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિકના અનઓડિટેડ પરિણામોની જાહેરાત કરતા આનંદ અનુભવે છે.

H1 FY26ની મુખ્ય નાણાકીય વિશેષતાઓ

કુલ આવક 3380.47 લાખ, વાર્ષિક ધોરણે 27.61%ની વૃદ્ધિ

EBITDA 356.64 લાખ, વાર્ષિક ધોરણે 23.26%ની વૃદ્ધિ

પીએટી 180.21 લાખ, વાર્ષિક ધોરણે 29.51%ની વૃદ્ધિ

ડાયલ્યુટેડ શેર દીઠ કમાણી () 2.40, વાર્ષિક ધોરણે 6.19%ની વૃદ્ધિ

આ વિકાસ પર ટિપ્પણી કરતા, બલ્કકોર્પ ઈન્ટરનેશનલ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી પુનિત ગોપાલકાએ જણાવ્યું, "અમને એ જણાવતા આનંદ થઈ રહ્યો છે કે અમે નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિકમાં મજબૂત નિકાસ ગતિ તેમજ અમારા એફઆઈબીસી અને બલ્ક પેકેજિંગ સોલ્યુશન્સની વધતી માંગને કારણે મજબૂત પ્રદર્શન કર્યું છે.

### BHIM એપે યુપીઆઈ સર્કલ ફુલ ડેલિગેશન રજૂ કર્યું, નિર્ધારિત મર્યાદામાં ઓથોરાઇઝ્ડ યુપીઆઈ પેમેન્ટ્સને સક્ષમ કરે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 25



નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની એનપીસીઆઈ ભીમ સર્વિસીઝ લિમિટેડે (એનબીએસએલ) BHIM પેમેન્ટ્સ એપ પર યુપીઆઈ સર્કલ ફુલ ડેલિગેશન રજૂ કરવાની આજે જાહેરાત કરી હતી. આ નવી સુવિધાથી યુઝર્સ નિર્ધારિત માસિક ખર્ચની મર્યાદામાં તેમના ખાતામાંથી યુપીઆઈ પેમેન્ટ્સ કરવા માટે પોતાના વિશ્વસનીય વ્યક્તિઓને અધિકારો આપી શકશે. આનાથી સંપૂર્ણ પારદર્શકતા અને નિયંત્રણ જળવાશે તથા સહિયારા અને ઘરેલુ નાણાંકીય સંચાલન સરળ બનશે.યુપીઆઈ સર્કલ ફુલ ડેલિગેશન સાથે પ્રાયમરી યુઝર સેકન્ડરી યુઝરને સીધા પ્રાયમરી યુઝરના ખાતમાંથી જ યુપીઆઈ પેમેન્ટ્સ શરૂ કરવા અને પૂરા કરવા માટે ઓથોરાઈઝ કરી શકે છે. પ્રાયમરી યુઝર દર મહિને રૂ. 15,000 સુધીની મર્યાદા અને 5 વર્ષ સુધીની એક્સપાયરી મુદત નક્કી કરી શકે છે.

### ઝાયડસને Verapamil Hydrochloride Extended-Release Tablets USP, 120 mg, 180 mg and 240 mg માટે યુએસએફડીએની આખરી મંજૂરી મળી

(એજન્સી) નવી દિલ્હી | તા 25



ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડ (તેની પેટાકંપનીઓ અને સહયોગી કંપનીઓ સહિતનીને અહીં "Zydus" તરીકે ઓળખવામાં આવશે) ને Verapamil Hydrochloride Extended-Release Tablets USP, 120 mg, 180 mg and 240 mg (USRLD: Calan SR Extended-Release Tablets, 120 mg, 180 mg and 240 mg) માટે યુનાઈટેડ સ્ટેટ્સ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસએફડીએ) તરફથી આખરી મંજૂરી મળી ગઈ છે.

Verapamil Hydrochloride Extended-Release Tablets (120 mg, 180 mg and 240 mg) ને હાઈ બ્લડ પ્રેશરને ઘટાડવા માટે લખવામાં આવે છે જે સ્ટ્રોક અને હૃદય રોગના હુમલા જેવી હૃદયની ગંભીર બીમારીઓના જોખમને ઘટાડવામાં મદદ કરે છે.

લીજેન્ડનું પુનરાગમન

## ટાટા મોટર્સ દ્વારા સંપૂર્ણ નવી સિયેરા લોન્ચ કરાઈ




મુંબઈ | ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિ. દ્વારા સંપૂર્ણ નવી ટાટા સિયેરાના લોન્ચની ગૌરવપૂર્વક ઘોષણા કરવામાં આવી છે, જે ત્રણ દાયકાથી આકાંક્ષાઓ, ઓળખ અને યાદોને આકાર આપનારી આઈકોનનો પુનઃજન્મ છે. નવા યુગ માટે નવી કલ્પના અને નવેસરથી ઘડવામાં આવેલી સિયેરાએ સિદ્ધિ, વ્યક્તિગતતા અને ખોજના જોશના પ્રતીક તરીકે અડીખમ રહીને આધુનિકતા અપનાવવા સાથે તેનો લીજેન્ડરી વારસો અને અજોડ ડીએનએ જાળવી રાખ્યા છે. સિયેરા એસયુવી તરીકે જ નહીં પરંતુ જૂની ઘરેડથી દૂર જવા અને બહેતરી માટે આકાંક્ષાને પહોંચી વળવા માટે ભારતને પ્રેરિત કરનારી ચળવળ છે.ટાટા સિયેરાના નવા અવતારને લોન્ચ કરીને ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિ.ના એમડી અને સીઈઓ શૈલેષ ચંદ્રાએ જણાવ્યું હતું કે, "નવી સિયેરા સથે અમે ભારતીય મોબિલિટી શું હોઈ શકે તેમાં નવું સીમાચિહન સ્થાપિત કરી રહ્યા છીએ. ટાટા સિયેરા અમારી એ માન્યતાનો દાખલો છે કે ગ્રાહકો સાધારણ કરતાં વધુ માટે હકદાર છેઃ તેઓ પ્રેરિત કરતા ઈનોવેશન, ભાવનાત્મક રીતે સુમેળ સાધતી ડિઝાઈન અને દરેક પ્રવાસને નવી ઊંચાઈએ લઈ જતા પ્રીમિયમ અનુભવ માટે હકદાર છે. આ લીજેન્ડ ગૌરવ પ્રેરિત કરવા, વ્યક્તિગતતા વ્યક્ત કરવા અને પ્રગતિ અંગીકાર કરવા માટે પુનરાગમન કરી રહી છે. તે આરામ, ટેકનોલોજી અને સુરક્ષાનાં સર્વોચ્ચ ધોરણો માણશે. સિયેરા આગેવાની કરવા, શોધને પડકારવા અને હેતુ અને અજોડતા સાથે ભારતને ખરા અર્થમાં આગળ જઈ જતી આઈકોન પ્રદાન કરવાની અમારી કટિબદ્ધતા છે. 'સિયેરાએ 1991માં પદાર્પણ કર્યું ત્યારે ભારતે કશું પણ જોયું હતું તેનાથી સાવ અલગ હતીઃ બોલ્ડ સિલ્હટ, પ્રગતિશીલ ડિઝાઈન અને અવ્વલ ફીચર્સ, જેણે તેને આઈકોનિક બનાવી દીધી હતી.

ભારતના વૈવિધ્યપૂર્ણ બ્રાઇડલ હેરિટેજની ઉજવણી કરે છે

## મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે બ્રાઇડ્સ ઓફ ઈન્ડિયા કેમ્પેઇનની 15મી એડિશન રજૂ કરી




અમદાવાદ : દરેક ભારતીય નવવધૂ લાગણીઓની એક દુનિયા ધરાવતી હોય છે - એવી વિધિઓ જેને જોઈને તે મોટી થઈ હોય છે, જે સંસ્કૃતિ સાથે તે જોડાયેલી હોય છે, જે યાદો તેના હૃદયની હંમેશા નજીક હોય છે અને આભૂષણો જે તેના જીવનના સૌથી મહત્વના દિવસો પૈકીના એક દિવસે તેની ઓળખનો ભાગ બની જાય છે. વિશ્વની સૌથી મોટી ગોલ્ડ અને ડાયમંડ રિટેલ ચેઈન્સ પૈકીની એક મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક તાણાવાણામાં નવવધૂના આભૂષણોના મહત્વની લાંબા સમયથી સમજ મેળવી છે. બ્રાઈડલ રેન્જ મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ દ્વારા કાળજીપૂર્વક કલ્પના કરાયેલી, ઘડાયેલી અને તૈયાર કરાયેલી ડિઝાઈન્સને સાથે લાવે છે જે એવા આભૂષણો બનાવે છે જે દરેક નવવધૂની પરંપરાઓને સન્માનિત કરે તેવી શુદ્ધતા, ઉદ્દેશ્ય અને કારીગરી સાથે તૈયાર કરાયેલા હોય. નવવધૂના આભૂષણોમાં ઊંડી નિપુણતા સાથે બ્રાન્ડે દેશભરની નવવધૂઓની વિશિષ્ટ પરંપરાઓને સન્માનિત કરે તેવી ડિઝાઈન્સ તૈયાર કરવામાં એક અદ્વિતીય વારસો ઊભો કર્યો છે. આ મહત્વની સિદ્ધિના પ્રસંગે મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે આજે તેના ફ્લેગશિપ બ્રાઈડ્સ ઓફ ઈન્ડિયા કેમ્પેઈનની 15મી એડિશનનો પ્રારંભ કર્યો હતો અને ભારતની સૌથી મોટી અને અત્યંત પ્રતીક્ષિત બ્રાઈડલ પ્રોપર્ટીઝ પૈકીની એકને માન્યતા આપી હતી. આ વર્ષની એડિશન 22 નવવધૂઓ અને 10 સેલિબ્રિટીઝ - માનસી પારેખ, આલિયા ભટ્ટ, કરીના કપૂર ખાન, એનટીઆર, કાર્તિ, અનિલ કપૂર, શ્રીનિધિ શેટ્ટી, રૂક્મણિ મૈત્રા, સબ્યસાચી મિશ્રા અને પ્રાર્થના બેહેરેને સાથે લાવે છે જે દરેક આ કેમ્પેઈન જેના માટે જાણીતું છે તે સ્કેલ, વિવિધતા અને ભાવનાત્મક ગહનતાને વ્યક્ત કરે છે. આ ફિલ્મનું દિગ્દર્શન અભિષેક વર્મન દ્વારા કરવામાં આવ્યું છે અને શુભજીત મુખર્જીએ સંગીત આપ્યું છે, જે દ્રશ્ય અને સંગીતમય કથાને એકસાથે લાવે છે. ફિલ્મ ભારતની અનેક નવવધૂ સંસ્કૃતિઓના સારને સમાવે છે અને દરેક નવવધૂની વાર્તાને આકાર આપનારી વિધિઓ, લાગણીઓ અને વારસાની ઉજવણી કરે છે.15મી એડિશન શા માટે મહત્વની છે તે અંગે મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના ચેરમેન શ્રી એમ. પી. અહેમદે જણાવ્યું હતું કે "દર વર્ષે બ્રાઈડ્સ ઓફ ઈન્ડિયા કેમ્પેઈન આ દેશની નવવધૂઓને અમારા તરફથી એક નમન છે અને 15મી એડિશન અમારા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. અમે દર્શાવ્યું છે કે નવવધૂઓ પરંપરાનું સન્માન કેવી રીતે કરે છે અને તેમાં પોતાની અભિવ્યક્તિ લાવે છે.

વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓના ભાવ આંચકા પચાવી ફરી ઉચકાયા

## સોના-ચાંદીમાં ઉછાળા ઉભરા જેવા નિવડયા:પ્લેટીનમ તથા ક્રૂડના ભાવ વધ્યા

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઉછાળા ઉભરા જેવા નિવડતાં ભાવમાં ફરી ઘટાડો જોવા મળ્યો હતો. નવી માગ ધીમી હતી. કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ વધતા અટકી ઘટાડા પર રહેતાં ઝવેરી બજારમાં તેની અસર ભાવ પર નેગેટીવ દેખાઈ હતી. વિશ્વ બજારના સમાચાર કિંમતી ધાતુઓમાં પ્રોત્સાહક રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૪૦૦ ઘટયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૦૦૦ તૂટયા હતા. વિશ્વ બજારમાં જો કે સોનાના ભાવ ઔંશદીઠ ૪૦૬૫થી ૪૦૬૬ વાળા નીચામાં ભાવ ૪૦૪૦ થયા પછી ઉંચામાં ભાવ ૪૦૭૭ થઈ ૪૦૭૦થી ૪૦૭૧ ડોલર રહ્યાના નિર્દેશો હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૨૬૮૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૭૧૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ ઘટી રૂ.૧૫૬૦૦૦ રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૫૦.૦૨ વાળા નીચામાં ૪૯.૭૧ તથા ઉંચામાં ભાવ ૫૦.૩૯ થઈ ૫૦.૦૮થી ૫૦.૦૯ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂ.૧૨૩૨૦૦ વાળા રૂ.૧૨૨૫૬૪ થઈ રૂ.૧૨૨૮૧૪ રહ્યા હતા જ્યારે ૯૯૯ના ભાવ રૂ.૧૨૩૭૦૦ વાળા રૂ.૧૨૩૦૫૭ થઈ ૧૨૩૩૦૮ બંધ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૫૩૮૦૦ વાળા રૂ.૧૫૩૦૫૪ થઈ રૂ.૧૫૩૬૫૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૫૨૫ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઔંશદીઠ ૧૩૭૯ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ઘટાડે ફંડોનું ફરી બાઈંગ જોવા મળ્યું હતું.

## કિયા ઈન્ડિયા દ્વારા ડ્રાઈવ ગ્રીન પહેલ લોન્ચ કરાઈ: સ્વચ્છ ભવિષ્ય તરફ કટિબદ્ધતા મજબૂત બનાવે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 25

અગ્રગણ્ય માસ પ્રીમિયમ કાર ઉત્પાદક કિયા ઈન્ડિયાએ કિયા કનેક્ટ એપ પર સસ્ટેનેબિલિટી કેન્દ્રિત સહભાગ મંચ કિયા ડ્રાઈવ ગ્રીન પહેલના લોન્ચ સાથે તેના સસ્ટેનેબિલિટી વિઝનને મજબૂત બનાવવામાં આવ્યું છે. આ પહેલ પર્યાવરણીય જાગૃતિને પ્રોત્સાહિત કરવા સાથે ઈવી માલિકો સાથે ઉપભોક્તાઓનું ઊંડાણથી જોડાણ નિર્માણ કરવા બ્રાન્ડની કટિબદ્ધતા પર ફરી ભાર આપે છે.



ડ્રાઈવ ગ્રીન ફીચર હાલમાં કિયા કરેન્સ ક્લેવિસ ઈવી સાથે ઉપલબ્ધ છે અને ન્યૂ સર્વિસીસ ટેબ હેઠળ કિયા કનેક્ટ થકી પહોંચક્ષમ હોઈ સર્વ કિયા ઈવીમાં પ્રગતિશીલ રીતે રજૂ કરવામાં આવશે. કિયા કનેક્ટ એપમાં ડ્રાઈવ ગ્રીન સાથે વર્ચ્યુઅલ ઝાડ દરેક મહિનો રોપવામાં આવશે, જે ડ્રાઈવ કરેલા કિલોમીટરને આધારે પાંચ તબક્કા થકી વૃદ્ધિ પામશે. એપ ઉપભોક્તાઓને પાંચ ઈકો- બેજીસ સાથે પુરસ્કૃત કરે છે, જેમાં ગ્રીન એક્સપ્લોરર (2500 કિમી), ઈકો ચેમ્પિયન (15,000 કિમી), કાર્બન ક્રશર (25,000 કિમી), ફોરેસ્ટ ગાર્ડન (50,000 કિમી) અને પ્લેનેટ પ્રોટેક્ટર (1,00,000 કિમી) નો સમાવેશ થાય છે, જ્યારે હાંસલ કાર્બનડાયોકસાઈડ બચત પણ પ્રદર્શિત કરાય છે. દાખલા તરીકે, 100 કિમી ડ્રાઈવ કરવા પર 13.2 કિગ્રા કાર્બનડાયોક્સાઈડ*ની બચત થાય છે અને 1500 કિમી આશરે 197.6 કિગ્રા કાર્બનડાયોક્સાઈડ*ની બચત કરે છે.

કિયા ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગના સિનિયર વીપી શ્રી અતુલ સૂદે જણાવ્યું હતું કે, "કિયામાં અમારું મોબિલિટી માટે વિઝન પર્યાવરણ પ્રત્યે અમારી જવાબદારી સાથે હાથોહાથ જાય છે.

## આખરે કેમ યુકે છોડવાની તૈયારી કરી રહ્યા છે અબજોપતિ લક્ષ્મી મિત્તલ? હવે આ દેશમાં રહેશે 'સ્ટીલ કિંગ'

(એજન્સી) નવી દિલ્હી | તા 25

વિશ્વવિખ્યાત સ્ટીલ ઉદ્યોગપતિ લક્ષ્મી મિત્તલ લગભગ ત્રણ દાયકા પછી યુકે છોડવાની તૈયારી કરી રહ્યા છે. ભારતીય મૂળના આ ઉદ્યમશીલ શખ્સ લાંબા સમયથી યુકેના ધનિકોની યાદીમાં સ્થાન ધરાવતા આવ્યા છે.સરકારે મૂડી લાભ કરમાં વધારો કર્યો છે, ઉદ્યોગસાહસિકો માટેની સગવડો ઘટાડી છે અને પારિવારિક વ્યવસાયના હસ્તાંતરણ પર નવા નિયમો લાદ્યા છે. વારસા કર (Inheritance Tax) લક્ષ્મી મિત્તલ માટે સૌથી મોટી ચિંતાનો વિષય બની રહ્યો છે. કોઈ વ્યક્તિ યુકેમાં રહેતી હોય તો એણે પોતાની યુકેમાં રહેલી સંપત્તિઓ પર જ નહીં, બલ્કે દુનિયાભરમાં ફેલાયેલી સંપત્તિઓ પર વારસા કર ચૂકવવો પડે છે. આ વાત ઘણા શ્રીમંતોને નથી ગમતી. લક્ષ્મી મિત્તલના યુકે છોડવા પાછળ આ પણ એક કારણ છે.



અહેવાલોમાં 'એક્ઝિટ ટેક્સ' જેવા વધારાના પગલાઓની પણ ચર્ચા થઈ રહી છે, જેથી વૈશ્વિક સ્તરે કરોડપતિઓ અને અબજોપતિઓમાં અસ્વસ્થતા ફેલાઈ છે.

લક્ષ્મી મિત્તલ 1995માં લંડન જઈને વસ્યા હતા અને ત્યાંના અગ્રણી ઉદ્યોગપતિ બની ગયા હતા. ફોર્બ્સ મેગેઝિનની વાર્ષિક યાદી અનુસાર લક્ષ્મી મિત્તલની કુલ સંપત્તિ 21.4 અબજ અમેરિકન ડૉલર જેટલી છે. આ સાથે જ તેઓ વિશ્વના 104મા અને ભારતના 12મા ધનિક વ્યક્તિ તરીકે ઓળખાય છે. તેઓ આર્સેલર મિત્તલના ચેરમેન તરીકે કાર્યરત છે, જે વિશ્વની બીજી સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક કંપની છે. આ જૂથે 2024માં 1.3 અબજ ડૉલરની ચોખ્ખી આવક નોંધાવી હતી, તેમની પેઢીના સૌથી સફળ ઉદ્યોગપતિઓમાં સ્થાન મેળવ્યું. ભલે દાયકાઓથી યુકેમાં રહ્યા હોય, પણ તેમણે ભારતીય નાગરિકત્વ જાળવી રાખ્યું છે. લંડનના કેન્સિંગ્ટન પેલેસ ગાર્ડન્સ પર સ્થિત મૂલ્યવાન રહેણાંક મિલકતો 'બિલિયોનેર્સ રો' તરીકે ઓળખવામાં આવે છે. અહીં મિત્તલની હવેલી આવેલી છે, જે 'તાજ મિત્તલ' નામથી ઓળખાય છે. આ મિલકત 2004માં 57 મિલિયન પાઉન્ડમાં ખરીદવામાં આવી હતી. 55,000 ચોરસ ફૂટમાં પસરાયેલી આ હવેલીમાં બોલરૂમ, વિશિષ્ટ સ્વિમિંગ પૂલ અને 20 કાર માટે પાર્કિંગની સગવડ છે. અહેવાલો મુજબ, મિત્તલ પરિવાર આ મિલકત વેચવા નથી ઈચ્છતો.મિત્તલ પહેલાથી જ દુબઈમાં એક હવેલી ધરાવે છે. તેમણે યુએઈના એક ટાપુ પર જમીન ખરીદી હોવાના અહેવાલો પણ છે. દુબઈ અને સ્વિટ્ઝર્લેન્ડ જેવાં સ્થળોએ વારસા કર લાગુ ન હોવાથી તે શ્રીમંત પરિવારોમાં પસંદગીના સ્થળો બની રહ્યા છે. શું લક્ષ્મી મિત્તલ પણ આ કારણસર દુબઈ સ્થળાંતર કરી જશે કે પછી વતન ભારત આવી જશે, એ જાણવું રસપ્રદ રહેશે.

## ઓર્ગેનિક ખેતીથી સૌર ઉર્જા સુધી : પર્યાવરણને આ રીતે બચાવે છે પતંજલિ

(એજન્સી) નવી દિલ્હી | તા 25

ઓર્ગેનિક ખેતી, સૌર ઉર્જા, કચરાનું વ્યવસ્થાપન અને જળ સંરક્ષણમાં પહેલ દ્વારા ભારતની ગ્રીન ઝુંબેશને વેગ આપવામાં આવી રહ્યો છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રદૂષણ ઘટાડવા અને સ્વસ્થ ભવિષ્ય સુનિશ્ચિત કરવાનો છે. પતંજલિ આ ક્ષેત્રોમાં કેવી રીતે સામેલ છે તે જાણો.પતંજલિ આયુર્વેદ દાવો કરે છે કે, કંપની ઓર્ગેનિક ખેતી, સૌર ઉર્જા અને કચરાનુ વ્યવસ્થાપન દ્વારા પર્યાવરણનું રક્ષણ કરવા માટે સક્રિયપણે કાર્ય કરી રહી છે. કંપની ઓર્ગેનિક ખાતર વિકસાવવા, સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા અને ઘન અને જૈવિક કચરાને ખાતરમાં રૂપાંતરિત કરવામાં સક્રિયપણે સામેલ છે.પતંજલિ આયુર્વેદ જણાવે છે કે, તેની પર્યાવરણીય પહેલ દ્વારા, તેઓ પર્યાવરણીય સંરક્ષણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. પતંજલિ દાવો કરે છે કે, સ્વામી રામદેવના નેતૃત્વ હેઠળ, કંપનીએ માત્ર આયુર્વેદિક ઉત્પાદનોને જ પ્રોત્સાહન આપ્યું નથી પરંતુ ટકાઉ કૃષિ, નવીનીકરણીય ઉર્જા અને કચરા વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં પણ અનેક નવીન પગલાં લીધાં છે. આ પહેલનો હેતુ પર્યાવરણ પર સકારાત્મક અસર કરવાનો અને આવનારી પેઢીઓ માટે સ્વસ્થ ભવિષ્ય સુનિશ્ચિત કરવાનો છે. પતંજલિએ જણાવ્યું હતું કે કંપનીએ ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે અનેક પગલાં લીધાં છે. પતંજલિ ઓર્ગેનિક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (PORI) દ્વારા, કંપનીએ ઓર્ગેનિક ખાતરો અને ઓર્ગેનિક જંતુનાશકો વિકસાવ્યા છે, જે રાસાયણિક ખાતરો પર નિર્ભરતા ઘટાડે છે. આ ઉત્પાદનો જમીનની ફળદ્રુપતામાં સુધારો કરે છે અને પાકની ગુણવત્તામાં વધારો કરે છે. PORI એ આઠ રાજ્યોમાં 8,413 ખેડૂતોને તાલીમ આપી છે અને તેમને ઓર્ગેનિક ખેતી અપનાવવામાં મદદ કરી છે. આનાથી માટી, પાણી અને વાયુ પ્રદૂષણમાં ઘટાડો થયો છે અને જૈવવિવિધતાને પણ પ્રોત્સાહન મળ્યું છે.પતંજલિ સૌર ઉર્જા ક્ષેત્રમાં પણ સક્રિય છે. પતંજલિ દાવો કરે છે કે. કંપનીએ સૌર ઉર્જા, ઈન્વર્ટર અને બેટરી જેવા ઉત્પાદનોને વધુ સસ્તા બનાવ્યા છે, જેનાથી ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છ ઉર્જાને પ્રોત્સાહન મળે છે. સ્વામી રામદેવનું વિઝન દરેક ગામ અને શહેરમાં 'પતંજલિ ઉર્જા કેન્દ્રો' સ્થાપિત કરવાનું છે. જે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરશે. આ પહેલ માત્ર પર્યાવરણને લાભ જ નહીં પરંતુ ગ્રામીણ સમુદાયોને સસ્તી વીજળી પણ પૂરી પાડે છે.

પતંજલિએ જણાવ્યું હતું કે, પતંજલિ યુનિવર્સિટીએ એક અનોખી કચરા વ્યવસ્થાપન પહેલ શરૂ કરી છે, જે સૂકા કચરાને ખાતરમાં રૂપાંતરિત કરે છે અને ગાયના છાણમાંથી યજ્ઞ સામગ્રી તૈયાર કરે છે. આ પ્રાચીન જ્ઞાન અને આધુનિક ટેકનોલોજીનું એક અનોખું મિશ્રણ છે, જે કચરો ઘટાડવામાં અને ટકાઉ સામગ્રી બનાવવામાં મદદ કરે છે. આ પહેલ પર્યાવરણને સ્વચ્છ રાખવા ઉપરાંત સાંસ્કૃતિક મૂલ્યોને પણ પ્રોત્સાહન આપે છે.

પતંજલિએ જણાવ્યું હતું કે કંપનીએ જળ સંરક્ષણ અને વૃક્ષારોપણ જેવા પગલાંને પ્રાથમિકતા આપી છે. કંપનીએ પાણી બચાવવાની તકનીકો અપનાવી છે અને મોટા પાયે વૃક્ષારોપણ ઝુંબેશ શરૂ કરી છે. આ પગલાં પર્યાવરણીય સંતુલન જાળવવા અને આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે મહત્વપૂર્ણ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, માગસર સુદ-06

# ખતરનાક યોજનાઓ

નાપાકી પાકિસ્તાન છેલ્લી સદીથી સરહદી રાજ્ય પંજાબને અસ્થિર કરવાનું કાવતરું ઘડી રહ્યું છે. પરંતુ હવે ડ્રગ્સના દુષણનો વ્યવસ્થિત રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે ચિંતાજનક છે. પાકિસ્તાનની સરહદે આવેલા પંજાબના જિલ્લાઓમાં ડ્રગ્સનો પુરવઠો સતત ચાલુ છે. પરંતુ હવે, આ ષડયંત્રે એક ચિંતાજનક અને અનૈતિક વળાંક લીધો છે. પાકિસ્તાન સ્થિત ડ્રગ માફિયાઓ ભારતીય સરહદ પારથી સગીરોને ડ્રગ સપ્લાયર તરીકે ભરતી કરી રહ્યા છે. આ કોઈ સામાન્ય કાવતરું નથી, પરંતુ એક ખતરનાક વલણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તે ટેકનોલોજીકલ ફેરફારો, કાનૂની છટકબારીઓ અને સૌથી ઉપર, બાળકોની નિર્દોષતાનો ઉપયોગ કરવાનો એક નિંદનીય પ્રયાસ છે. ખરેખર, સરહદ પારના ડ્રગ માફિયાઓ કાયદામાં છટકબારીઓ અને સંજોગોનો ઉપયોગ કરવા માટે ઝડપી છે. તેઓ અમૃતસર, તરનતારન, ફિરોઝપુર અને ફાઝિલ્કાના કિશોરોને લલચાવી રહ્યા છે. આમાંના ઘણા કિશોરો આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા પરિવારોમાંથી આવે છે. તેમને થોડા રૂપિયા અને સ્માર્ટફોનના વચનથી પણ લલચાવી દેવામાં આવે છે. વધુમાં, જે કિશોરો પહેલાથી જ ડ્રગ્સના દુરૂપયોગના દલદલમાં ફસાઈ ગયા છે તેઓ તેમના સંવેદનશીલ સ્થળોનો ઉપયોગ કરીને મફત ડ્રગ્સથી લલચાવી દેવામાં આવે છે. કોઈપણ દેશના કિશોરો ડ્રગ નેટવર્કમાં ફસાઈ જાય છે તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. બાળકો ભારતના ભાવિ નેતાઓ છે. જો તેઓ હવેથી ડ્રગના વેપાર અને ડ્રગ સપ્લાયમાં સામેલ થઈ જાય, તો રાષ્ટ્ર અને સમાજ માટે ભવિષ્ય શું રાખશે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. આ કિશોરો લોભથી જે કાર્ય કરી રહ્યા છે તે ખરેખર ખતરનાક છે. તેઓ ડ્રોનમાંથી છોડવામાં આવતા હેરોઈનના પેકેટ અને કેટલાક કિસ્સાઓમાં ખતરનાક ગેરકાયદેસર શસ્ત્રો ઉપાડે છે અને ડ્રગ માફિયા દ્વારા નિયુક્ત એજન્ટોને પહોંચાડે છે. હકીકતમાં, કિશોરોની સામાન્ય પ્રવૃત્તિઓને સામાન્ય રીતે શંકાસ્પદ માનવામાં આવતી નથી. તેમના સ્વચ્છ રેકોર્ડ તેમને કાયદા અમલીકરણ અધિકારીઓની તપાસથી બચાવે છે. જો સગીરોની ધરપકડ કરવામાં આવે તો પણ, તેઓ ભારતીય કાયદા હેઠળ ગંભીર સજાથી બચી જાય છે. આમ, તેમની નાની ઉંમર તેમને સરહદ પાર ડ્રગ હેરફેર કરનારાઓ માટે ઉપયોગી બનાવે છે. આ બાળકો સામે કાર્યવાહી કરતી વખતે અમલીકરણ એજન્સીઓએ ઉદાર વલણ અપનાવવું જોઈએ. ખરેખર, કેટલાક બાળકો સંજોગોનો ભોગ બને છે. તેઓ સ્વાભાવિક રીતે ગુનેગાર નથી. કેટલાક ચાલાક ગુનેગારો તેમનું શોષણ કરે છે અને તેમને ગુનાના દલદલમાં ધકેલી દે છે. વાસ્તવમાં, તેઓ સરળતાથી સરહદ પારથી રચાયેલા કાવતરા અને આપણી પોતાની સિસ્ટમની નબળાઈઓને કારણે ઉદ્ભવતા ગુનાહિત વ્યવસ્થાનો શિકાર બને છે. ભારતીય કિશોર ન્યાય અધિનિયમનો હેતુ સગીરોમાં સુધારો અને રક્ષણ કરવાનો છે. જોકે, સંગઠિત નેટવર્ક્સ પોતાના એજન્ડાને આગળ વધારવા માટે આ કાયદાની ભાવનાનો ઉપયોગ કરી રહ્યા છે. આપણે 21મી સદીમાં 20મી સદીની પદ્ધતિઓથી ડ્રગ હેરફેરનો સામનો કરી શકતા નથી. પ્રસંગોપાત ધરપકડો, છૂટાછવાયા દરોડા અને ઉદાર ચેતવણીઓ અપૂરતી છે. ગુનાની ગંભીરતાને અનુરૂપ પ્રતિભાવ ચોક્કસપણે જરૂરી છે. સરહદ દેખરેખને આધુનિક બનાવવાની તાત્કાલિક જરૂર છે. શાળાઓ, પંચાયતો, સમુદાયના નેતાઓ અને નાગરિક સમાજે બાળકોના ઉછેરને ઓળખવા અને માર્ગદર્શન આપવા માટે પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ વિકસાવવી જોઈએ. માતાપિતાએ પણ તેમના બાળકોના ભટકાઈ જવાના જોખમો પ્રત્યે સંવેદનશીલ રહેવાની જરૂર છે. સમુદાયોએ પણ સતર્ક રહેવાની જરૂર છે. જોખમમાં રહેલા યુવાનોને વધુ સારું શિક્ષણ, નોકરી કૌશલ્ય અને નાણાકીય સહાય પૂરી પાડવી જોઈએ જેથી તેઓ લાલચમાં ન ફસાઈ જાય અને ખોટો રસ્તો પસંદ ન કરે.

---

**કંપનીની મનમાની સામે મજદૂરોની અડગ લડત: ૧ ડિસેમ્બરથી ભૂખ હડતાળનો પ્રારંભ**

# નલિયામાં મજદૂરોની માંગ સ્વીકારો: કંપનીને આખરીનામું - ભૂખ હડતાળનો ખતરો

**નલિયા નાયબ કલેક્ટર કચેરી બન્યું આંદોલનનું કેન્દ્ર: ન્યાય માટે 8 દિવસથી ધરણાં**

મહેશ એલ. સોની | નખત્રાણા

છેલ્લા આઠ દિવસથી કચ્છના નલિયા ખાતે આવેલી નાયબ કલેક્ટર કચેરીનું પ્રાંગણ જખૌ સ્થિત અર્ચન કંપનીના મજદૂરો અને તેમના સમર્થકો માટે ન્યાયની આશાનું કેન્દ્ર બન્યું છે. મજદૂર સંઘ અને તેમને સમર્થન આપવા જોડાયેલા બહુજન આર્મીના સંસ્થાપક શ્રી લખનભાઈ ધુવાએ કંપનીની બેદરકારી અને અન્યાયી વલણ સામે મૌન તોડીને હવે આરપારની લડાઈનો રસ્તો અપનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. મજદૂરોની પડતર માંગણીઓને લઈને ચાલી રહેલા આ ધરણાં આંદોલનને હવે અંતિમ પડાવ પર લાવતા, શ્રી ધુવાએ કંપનીને ૩૦ નવેમ્બર સુધીનું આખરીનામું જાહેર કર્યું છે. જો આ સમયગાળામાં માંગણીઓ નહીં સ્વીકારાય, તો ૧



ડિસેમ્બરથી ભૂખ હડતાળ પર ઉતરવાની સીધી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

જખૌની અર્ચન કંપનીના મજદૂરો પોતાની વ્યાજબી માંગણીઓ માટે નલિયામાં નાયબ કલેક્ટર કચેરીના પટાંગણમાં શાંતિપૂર્ણ ધરણાં કરી રહ્યા છે. આ આંદોલનને આજે આઠમો દિવસ વીતી ગયો છે. સૌથી ગંભીર અને ચિંતાજનક બાબત એ છે કે આટલા દિવસો વીતવા છતાં પણ અર્ચન કંપનીના એક પણ પદાધિકારી કે પ્રતિનિધિએ ધરણાં સ્થળની મુલાકાત લેવાની તસ્દી લીધી નથી. કંપનીના આ સંપૂર્ણ બેદરકાર વલણથી મજદૂર સંઘ અને સમર્થકોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ છે. મજદૂર સંઘની લડતમાં બહુજન આર્મીના પ્રમુખ શ્રી લખનભાઈ ધુવા સ્વયં જોડાયા છે, જે દર્શાવે છે કે આ લડત હવે માત્ર મજદૂરો પૂરતી મર્યાદિત ન રહેતા એક વ્યાપક સામાજિક મુદ્દો બની ચૂકી છે.

મજદૂર સંઘના નેજા હેઠળના આ આંદોલનનો મૂળ હેતુ અર્ચન કંપની દ્વારા મજદૂરોના હકોનું રક્ષણ કરાવવાનો છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, મજદૂરોની મુખ્ય માંગણીઓ યોગ્ય વેતન, કાયદાકીય જોગવાઈઓ મુજબના લાભો અને કાર્યસ્થળ પર યોગ્ય વ્યવહાર સાથે જોડાયેલી છે. વારંવારની રજૂઆતો અને આવેદનપત્રો પછી પણ કંપની તરફથી કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતાં, મજદૂરોએ અંતે આ લોકશાહી માર્ગ અપનાવ્યો છે.

બહુજન આર્મીના સંસ્થાપક શ્રી લખનભાઈ ધુવાએ મીડિયા અહેવાલ સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, 'અમને આશા હતી કે તંત્ર અને કંપની આઠ દિવસમાં કોઈ યોગ્ય પગલું ભરશે, પરંતુ તેમનો પથ્થર દિલ વલણ યથાવત રહ્યું છે.

---

# કલરાવાંઢ પ્રાથમિક શાળાનું ગૌરવ : 3500 બોટલથી 'પ્લાસ્ટિક મુક્ત' વર્લ્ડ રેકોર્ડ

મહેશ એલ.સોની | નખત્રાણા

કચ્છના લખપત તાલુકાના નાના એવા કલરાવાંઢ ગામની શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળાએ એક અસામાન્ય અને પર્યાવરણ લક્ષી સિદ્ધિ હાંસલ કરીને માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે. 'મારી શાળા પ્લાસ્ટિક મુક્ત શાળા' અભિયાન અંતર્ગત આ શાળાને વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન આપવામાં આવ્યું છે. ૩૫૦૦થી વધુ પ્લાસ્ટિકની બોટલોનું સફળતાપૂર્વક કલેક્શન કરીને શાળાએ પોતાને સંપૂર્ણપણે પ્લાસ્ટિક મુક્ત જાહેર કરી, આ ઝુંબેશનો સમગ્ર અહેવાલ વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડસમાં સબમિટ કરવામાં આવ્યો હતો. આ ભગીરથ પ્રયોગ સફળ થતાં શાળાને વૈશ્વિક કક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે, જે સમગ્ર ગુજરાતના શૈક્ષણિક જગત માટે પ્રેરણારૂપ છે. શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિએ આ સિદ્ધિની માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ અભિયાન માત્ર એક ઝુંબેશ નહોતી, પરંતુ પર્યાવરણ પ્રત્યેની સામાજિક જવાબદારીનું પ્રતિબિંબ હતું. શાળા દ્વારા હાથ ધરાયેલા આ અભિયાનમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક સમુદાયે ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાએ કુલ ૩૫૦૦થી વધુ નકામી પ્લાસ્ટિકની બોટલોનું કલેક્શન કરીને, શાળાના પરિસરને પ્લાસ્ટિકના કચરાથી સંપૂર્ણપણે મુક્ત કરાવ્યું. આ અભિયાનનો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓમાં બાળપણથી જ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સભાનતા કેળવવાનો હતો. સમગ્ર પ્રયોગની વિશ્વસનીયતા ચકાસવામાં આવી અને સફળતા મળતા, શાળાને ગૌરવશાળી વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું. આ અભૂતપૂર્વ સફળતા પાછળ અનેક મહાનુભાવો અને સંસ્થાઓનો સહયોગ રહેલો છે. આચાર્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે, કપડવંજ શાળાના આચાર્ય શ્રી મિનેષભાઈ પ્રજાપતિ, પ્લાસ્ટિક મુક્ત શાળા અભિયાનના પ્રણેતા શ્રી પુલકિતભાઈ જોશી સુરેશભાઈ ઠક્કર અને રાજ્ય સંયોજક ટીમ સહિત ૨૦૦ કરતાં વધુ સંયોજકો આ અભિયાનમાં જોડાયા હતા.

---

**મંત્રીમંડળ બદલાયું, પ્રમુખ બદલાયા વ્યવસ્થામાં બદલાવ ન આવ્યો**

# સચિવાલયમાં આત્મહત્યાના પ્રયાસથી રાજકારણમાં ગરમાવો: AAPનો પ્રહાર

(એજન્સી) ગાંધીનગર | તા.25

ગુજરાતમાં ચોતરફ ફેલાયેલી અવ્યવસ્થા અને વહીવટી નિષ્ફળતાઓ અંગે આમ આદમી પાર્ટી (AAP)ના ગુજરાત પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ ભાજપ સરકાર પર અત્યંત આકરા પ્રહારો કર્યા છે. તાજેતરમાં સચિવાલય ખાતે એક મંત્રીના કાર્યાલયની બહાર એક મહિલાએ 'ખાવાનું મળતું નથી' જેવી ગંભીર ફરિયાદ સાથે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાના સનસનાટીપૂર્ણ બનાવ બાદ શ્રી સોરઠીયાએ વીડિયો માધ્યમથી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ગુજરાતમાં સરકાર નહીં પણ 'સર્કસ' ચાલી રહ્યું છે અને અહીં તાયફાઓ સિવાય અન્ય કોઈ ઉત્પાદક કામ થતા નથી.

મનોજ સોરઠીયાએ રાજ્યના વહીવટી તંત્રની ગંભીર બેદરકારીને ઉજાગર કરતાં જણાવ્યું હતું કે, ભલે ભાજપે મંત્રીમંડળ અને પ્રદેશ પ્રમુખ બદલી નાખ્યા હોય, પરંતુ વ્યવસ્થામાં કોઈ બદલાવ આવ્યો નથી. તેમણે એક અખબારી અહેવાલનો સંદર્ભ આપતા મોટો દાવો કર્યો કે, 'મુખ્યમંત્રીએ આદેશ કરેલા દિવસોએ પણ મંત્રીઓ મંત્રાલયમાં બેસતા નથી. આનો સીધો અર્થ છે કે મુખ્યમંત્રીની વાત કોઈ માનતું નથી.' તેમણે સવાલ ઉઠાવ્યો કે જ્યારે મંત્રીઓ જ નિયમિત હાજર રહેતા નથી, ત્યારે અધિકારીઓ લોકોના કામ કેમ સાંભળશે? સતત એવી ફરિયાદો ઉઠી રહી છે કે અધિકારીઓ કોઈની વાત સાંભળતા નથી અને સામાન્ય જનતાના કામ થતા નથી.

AAP નેતાએ ભૂતકાળમાં થયેલી ગંભીર દુર્ઘટનાઓ જેમ કે ગંભીરા બ્રિજ દુર્ઘટના, મોરબી બ્રિજ દુર્ઘટના અને હરણી તળાવ કાંડ નો ઉલ્લેખ કરીને આક્ષેપ કર્યો કે સરકારે આટલી મોટી દુર્ઘટનાઓમાંથી પણ કોઈ બોધપાઠ લીધો નથી. તેમણે રાજ્યની સ્થિતિની ગંભીરતા દર્શાવતા જણાવ્યું કે, જ્યાં એક તરફ SIR (સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન)ના કામ અનેક રાજ્યોમાં સફળતાપૂર્વક થઈ રહ્યા છે, ત્યાં ગુજરાતમાં BLO (બૂથ લેવલ ઓફિસર) આત્મહત્યા કરી રહ્યા છે. માત્ર BLO જ નહીં, પરંતુ ખેડૂતો અને વેપારીઓ પણ આત્મહત્યાના માર્ગે જઈ રહ્યા છે.

---

**વિશ્વાસ પ્રોજેક્ટના કેમેરાની મદદથી મોટી સફળતા**

# જૂનાગઢ પોલીસે 72 હજારનો મુદ્દામાલ મૂળ માલિકને પરત કર્યો

નરેન્દ્ર દવે | જૂનાગઢ, તા. 25

જૂનાગઢ પોલીસે 'પોલીસ પ્રજાનો મિત્ર છે' એ સૂત્રને ફરી એકવાર સાર્થક કરતાં, તેની વિશેષ નેત્રમ શાખા દ્વારા 'તેરા તુજકો અર્પણ'ની ભાવના સાથે ઉત્તમ કામગીરી કરી છે. રેન્જના આઈજી શ્રી નિલેશ જાજડીયા અને જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ, P.S.I. પ્રતિક મશરૂના સીધા સુપરવિઝનમાં કાર્યરત નેત્રમ શાખાના પી.એસ.આઈ. એચ.પી. મકવાણા અને તેમની ટીમે ૧૦ અરજદારોના ખોવાયેલા કિંમતી સામાન અને રોકડ રકમ સહિત કુલ રૂ. ૭૨,૪૪૯/- નો મુદ્દામાલ શોધીને તેના મૂળ માલિકોને તાત્કાલિક પરત અપાવ્યો હતો. આ કામગીરી દ્વારા પોલીસે સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે. આ સફળ કામગીરીમાં પોલીસને વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલા અત્યાધુનિક સીસીટીવી કેમેરાની મદદ મળી હતી. નેત્રમ શાખાના તજજ્ઞોએ આ કેમેરાના ફૂટેજનો ઉપયોગ કરીને અલગ-અલગ વિસ્તારોમાં ખોવાયેલા સામાનને શોધી કાઢવામાં ઝડપી અને સચોટ કાર્યવાહી કરી હતી. ૧૦ અરજદારોના વિવિધ પ્રકારના ખોવાયેલા સામાનમાં મુખ્યત્વે ત્રણ મોબાઈલ ફોન, રોકડ રકમ, દસ્તાવેજો સહિતના પાકીટ અને બેગ્સ તથા અન્ય કિંમતી વસ્તુઓનો સમાવેશ થાય છે. આ સિવાય અન્ય પાંચ અરજદારો, જેમાં દિપુબેન મકવાણા, કેશોદના મંજુબેન, સંદિપભાઈ અંટાળા, જયાબેન શિંગાળા અને વિપુલભાઈ ભટ્ટનો સમાવેશ થાય છે.

---

# વાઈબ્રન્ટ ગુજરાતનું શક્તિપ્રદર્શન: સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૦,૦૦૦ ચો.મી.નું પ્રદર્શન

ગાંધીનગર | ગુજરાત સરકાર દ્વારા રાજ્યના પશ્ચિમ પટ્ટામાં ઔદ્યોગિક વિકાસ અને સમાવેશી વૃદ્ધિને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આગામી ૮ થી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ગુજરાતનું ઔદ્યોગિક પાટનગર ગણાતા રાજકોટ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનની બીજી આવૃત્તિ યોજાવા જઈ રહી છે. આ ભવ્ય પ્રદર્શન કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગો, સરકારી સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકો માટે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું કૌવત પ્રદર્શિત કરવા માટેનું એક ઉચ્ચ પ્લેટફોર્મ પૂરું પાડશે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની બીજી આવૃત્તિ પણ ૮ અને ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાશે.

---

# સગીરાનું અપહરણ અને બદકામ: ફરાર પોક્સો આરોપીને જામનગરમાંથી દબોચી લેવાયો

જૂનાગઢ | જૂનાગઢ જિલ્લામાં મહિલાઓ અને બાળકો વિરુદ્ધના ગુન્હાઓ પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે. જેના ભાગરૂપે જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષકશ્રી નિલેશ જાજડીયા અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સુબોધ ઓડેદરા સાહેબના સચોટ માર્ગદર્શન હેઠળ ગુન્હેગારોને ઝડપથી પકડી પાડવાની કવાયત તેજ બની છે. આ દિશામાં બી ડિવિઝન પોલીસ સ્ટેશને એક મોટી સફળતા હાંસલ કરી છે, જેમાં અપહરણ અને પોક્સોના ગુન્હામાં ફરાર આરોપીને જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નિકાવા ગામમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૮૬૧/૨૦૨૫ થી BNS એક્ટ ૨૦૨૩ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ) તથા પોક્સો એક્ટની કલમ ૪, ૬, ૮ અને ૧૨ મુજબ ગુન્હો નોંધાયો હતો. આ ગુન્હામાં ભોગ બનનાર સગીર વયની દીકરીનું આરોપી દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું.

---

**આવકાર ફાર્મા ડ્રગ્સ મામલે કાર્યવાહી કેમ નહીં: 5000 કરોડનું કૌભાંડ**

# દારૂ અને ડ્રગ્સના કારોબાર મુદ્દે આપનો મોટો પ્રહાર : ૩૫ વિડીયો સરકારને અપાયા

(એજન્સી) ગાંધીનગર | તા.25

ગુજરાતમાં કડક દારૂબંધી અને નશાબંધીના કાયદાઓ હોવા છતાં, ગેરકાયદેસર દારૂ અને ડ્રગ્સના કારોબારનું દૂષણ યથાવત છે. આ ગંભીર મુદ્દે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આજે ગાંધીનગર ખાતે મીડિયા સમક્ષ આવીને ભાજપ સરકાર અને વહીવટી તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સીધો આક્ષેપ કરતાં કહ્યું કે, રાજ્યમાં દારૂબંધી માત્ર કાગળ પર જ રહી છે, જ્યારે હકીકતમાં નશાનો કાળો વેપાર ફૂલીફાલી રહ્યો છે. ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મેળવવાને બદલે, સરકારી તંત્ર જ હપ્તાખોરીના રાહે આ વેપારને છૂપો ટેકો આપી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો તેમણે કર્યા હતા. ધારાસભ્ય ચૈતર વસાવાએ ભૂતકાળમાં પકડાયેલા ડ્રગ્સના કૌભાંડોનો ઉલ્લેખ કરીને સરકારની કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ જ્યારે આવકાર ફાર્મામાં ૫૦૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું હતું, તે ઉપરાંત ૨૪૦૦ કરોડનું ડ્રગ્સ અને સાયકામાંથી ૧૩૮૩ કરોડનું ડ્રગ્સ પકડાયું હતું.

આ આંકડાઓ દર્શાવે છે કે, ગુજરાતમાં નશાનું વેચાણ એક વ્યવસ્થિત સિન્ડિકેટ દ્વારા ચાલી રહ્યું છે. આટલા મોટા પાયાના કૌભાંડો બહાર આવ્યા હોવા છતાં સરકારે આ ડ્રગ્સની સિસ્ટમ સામે યોગ્ય અને કડક કાર્યવાહી કરી નથી, જેના કારણે આવા વેપાર પર રોક લાગી નથી.શ્રી વસાવાએ આ મામલે સરકારની નિષ્ક્રિયતા પર સવાલ ઉઠાવીને કહ્યું કે, 'અમે એક વર્ષ પહેલાં પણ ભરૂચના કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું. જો સરકાર અને પોલીસ તંત્ર ગંભીરતાથી આ મુદ્દે કામ કરે તો આ દૂષણ જડમૂળથી નાબૂદ થઈ શકે તેમ છે, પરંતુ તેમની ઈચ્છાશક્તિનો અભાવ સ્પષ્ટ દેખાય છે.'

---

# દાહોદમાં મતદારયાદી સુધારણાનું ભગીરથ કાર્ય: BLOએ કલેક્ટર સમક્ષ મૂક્યા અનુભવો

દાહોદ | લોકશાહીના પાયા સમાન મતદારયાદીને સંપૂર્ણપણે સચોટ અને દોષમુક્ત બનાવવા માટે દાહોદ જિલ્લામાં ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR)-૨૦૨૬ અંતર્ગત પ્રશંસનીય કામગીરી ચાલી રહી છે. આ અભિયાનની કરોડરજ્જુ સમાન બુથ લેવલ ઓફિસર્સ (BLO) દ્વારા થઈ રહેલી ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ લઈને દાહોદના કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ શ્રેષ્ઠ કામગીરી કરનાર BLOનું રૂબરૂ સન્માન કર્યું હતું અને તેમના અનુભવો જાણ્યા હતા. આ BLOની નિષ્ઠા અને જનસેવાની ભાવના ખરેખર બિરદાવવાને લાયક છે. કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ શ્રેષ્ઠ કામગીરી કરનાર BLOને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કર્યા હતા અને આ સમયગાળા દરમિયાન તેમને થયેલા અનુભવો અને પ્રતિભાવો પર ચર્ચા કરી હતી. આ પ્રસંગે BLOએ પોતાના સ્વ-શબ્દોમાં જે ભાવના વ્યક્ત કરી તે તેમની કાર્યનિષ્ઠા દર્શાવે છે.

---

**યુવા શક્તિને નવી દિશા આપવા સાંસદ ખેલ મહોત્સવનું આયોજન**

# સંખેડામાં સાંસદ ખેલ મહોત્સવનું ભવ્ય આયોજન: ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહન

કમલેશ પટેલ, સંખેડા તા.25

ખેલકૂદ થકી યુવા શક્તિને રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિમાં જોડવાના આશય સાથે આજે સંખેડા તાલુકા ખાતે સાંસદ ખેલ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા અને યુવાનોમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વધારવા માટે રાજકીય અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. છોટાઉદેપુર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મલકાબેન પટેલના અધ્યક્ષ સ્થાને આયોજિત આ મહોત્સવમાં સંખેડા સહિત સમગ્ર વિસ્તારના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ખેલ મહોત્સવમાં છોટાઉદેપુર લોકસભાના સંસદ શ્રી જશુભાઈ રાઠવા વિશેષરૂપે હાજર રહ્યા હતા અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, સંખેડાના ધારાસભ્યશ્રી, છોટાઉદેપુર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મલકાબેન



પટેલ, પ્રમુખશ્રી દિપીકાબેન રાહુલભાઈ તડવી, APMC ચેરમેનશ્રી, ભૌમિકભાઈ (લાડુ) દેસાઈસહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્યો અંજુબેન વિનોદભાઈ સક્સેના અને અરુણાબેન કમલેશભાઈ તડવી પણ હાજર રહ્યા હતા. પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ, APMC વાઈસ ચેરમેન સંજયભાઈ દેસાઈ, સંખેડા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી નીતિનભાઈ શાહ, અને મંડળના મહામંત્રી શ્રીઓ દેવસિંહભાઈ ભરવાડ, શૈલેષભાઈ વસાવા જેવા સંગઠનના અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ ખેલાડીઓને શુભેચ્છા પાઠવીને રમતગમતનું મહત્વ સમજાવ્યું હતું.

આ ખેલ મહોત્સવના સફળ આયોજન પાછળ સંખેડા મંડળના ઈન્ચાર્જ, ગોલા ગામડીના સરપંચ શ્રી નિરવભાઈ તડવી અને તેમની ટીમે સરાહનીય ભૂમિકા ભજવી હતી. પાર્ટીના સિનિયર આગેવાનો, સંગઠનના હોદ્દેદારો અને તમામ મોરચાના આગેવાનોની સક્રિય ઉપસ્થિતિએ આ કાર્યક્રમને સફળતાના શિખરે પહોંચાડ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું હતું કે, સાંસદ ખેલ મહોત્સવ એ માત્ર રમતગમતનો કાર્યક્રમ નથી, પરંતુ યુવાનોમાં તંદુરસ્ત સ્પર્ધા, શિસ્ત અને રાષ્ટ્રીય ભાવના કેળવવાનું એક મંચ છે. રમતગમત વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. આ પ્રકારના આયોજનોથી ગામડા અને તાલુકા સ્તરે છુપાયેલી પ્રતિભાઓને બહાર આવવાની અને રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે પોતાના કૌશલ્યનું પ્રદર્શન કરવાની તક મળે છે.

---

# ગુજરાતના 2000 શિક્ષકો દિલ્હીમાં: જૂની પેન્શન યોજના અને TET મુક્તિ માટે રાષ્ટ્રીય લડત

સુશીલ પવાર | ડાંગ

ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષકોએ તેમની પડતર અને લાંબા સમયથી લટકતી માંગણીઓ માટે હવે રાષ્ટ્રીય સ્તરે લડતનો ધમધમાટ શરૂ કર્યો છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ, રાજ્યના આશરે ૨૦૦૦ જેટલા શિક્ષક ભાઈ-બહેનોએ સોમવાર, ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર ખાતે એક દિવસીય ધરણા કાર્યક્રમમાં હાજરી આપી હતી. ડાંગ જેવા અંતરિયાળ જિલ્લાના શિક્ષકો સહિત હજારોની સંખ્યામાં શિક્ષકોની દિલ્હી કૂચ એ વાતનો સંકેત આપે છે કે શિક્ષણ જગતમાં આક્રોશ ચરમસીમાએ છે. આ રાષ્ટ્રીય સ્તરની લડતનો ઉદ્દેશ બે મુખ્ય માંગણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે, જે વર્ષોથી શિક્ષકોના ભવિષ્ય અને વર્તમાનને અસર કરી રહી છે. સંઘની મુખ્ય માંગણી છે કે વર્ષ ૨૦૦૪ પછીના શિક્ષક કર્મચારીઓને તેમનો અધિકાર ગણાતી જૂની પેન્શન યોજના પુનઃસ્થાપિત કરવામાં આવે. નવી પેન્શન યોજનાના કારણે શિક્ષકોનું નિવૃત્તિ જીવન અનિશ્ચિતતાથી ભરેલું બન્યું છે.

---

**ડાંગ જિલ્લાના કોંગ્રેસ આગેવાનો અને કાર્યકરો દ્વારા નવનિયુક્ત પ્રમુખને શુભેચ્છા**

# ડાંગ કોંગ્રેસમાં સંગઠન મજબૂત: આદિવાસી સેલના પ્રમુખ તરીકે નીતિન ગાઈનની નિમણૂંક

સુશીલ પવાર | ડાંગ તા.24

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદિવાસી વિભાગે ડાંગ જિલ્લામાં સંગઠનને વધુ મજબૂત અને ગતિશીલ બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ડાંગ જિલ્લાનાં આદિવાસી સેલના પ્રમુખ તરીકે નીતિન ગાઈનની સત્તાવાર નિમણૂંક કરવામાં આવી છે. તેમની નિમણૂંકનો મુખ્ય ઉદ્દેશ ડાંગ જિલ્લાનાં આદિવાસી સમાજના હક્ક, વિકાસ અને પાયાના સ્તરે સંગઠનને વધુ અસરકારક રીતે મજબૂત બનાવવાનો છે. આ નિમણૂકથી કોંગ્રેસ પક્ષમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



પાર્ટીના વરિષ્ઠ આગેવાનો દ્વારા આ નિમણૂંકને આવકારતા જણાવવામાં આવ્યું હતું કે, નીતિન ગાઈન માત્ર એક ઉત્સાહી કાર્યકર જ નથી, પરંતુ તેઓ ખાતળ ગામના નવનિયુક્ત સરપંચની જવાબદારી પણ નિભાવી રહ્યા છે. તેઓ લાંબા સમયથી કોંગ્રેસ સંગઠન સાથે સક્રિય રીતે જોડાયેલા રહ્યા છે અને સતત આદિવાસી સમાજના પ્રશ્નો ઉકેલવા માટે સક્રિય કામગીરી કરતા આવ્યા છે. તેમની આ સંગઠન પ્રત્યેની નિષ્ઠા અને જનસેવક તરીકેની છાપને ધ્યાનમાં રાખીને જ આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. પાર્ટીના નેતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે નીતિન ગાઈનના નેતૃત્વ હેઠળ ડાંગ જિલ્લાનાં સંગઠનને નવી દિશા મળશે અને ખાસ કરીને આદિવાસી સમાજના હિતો માટે વધુ અસરકારક રીતે અને સંગઠિત થઈને કાર્ય થઈ શકશે. આ નિમણૂંકથી સંગઠન કાર્યને ચોક્કસપણે વેગ મળશે. નિમણૂંક બાદ જિલ્લા અને રાજ્ય સ્તરના કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો, અને આદિવાસી સમાજના આગેવાનો દ્વારા નીતિન ગાઈનને શુભેચ્છા સહ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ તકે નવનિયુક્ત પ્રમુખ નીતિન ગાઈને પણ પોતાની ભાવના વ્યક્ત કરી હતી. નીતિન ગાઈને જણાવ્યું હતું કે, 'પાર્ટીએ મારા પર જે ભરોસો મૂકીને આ જવાબદારી સોંપી છે, તેને હું નિષ્ઠાપૂર્વક નિભાવીશ.'

---

# છોટાઉદેપુરના શિક્ષકે Ph.D.ની પદવી મેળવી

"જે શીખતા રહેતા નથી, તે શીખવવા અસમર્થ રહી શકે છે." આ ઉક્તિને છોટાઉદેપુર જિલ્લાના



સંખેડા તાલુકા ખાતે આવેલી શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલ, બહાદરપુરના એક શિક્ષકે ચરિતાર્થ કરી બતાવી છે. શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષક શ્રી કિરીટકુમાર એ. સમાયાએ ચાલુ નોકરીએ શિક્ષણમાં **પીએચ.ડી. (ડોક્ટરો ઓફ ફિલોસોફી)**ની ગૌરવપૂર્ણ પદવી મેળવીને પોતાની શૈક્ષણિક અભ્યાસની રુચિ અને સુવાસ પ્રસરાવી છે. આ અગાઉ તેમણે ચાલુ નોકરીએ જ એમ.એડ.નો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો અને હવે ડોક્ટરેટની ડિગ્રી મેળવી છે.

---

**વડગામના કાલેડા, હરસિદ્ધપુરા સહિત 4 ગામોના ડામર રોડની કામગીરી પૂર્ણ**

# વડગામ અને દાંતીવાડા તાલુકાના 16 ગામના માર્ગનું નવીનીકરણ

(એજન્સી) પાલનપુર | તા.25

બનાસકાંઠા જિલ્લાના વડગામ અને દાંતીવાડા તાલુકાના કુલ 16 ગામોને જોડતા અત્યંત મહત્વપૂર્ણ માર્ગનું નવીનીકરણ કાર્ય માર્ગ અને મકાન પંચાયત વિભાગ, પાલનપુર દ્વારા પૂરું કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ભારે વરસાદ અને અવિરત વાહન વ્યવહારના કારણે આ માર્ગો પર મોટા ખાડા પડી ગયા હતા, જેના કારણે સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ અને વેપારીઓને મુસાફરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા આ મામલે તાત્કાલિક પગલાં લેવાતા હવે આ પંથકના નાગરિકોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે. માર્ગ અને મકાન





પંચાયત વિભાગ દ્વારા આ 13 કિ. મી. લાંબા માર્ગના નવીનીકરણનું કાર્ય ઝડપથી હાથ ધરવામાં આવ્યું હતું. આ માર્ગ વડગામ તાલુકાના 4 ગામડાઓ અને દાંતીવાડા તાલુકાના 12થી વધારે ગામડાઓને સીધો જોડે છે, જેના કારણે કુલ 16 ગામના નાગરિકોને લાભ મળશે.

**વડગામ તાલુકા:** કાલેડા, હરસિદ્ધપુરા, નવા અને પાંડવા રોડની ડામરની કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

**દાંતીવાડા તાલુકા:** જેગોલ, ગાંગુદરા, ભાડલી અને ઝાત ગામના રસ્તાઓનું નવીનીકરણનું કામ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. દાંતીવાડા તાલુકાના ૧૨થી વધુ ગામોને જોડતો આ માર્ગ લાંબા સમયથી ખરાબ હાલતમાં હતો.

# સિદ્ધવડમાં ઉપધાન 385 માળારોપણ પ્રસંગે છ હજારની જનમેદની, મૌન ચાતુર્માસને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં એન્ટ્રી મળી



પાલિતાણા?સિદ્ધવડ | તા. 21

શત્રુંજય મહાતીર્થની તળેટીમા આવેલી પાવનભૂમિ સિદ્ધવડ ખાતે શુક્રવારે ઉપધાન મોક્ષ-માળારોપણનો પ્રસંગ ધાર્મિક આસ્થા સાથે ભક્તજનોની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે ભવ્યતા સાથે ઉજવાયો હતો. વિધિવત્ પ્રારંભાયેલી ૩૮૫ મોક્ષ મહામાળા આરોહણ પ્રસંગે છ હજારથી વધુ શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિત હતી. તેમણે આ ઐતિહાસિક અવસર સંપૂર્ણ શિસ્તથી માણ્યો હતો. આ દર્શનીય પ્રસંગે ઉપધાન તપનું નિયમાનુરૂપ પારાયણ, પૂર્ણાહુતિ કાર્યક્રમો, અને ધાર્મિક આરાધનાઓ સાથે મૌન-સાધનાનો ઉત્તમ ગુણોત્સવ યોજાયો હતો. આ અવસરે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા યજમાન ચંદન પરિવારના શ્રી પંકજભાઈ કે. શાહનું ચાતુર્માસ પર્વમાં અનોખી મૌન શિબિર યોજવા બદલ સર્ટિફિકેટ અને મેડલ અર્પણ કરી બહુમાન કરાયું હતું. તાજેતરમાં સિદ્ધવડ તીર્થમા ચોમાસા દરમિયાન 1100થી વધુ સાધકોએ 50 દિવસના આધ્યાત્મિક આરાધના સાથે મૌનવ્રતનું પાલન કર્યું હતું અને આ કાળમાં તેમણે મોબાઈલ ફોનનો પણ ત્યાગ કર્યો હતો.આ મૌનવ્રત ચાતુર્માસને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે. આ ચાતુર્માસ પર્વ અને શિબિરના લાભાર્થી શ્રી પંકજભાઈ શાહનો પરિવાર હતો.

સિદ્ધવડ તીર્થમાં ૯ જુલાઈથી 27 ઓગસ્ટ સુધી નિજમાં નિવાસ ચાતુર્માસ યોજાયો હતો જેમાં 1100 આરાધકોએ રોજ સરેરાશ 22 કલાકનુ મૌન પાળ્યું હતું.

બીજા શબ્દોમાં કહીએ તો આરાધકોએ 50 દિવસમાં કુલ 12 લાખ દસ હજાર કલાકનુ મૌન પાળ્યું હતું. દિવસમાં ગણતરી કરીએ તો કુલ 50,416 દિવસ એ મૌન રહ્યા હતા અને જો મિનિટમાં વાત કરીએ તો આ આરાધકોએ 7.26 કરોડ મિનિટ મૌન ધારણ કર્યું હતું. દિવસ દરમિયાન વ્યક્તિ સરેરાશ 15 હજાર શબ્દો બોલે છે. આમ સાધકોએ અંદાજે 83 કરોડથી વધુ શબ્દોને આ 50 દિવસ દરમિયાન વિરામ આપ્યો હતો.

ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સે એકસાથે એક જ સમયે મૌનવ્રત ધારણ કરનાર મોટામોટા સમુહના વર્ગમાં ધ્યાનમાં લઈ આ એવોર્ડ એનાયત કર્યો હતો.

તપો ગગન ચંદ્રમાં આચાર્ય ભગવંત પૂજ્ય શ્રી હેમવલ્લભ સૂરિશ્વરજી મહારાજા, પન્યાસ લબ્ધિવલ્લભ વિજયજી મહારાજ, પન્યાસ યશરત્ન વિજયજી મહારાજની પરમ પુનિત નીશ્રામાં આ અજોડ ચૌમાસિક આરાધનાનું આયોજન નિર્વિઘ્ને સફળતાપૂર્વક પાર પડ્યું હતું.

શ્રમણીગણનાયક આચાર્ય ભગવંત રશ્મિરત્ન સૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય પન્યાસજી ભગવંત પૂજ્ય શ્રી લબ્ધિવલ્લભ વિજયજી મહારાજા તથા પન્યાસજી પૂજ્ય શ્રી યશરત્ન વિજયજી મહારાજા તથા ૨૦૦થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની પવિત્ર નિશ્રામાં મોક્ષમાળા આરોહણ અનુષ્ઠાન ઉજવાયું હતું. યજમાન ચંદન-પરિવારે માળા આરોહણ પ્રસંગે છ હજારથી અધિક સાધર્મિકોની ભાવપૂર્વક સાધર્મિક ભક્તિ કરી હતી.

મોક્ષમાળ અવસર ઉપરાંત 23 નવેમ્બરે સુક્ષ્મ તત્વ વિવેચક પ.પૂ.પન્યાસ શ્રી લબ્ધિવલ્લભ વિજયજી મહારાજને આચાર્યપદ અત્યંત ભવોલ્લાસપૂર્વક લગભગ ૨૦૦થી અધિક સાધુ-સાધ્વીની નીશ્રામાં પ્રદાન કરાયું હતું. પ.પૂ. આચાર્ય શ્રી રશ્મીરત્ન સૂરિશ્વરજી મહારાજાને વરદ હસ્તે આચાર્યપદ પ્રદાનની વિધિ પાર પડી હતી.

આ પ્રસંગે આચાર્ય શ્રી રશ્મીરત્ન સૂરિશ્વરજી મહારાજાએ કહ્યું હતું કે વર્ષો પૂર્વે અમારા આરાધ્ય શ્રી વિજયાનંદસૂરિજી (આત્મારામજી મહારાજા)ને પાલિતાણામાં આચાર્યપદવી પ્રાપ્ત થઈ એ પછી સિદ્ધવડ તીર્થના ઈતિહાસમાં પ્રથમવાર આચાર્યપદવી પ્રદાન થઈ છે.

આ ઉપરાંત સિદ્ધવડમાં 27 નવેમ્બરે મુ. વિરતિબેનની દીક્ષા થવાની છે. જ્યારે 30 નવેમ્બરે મુ.ચારિત્ર, દીપિકા અને શાશ્વત દીક્ષાગ્રહણ કરશે. પાંચ ડિસેમ્બરે વધુ ત્રણ દીક્ષા થશે અને એ બાદ એ જ દિવસે પ્રેમ-ભુવનભાનુ પરિસરમાં 108 શિલાન્યાસનો કાર્યક્રમ પાર પડશે. સાત ડિસેમ્બરના પાલિતાણાની અંકિબાઈ ધર્મશાળામાં ત્રણ દીક્ષા થશે.

# ભારતની શ્રમ સંહિતા: સુસંગત અને આધુનિક નિયમનકારી માળખા તરફ

બીજા રાષ્ટ્રીય શ્રમ આયોગ (2002)એ પ્રકાશિત કર્યું કે ભારતમાં શ્રમ કાયદાઓનું જાળું ખૂબ જટિલ અને ખંડિત બની ગયું છે. તેની ભલામણો પર કાર્ય કરતા, સરકારે ગયા અઠવાડિયે વેતન પર ચાર મુખ્ય શ્રમ સંહિતા (2019), ઔદ્યોગિક સંબંધો (2020), સામાજિક સુરક્ષા (2020) અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ (OSHW) (2020)ને સૂચિત કર્યા. આ અસરકારક રીતે 29 જૂના કાયદાઓને વધુ સુસંગત માળખામાં એકીકૃત કરે છે. આ એક સ્વાગતપાત્ર પગલું છે: લાંબા સમયથી રાહ જોવાતી અને તાજેતરના વર્ષોમાં સૌથી અપેક્ષિત સુધારાઓમાંથી એક છે. વ્યાખ્યાઓને સરળ બનાવીને, ડિજિટલ પાલનને સક્ષમ કરીને અને નોંધણી અને નિરીક્ષણને સુવ્યવસ્થિત કરીને આ નવા કોડ લાલ ફિતાશાહી ઘટાડે છે, કાનૂની અનિશ્ચિતતા ઘટાડે છે અને વ્યવસાય કરવાનું ખાસ કરીને ઉત્પાદન અને સેવા ક્ષેત્રો માટે સરળ બનાવે છે.



**વિદ્યા સુંદરરાજન**
સેન્ટર ફોર એડવાન્સ્ડ ઈકોનોમિક્સ રિસર્ચ એન્ડ ટીચિંગ (CAFRAL) સાથે સંકળાયેલા છે

વેતન સંહિતા વૈધાનિક રાષ્ટ્રીય લઘુત્તમ વેતન લાગુ કરીને એક મોટો ફેરફાર લાવે છે. પહેલાં, લઘુત્તમ વેતન ફક્ત રાજ્યો માટે માર્ગદર્શિકા તરીકે સેવા આપતું હતું અને કાયદેસર રીતે બંધનકર્તા નહોતું. આ સંહિતા લઘુત્તમ વેતનને બધા ક્ષેત્રોમાં વિસ્તૃત કરે છે અને અગાઉની સિસ્ટમને બદલે છે જે ફક્ત સુનિશ્ચિત રોજગારની સૂચિ પર લાગુ પડતી હતી. જૂના માળખા હેઠળ, ખાનગી સુરક્ષા, કુરિયર્સ અને સંભાળ સેવાઓ જેવા ઘણા વ્યવસાયોને ઘણીવાર વ્યક્તિગત રાજ્ય સમયપત્રકમાંથી બાકાત રાખવામાં આવતા હતા. આ સુધારો કવરેજને સાર્વત્રિક બનાવીને અને બંધનકર્તા લઘુત્તમ વેતન સ્થાપિત કરીને કામદારો માટે આવક સુરક્ષાને મજબૂત બનાવે છે, જ્યારે નોકરીદાતાઓ માટે શ્રમ ખર્ચમાં વધુ પૂર્વાનુમાન આપે છે, જે વધુ ન્યાયસંગત ઔદ્યોગિક સંબંધો અને વધુ જાણકારી આધારિત વ્યાવસાયિક આયોજનને પ્રોત્સાહન આપે છે."

સામાજિક સુરક્ષા સંહિતા નવ જૂના કાયદાઓને એકીકૃત કરે છે અને પ્રથમ વખત અસંગઠિત, ગિગ અને પ્લેટફોર્મ કામદારોને કવરેજ આપે છે. જેમાં ફિક્સ્ડ-ટર્મ કર્મચારીઓનો સમાવેશ થાય છે, જેઓ હવે કાયમી કર્મચારીઓની સમકક્ષ પ્રમાણસર ગ્રેચ્યુઈટી અને લાભો મેળવવા માટે હકદાર છે. આ સંહિતા ગિગ અને પ્લેટફોર્મ કામ જેવા બિન-પરંપરાગત કાર્ય સ્વરૂપોને ઓળખીને ભારતના શ્રમ બજારની બદલાતી વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે છે. આ ફેરફારો ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે સંશોધનમાં સતત જાણવા મળ્યું છે કે સામાજિક સુરક્ષાની ઍક્સેસ કામદારોની સુખાકારીમાં સુધારો કરે છે, ઉત્પાદકતામાં વધારો કરે છે, ગેરહાજરી ઘટાડે છે અને કર્મચારીઓની જાળવણીમાં સુધારો કરે છે. આ ધોરણો અપનાવતી કંપનીઓ પ્રતિષ્ઠા લાભો પણ મેળવી શકે છે અને પર્યાવરણીય, સામાજિક અને શાસન (ESG) લક્ષ્યોને પ્રાથમિકતા આપતી વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં વધુ સરળતાથી સંકલિત થઈ શકે છે.

OSHW કોડ કાર્યસ્થળ કલ્યાણ અને સલામતીના વ્યાપને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરે છે. તે વાર્ષિક આરોગ્ય તપાસ (40 વર્ષથી વધુ ઉંમરના કર્મચારીઓ માટે) અને કેન્ટીન, શૌચાલય, પ્રાથમિક સારવાર કેન્દ્રો અને ક્રેચ જેવી કલ્યાણકારી સુવિધાઓને ફરજિયાત બનાવે છે, જે આ જરૂરિયાતોને વિવિધ સંસ્થાઓ સુધી વિસ્તૃત કરે છે. આ જોગવાઈઓ ફેક્ટરી એક્ટ જેવા અગાઉના કાયદાઓ કરતાં સ્પષ્ટ સુધારો દર્શાવે છે, જે અસમાન રીતે લાગુ કરવામાં આવ્યા હતા અને મુખ્યત્વે ફેક્ટરીઓ પર લાગુ કરવામાં આવ્યા હતા. વધુમાં, આ કોડ નોકરીદાતાઓ માટે વધુ સુગમતા પ્રદાન કરે છે. ડ્રાફ્ટ જોગવાઈઓ રાજ્ય સરકારોને કામદારોની સંમતિને આધીન, માન્ય ઓવરટાઈમ કલાકો પર મર્યાદા નક્કી કરવાની મંજૂરી આપે છે. ત્યારથી ઘણા રાજ્યોએ ત્રિમાસિક ઓવરટાઈમ મર્યાદા 75 કલાકથી વધારીને 125 અથવા 144 કલાક કરી છે, જ્યારે ઓવરટાઈમ કામ માટે ડબલ પગાર ફરજિયાત બનાવ્યો છે. અલબત્ત, અસરકારક અમલીકરણ અને સંમતિ સ્વૈચ્છિક રહે તે સુનિશ્ચિત કરવું આ જોગવાઈઓને વ્યવહારમાં અર્થપૂર્ણ બનાવવા માટે મહત્વપૂર્ણ છે. તેમ છતાં, જ્યારે મજબૂત શ્રમ સુરક્ષા સાથે અમલમાં મૂકવામાં આવે છે, ત્યારે આવા પગલાં બંને પક્ષો માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે: કામદારો માટે વધુ આવકની સંભાવના અને કંપનીઓ માટે વધુ કાર્યકારી સરળતા પ્રદાન કરે છે.

ઔદ્યોગિક સંબંધો સંહિતા કર્મચારીઓની છટણી અને બંધ માટે પૂર્વ સરકારી મંજૂરી માટેની મર્યાદા 100થી વધારીને 300 કરી કાર્યબળ વ્યવસ્થાપનમાં વધુ સુગમતા લાવે છે. આ કંપનીઓને આવશ્યક કર્મચારી સુરક્ષા જાળવી રાખીને બદલાતી બજાર પરિસ્થિતિઓમાં વધુ સરળતાથી અનુકૂલન કરવામાં મદદ કરે છે. લાંબા ગાળે, આવી સુગમતા ઔપચારિક રોજગાર સર્જનને પ્રોત્સાહન આપી શકે છે, કારણ કે કંપનીઓ ભરતી ટાળવાની અથવા કાનૂની મર્યાદાથી નીચે રહેવાની શક્યતા ઓછી હોય છે. અસંખ્ય અભ્યાસો દ્વારા સમર્થિત, આ અવરોધોને ઘટાડીને, સંહિતા ઔપચારિક રોજગારમાં સંક્રમણને સમર્થન આપે છે, જે કામદારોને નિયમનકારી કાર્યકારી પરિસ્થિતિઓ, સામાજિક સુરક્ષા અને રોજગાર સ્થિરતા માટે વધુ સારી ઍક્સેસ આપે છે, જ્યારે વ્યવસાયોને વધુ કાર્યક્ષમ રીતે વિકાસ કરવામાં પણ મદદ કરે છે.

જૂની 'ઈન્સ્પેક્ટર-રાજ' સિસ્ટમથી 'ઈન્સ્પેક્ટર-કમ-સુવિધાકર્તા' મોડેલ તરફનું પરિવર્તન સહયોગી, ટેકનોલોજી-આધારિત પાલન તરફનું એક પગલું છે. જોખમ-આધારિત, ડિજિટલ નિરીક્ષણો મનસ્વીતા ઘટાડે છે અને ભારતના શ્રમ માળખાને વૈશ્વિક ધોરણોની નજીક લાવે છે. ઉદ્યોગે આ ફેરફારનું સ્વાગત કર્યું છે, કારણ કે તે કાગળકામ ઘટાડશે, ઓવરલેપ ઘટાડશે અને માનવ હસ્તક્ષેપ ઘટાડશે. શ્રમ સુવિધા જેવા સંકલિત પોર્ટલ સાથે, પાલન હવે સરળ અને વધુ પારદર્શક છે. જ્યારે કેટલાક નબળા અમલીકરણ વિશે ચિંતિત છે, નિરીક્ષણો દૂર કરવામાં આવ્યા નથી - તેમને ફક્ત વધુ લક્ષિત, ઓછા ઘુસણખોર અને વધુ પારદર્શક બનાવવામાં આવ્યા છે, કાર્યક્ષમતા અને જવાબદારી બંનેમાં સુધારો થયો છે. છેલ્લે, બિન-માનક રોજગાર સ્વરૂપોની ઔપચારિક માન્યતા ભવિષ્યલક્ષી અભિગમનો સંકેત આપે છે. જોકે ગિગ અને પ્લેટફોર્મ કામદારો પાસે હજુ સુધી સંપૂર્ણ કર્મચારીનો દરજ્જો નથી અને તેથી તેમને સામૂહિક વાટાઘાટ અથવા લઘુત્તમ વેતન ગેરંટી જેવા અધિકારોનો અભાવ છે, સામાજિક સુરક્ષા માળખામાં તેમનો સમાવેશ વધુ સમાવિષ્ટ શ્રમ નિયમન તરફ એક મહત્વપૂર્ણ પ્રથમ પગલું છે.

એકંદરે, નવા શ્રમ સંહિતા ભારતના કાર્યસ્થળના કાયદાઓને આજના અર્થતંત્ર સાથે સંતુલિત કરવા તરફ એક મોટું પગલું છે. તેઓ વ્યવસાયોને વિકાસ અને ઔપચારિક રીતે ભરતી કરવાનું સરળ બનાવીને સંતુલન જાળવવાનો હેતુ ધરાવે છે, સાથે સાથે કામદારોનું રક્ષણ પણ કરે છે. જોકે, વાસ્તવિક કસોટી એ છે કે આ સુધારાઓ રાજ્યોમાં કેટલા સરળ અને સતત લાગુ કરવામાં આવે છે. જો સારી રીતે અમલમાં મૂકવામાં આવે, તો તેઓ પાલનને સરળ બનાવી શકે છે, કાર્યકારી પરિસ્થિતિઓમાં સુધારો કરી શકે છે અને ભારતની સ્પર્ધાત્મકતામાં વધારો કરી શકે છે. એકંદરે, આ ફેરફારો ભારતને વધુ સુલભ, ન્યાયી અને સમાવિષ્ટ અર્થતંત્ર બનાવવાના તેના લક્ષ્યની નજીક લઈ જાય છે.

# કેલિફોર્નિયા બદામ સાથેની સુપરફૂડ રેસીપી

શિયાળો ધીમે ધીમે જામતો જાય છે ત્યારે સચેત ખોરાક પસંદ કરવાથી શરીરને પુનર્જીવિત કરવામાં અને સમગ્ર તંદુરસ્તી જાળવવામાં મદદ મળે છે. પૌષ્ટિક અને સ્વચ્છ આહાર તરફ પાછા ફરવું શરીરમાં સંતુલન અને ઊર્જા પુનઃસ્થાપિત કરવાની સરળ રીત છે. આ ઋતુની જીવનશૈલીમાં સંપૂર્ણ રીતે ફિટ થતી બે રેસીપીઓ – બદામ અને સ્પ્રાઉટ્સ ટિક્કી ચાટ અને રોસ્ટેડ ગોબી અને બદામ સૂપ – કેલિફોર્નિયા બદામની શક્તિથી સમૃદ્ધ છે, જે પ્રોટીન, હેલ્થી ફેટ્સ અને ફાઈબર માટે જાણીતા સુપરફૂડ છે. આ વાનગીઓ વનસ્પતિ પ્રોટીન અને કુદરતી રીતે બનતા સ્વસ્થ ચરબીનું પૌષ્ટિક મિશ્રણ પ્રદાન કરે છે, જ્યારે કેલિફોર્નિયા બદામમાં સમૃદ્ધ ફાઈબર સામગ્રી ફાઈબરમેક્સિંગને ટેકો આપે છે, પાચનમાં મદદ કરે છે અને તમને લાંબા સમય સુધી પેટ ભરેલું રાખે છે.

## શેકેલા ગોબી અને બદામ સૂપ

### 4 કપ માટે – સામગ્રી:

- 10 ml વેજીટેબલ તેલ
- 45 g ડુંગળી, સમારેલી
- 10 g સેલેરી
- 1/4 કપ દૂધ
- 100 ml વેજીટેબલ સ્ટોક
- સ્વાદ મુજબ મીઠું
- 5-6 લસણની કળીઓ, સમારેલી
- 20 g લીક્સ, સમારેલી
- 200 g ફૂલકોબી
- 50 g બદામ
- 20 g પાર્મેજાન ચીઝ, ખમણેલી
- સ્વાદ મુજબ કરક કાળી મરી



### પોષક વિશ્લ:

| | | | |
|---|---|---|---|
| કેલોરીએસ | 675 kcal | પ્રોટીન | 25.4 g |
| ટોટલ ફાટ | 52.6 g | સંતૃપ્ત | 11.9 g |
| મોનોઉંસતુરટેડ | 26.8 g | બહુઅસંતૃપ્ત | 10.8 g |
| કાર્બોહાઇડરટેસ | 24.5 g | ફાઈબર | 15.8 g |
| ચોલેસ્ટેરોલ | 17.2 g | સોડિયમ | 1014 mg |
| કેલસિમ | 538.2 mg | મેગ્નેશિયમ | 240.5 mg |
| પોટેશિયમ | 1378 mg | વિટામિન ઈ | 13.6 mg |

### પદ્ધતિ:

ઓવનને ૧૯૦ ડિગ્રી સેલ્સિયસ પર પ્રી-હીટ કરો. ચર્મપત્રથી બનેલી બેકિંગ ટ્રે પર, લસણ, ડુંગળી, લીક, સેલરી, કોબીજ, બદામ ઉમેરો. થોડું તેલ ઉમેરો અને સારી રીતે મિક્સ કરો અને લગભગ ૧૫ થી ૧૮ મિનિટ સુધી બળી જાય ત્યાં સુધી બેક કરો. મિશ્રણને ઠંડુ કરો, સ્મૂધ પેસ્ટ બનાવો. એક વાસણમાં દૂધ સાથે સૂપ ઉમેરો અને મધ્યમ તાપ પર ગરમ કરો. જો જરૂરી હોય તો સુસંગતતા ગોઠવવા માટે સ્ટોક ઉમેરો. સ્વાદ મુજબ ચીઝ, મીઠું અને મરી ઉમેરો અને સીઝનીંગ ગોઠવો. ગરમ પીરસો.

# વેસ્ટ ઈન્ડિયા એડિશનમાં ટી ટપરીના સ્થાપક અને રેસ્ટોરન્ટ કન્સલ્ટન્ટ મનીષ કોંડકેને પ્રતિષ્ઠિત "બેસ્ટ ડેબ્યુટન્ટ કાફે ઓફ ધ યર" થી સન્માનિત કરાયા




(એજન્સી) મુંબઇ | તા.25

૧૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ જિયો કન્વેન્શન સેન્ટર-મુંબઈ, ભારત ખાતે રેસ્ટોરન્ટ ઈન્ડિયા એવોર્ડ્સ ૨૦૨૫ - વેસ્ટ ઈન્ડિયા એડિશનમાં ટી ટપરીના સ્થાપક અને રેસ્ટોરન્ટ કન્સલ્ટન્ટ મનીષ કોંડકેને પ્રતિષ્ઠિત 'બેસ્ટ ડેબ્યુટન્ટ કાફે ઓફ ધ યર' થી સન્માનિત કરવામાં આવ્યા છે,

ફૂડ અને બેવરેજ ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ યોગદાન અને શ્રેષ્ઠતાને માન્યતા આપીને.

આ એવોર્ડ નવીન રાંધણ ખ્યાલો, કાર્યકારી શ્રેષ્ઠતા અને અસાધારણ સેવા ધોરણોની ઉજવણી કરે છે જેણે આતિથ્ય ક્ષેત્રમાં નોંધપાત્ર અસર કરી છે. આ સન્માન જ્યુરી સભ્યોના એક પ્રતિષ્ઠિત પેનલ દ્વારા આપવામાં આવ્યું હતું, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

રણવીર બ્રાર - સેલિબ્રિટી શેફ, રેસ્ટોરેટર, અભિનેતા અને લેખક

દિવાન જી. આનંદ - પ્રમુખ, IIHM અને કોલમિસ્ટ, ઈન્ટરનેશનલ કોલેજ કુઝિન ઈન્ડિયા ફાઉન્ડેશન

મનીષ મેહરોત્રા - શેફ અને રેસ્ટોરેટર

કીથ મેનન - એવોર્ડ વિજેતા ડિઝાઈનર, આર્કિટેક્ટ અને સસ્ટેનેબિલિટી વિઝનરી

સચિન મરિયા - એડિટોરિયલ ડિરેક્ટર, આંત્રપ્રિન્યોર ઈન્ડિયા

'આ એવોર્ડ જુસ્સા, દ્રઢતા અને યાદગાર રાંધણ અનુભવો પહોંચાડવામાં વિશ્વાસનો પુરાવો છે,' મનીષ કોંડકેએ કહ્યું.

'અમે અમારી સમગ્ર ટીમ અને અમારા મહેમાનો, ભાગીદારો અને સમર્થકોના વિશ્વાસ બદલ આભારી છીએ જેઓ આ સફરનો ભાગ રહ્યા છે. આ સીમાચિહ્નરૂપ અમને નવીનતા અને ડાઈનિંગ અનુભવને ઉન્નત બનાવવાનું ચાલુ રાખવા માટે પ્રેરિત કરે છે.'

રેસ્ટોરન્ટ ઈન્ડિયા એવોર્ડ્સ F&B ક્ષેત્રમાં સિદ્ધિના સર્વોચ્ચ માપદંડનું પ્રતિનિધિત્વ કરે છે, જે દેશભરમાં નવીનતા અને ઉદ્યોગ નેતૃત્વની ઉજવણી કરે છે.

# ભાવનગર પંથકના લાલ રંગના જામફળના સ્વાદનું ખાસ આકર્ષણ છે...

શિયાળાની સીઝન ની શરૂઆત થતા જ માર્કેટ માં મારા ફેવરિટ લાલ સફેદ જમરૂખ કે જામફળ ની ઢગલા બંધ આવક શરૂ થઈ ગઈ છે. જામફળની કુલ જાત શ્વેતા,પંત પ્રભાત, લખનઉ ૪૯, થાઈ જામફળ અને લલિત છે.ગુજરાતમાં જામફળની ખેતી ભાવનગર પંથક માં,મહેસાણા, ખેડા,ભરૂચ જિલ્લા માં પુષ્કળ પ્રમાણ માં થાય છે. ભાવનગર પંથક માં વિશેષ કરીને લાલ રંગ ના સ્વાદ માં ખાટા મીઠા જામફળ નો સ્વાદ નું ખાસ આકર્ષણ રહેતું હોય છે.જે રીતે જૂનાગઢ ના ગીર પંથક ની કેસર કેરી ના સ્વાદ ની સરખામણી અન્ય કેરીઓ આવી શકે નહી એજ રીતે ભાવનગર ના લાલ લાલ મીઠા જામફળની સરખામણી કરવી અશક્ય છે.લાલ પાકા જમરૂખ ની સ્લાઈસ ને નમક મરચું સાથે મોઢાં માં મૂકતા જ મીઠાઈના સ્વાદની માફક ભળી જાય છે.



**જામફળ અથવા જમરૂખ**
**- રુપાલી દવે**

આપણે જામફળ ના સ્વાદ થી તો પરિચિત છીએ પરંતુ એની ખેતી વિશે આપણા ને જાણકારી નથી હોતી.આમ તો જામફળ ની ખેતી સૌ પ્રથમ દક્ષિણ અમેરિકા ના ગરમ પ્રદેશો માં ઉગાડવા માં આવતા હતા.ભારત માં સૌ પ્રથમ જમરૂખ ની એન્ટ્રી ૧૭મી સદી માં પોર્ટુગીઝ લોકો સાથે થઈ હતી.બાગાયતી ખેતી માં જામફળ એ પાંચમું સ્થાન ધરાવે છે જામફળનો પાક ઉષ્ણ અને સમશીતોષ્ણ કટિબંધ વિસ્તાર માં વિપુલ પ્રમાણ માં લઈ શકાય છે. આ કારણોસર જામફળ ની ખેતી ગુજરાત,ઉતર પ્રદેશ,મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં થાય છે.

જામફળ ની ખેતી માં નફો વધારે હોવાથી વધારે મૂલ્ય મેળવવા માટે ખેડૂતો એના સ્વછતા,કદ,રંગ અને વજન ને ધ્યાન માં રાખીને પેકેજીંગ કરતા હોય છે.આધુનિક સમયની સ્પર્ધા એ વસ્તુ કરતા વધારે વસ્તુના પેકેજીંગ પર વધારે આધારિત હોય છે.

## જામફળ ખાવાથી ફાયદાઓ

» જામફળ ને શિયાળા ની ઋતુ નું સુપર ફૂડ માનવા માં આવે,કેમ? તો ચાલો આપણે જાણીએ સુપર ફૂડ જામફળ ના ફાયદાઓ.

» ઠંડી ની ઋતુ માં વાળ ખરવા,એલર્જીક શ્વસન ના રોગ શરદી,ખાંસી,સાઈનસ થવું થતા સ્કિન ને લગતા સ્કિન ડ્રાય થઈ જતા લાલ રેશિસ થવા વગેરે વગેરે સમસ્યા સામાન્ય રીતે જોવા મળતી હોય છે. જામફળ માં ઉપલબ્ધ વિટામિન સી,લાઈપોકિન અને એન્ટી ઓક્સિડન્ટ પ્રચુર માત્રા મા ઉપલબ્ધ હોવા ના લીધે એલર્જી ને લગતી સમસ્યા દૂર થાય છે.

» આયુર્વેદ અનુસાર જામફળ ના ફળ,બીજ અને પાંદડા પોષક તત્વો થી ભરપૂર હોય છે.ભારત અને ચીન સહિત ના ઘણા દેશોમાં લોકો જ્યારે પેટ ખરાબ થઈ જાય ત્યારે જામફળ ના પાંદડા ની ચા નો ઉપયોગ કરતા હોય છે.

» ઘા પર ઝડપી રૂઝ લાવવા મેક્સિકો ના લોકો જામફળ નો પલ્પ લગાડતા હોય છે.

» જામફળ માં પોષક તત્વો ભરપૂર માત્રા મા હોય છે પરંતુ કેલેરી નું પ્રમાણ નહિવત જેવું હોવાથી વજન વધારા ની સમસ્યા થી રાહત મેળવવા જમરૂખ નો ઉપયોગ નિયમિત કરવો જોઈએ.

» વિટામિન એ,બી, સી ઉપલબ્ધ હોવાથી જમરૂખ ખાનાર લોકોનું જઠર તંત્ર સ્વસ્થ રહેતું હોય છે.

» માત્ર ૧૦૦ ગ્રામ જામફળ ૩૮૦% વિટામિન સી ની શરીર ની જરૂરિયાત પૂરી પાડી શકે છે.



» જામફળ માં ગ્લાયકેમિક ઈન્ડેક્સ ઓછો હોવાના લીધે ડાયાબિટીસના દર્દીઓ જામફળ ખાવા જોઈએ.

» પેટ ને સબંધિત ચયાપચય ની ક્રિયા,કબજિયાત વગેરે વગેરે જેવી સમસ્યાઓમાં જામફળ ખાવાથી ઘણાખરા અંશે રાહત થાય છે કેમકે જામફળ માં ડાયટરી ફાઈબર નું પ્રમાણ વધારે હોય છે.

» વાળ ખરવા ની સમસ્યા માં વિટામિન સી થી ભરપુર જામફળ ફાયદાકારક સાબિત થતા હોય છે.

» સ્ત્રીઓ ના જીવન માં માસિક ના ચાર દિવસો અત્યંત કઠીન અને પીડાદાયક રહેતા હોય છે.માસિક ના દિવસો દરમિયાન જામફળ ખાવાથી પીડા અને ખેંચાણ ઓછી થઈ જાય છે. જેને મૂડ સ્વિંગ ની સમસ્યા રહેતી હોય એણે જામફળ નું ફળ કે એમાંથી બનાવેલ વિવિધ બનાવટ નો ઉપયોગ કરવો જોઈએ.

» ઘણીવાર જમ્યા બાદ વધારા નો અપચ ખોરાક આંતરડા ના ખૂણે ખાચરે જમા થઈ જતા આંતરડા ના રોગ જેવા કે આંતરડા નું કેન્સર થવાની સંભાવના વધી જતી હોય છે. જામફળ આંતરડામાં માઈક્રોબ્સની સંખ્યા વધારે છે રોગ સામે રક્ષણ મળે છે.

**ગેર ફાયદાઓ :** ■ જામફળનું સેવન દિવસ દરમિયાન જ કરવું રાત્રે કરવું જોઈએ નહી. ■ ગર્ભવતી સ્ત્રીઓ એ ડોક્ટર ની સલાહ લઈ ને જ જામફળ ના પાન ના રસ નો ઉપયોગ કરવો. ■ ૧૦૦ ગ્રામ જમરૂખ માં ૯ ગ્રામ કુદરતી ખાંડ હોય છે એટલે જામફળ બે થી વધારે ખાવાથી ડાયાબિટીસ ના દર્દી નો શ્યૂગર લેવલ વધી શકે છે. ■ જામફળ ના બીજ કાઢી ને જ એને ખાવા જોઈએ, કેમ? જામફળ ના બીજ ખાવાથી પથરી થવાની સમસ્યા થઈ શકે છે. ■ મિત્રો,આમપણ સંસ્કૃત માં "અતિ સર્વત્ર વર્જ્યેત" કીધું છે એટલે વધારે પ્રેમ થી લઈને સ્વાદિસ્ટ સુપર ફૂડ જામફળ પણ વધુ માં વધુ નિત્ય એક થી બે જ ખવાય તો હેલ્થ માં બેસ્ટ સાબિત થશે.

## જામફળમાં ઉપલબ્ધ પોષક તત્વો

- તાજા જામફળના ફળો એ પોષક તત્વોથી ભરપૂર માનવામાં આવે છે એમાં વિટામિન સી પેક્ટીન, કેલ્શિયમ,વિપુલ માત્રા મા ફોસ્ફરસ ઉપલબ્ધ હોય છે.
- જામફળના બીમાં તેલ ૫.૧૩% હોય છે એસેન્શિયલ એસિડ પણ પ્રચુર માત્રા મા ઉપલબ્ધ હોય છે.
- આ ઉપરાંત કોપર,ઝીંક,પોટેશિયમ,ડાયટરી ફાઈબર અને કાર્બોહાઈડ્રિડ વગેરે પોષકતત્વો પણ જામફળમાં ઉપલબ્ધ હોય છે.

## જામફળના પાન

- આયુર્વેદ એ જામફળ ના ફળ સાથે એના પાન ને પણ અકસીર માન્યા છે.
- પાવર ફૂલ એન્ટી બેક્ટેરિયા,એન્ટી ઓક્સિડન્ટ અને એન્ટી ઈન્ફ્લેમેટ્રી ગણાતા જામફળ ના પાંદડા શરીર ની અંદર ની સાફસફાઈ કરીને બીમારીઓ સામે લડવાની તાકાત આપે છે.
- જામફળના પાન માં શ્યુગર કંટ્રોલ કરવાના ગુણ છે એટલે તેમાં ઉપલબ્ધ નેચરલ કમ્પાઉન્ડ એ ઈન્સ્યુલીન ને સંતુલિત રાખવા માં મદદ કરે છે.
- એન્ટી ફંગલ અને એન્ટી બેક્ટિરિયલ ગુણ ના લીધે ખીલ,ખરતા વાળ,કરચલીઓથી જામફળ ના પાન નો રસ બચાવે છે.



## જામફળના પાનના ઘર ગથ્થુ ઉપાયો

» જામફળ ના પાન તાજા પીસી ને કરેલ લેપ મોઢાં પર લગાવવવા થી ખીલ,ફુલસી,ડાઘ ધબ્બા દૂર થઈ જાય છે.

» જામફળ ના પાંદડા ને પાણી માં ઉકાળી ને ઠંડુ પડતા એ પાણી થી માથું ધોવાથી માથા પરનો ખોડો દૂર થાય છે અને ખરતા વાળ માં ચમત્કારિક રાહત મળે છે.

» જો તમે અવાર નવાર બીમાર પડ્યા કરો છો તો જામફળ ના તાજા ચાર પાંચ પાન ધોઈને સારી રીતે ચાવી જવાથી સમસ્યા દૂર થશે.

» રોજ સવારે નયણા કોઠે જામફળ ના ચાર પાંચ તાજા પાન ચાવી જવાથી એસિડિટી અને કબજિયાત જેવા રોગ માં રાહત થાય છે.

» ડેન્ગ્યુ ના દર્દીઓ ને પ્લેટલેટ્સ માં વધારો થતો ન હોય તો જામફળ ના પાન વાટી ને એનો રસ પીવડાવા થી પ્લેટલેટ્સ ઝડપ થી વધવા લાગશે.

» મોઢામાં છાલા કે ચાંદા પડ્યા હોય ને બળતરા થતી હોય તો જમરૂખ ના પાન ના રસ નું સેવન બે વખત કરવું.

» જમરૂખ ના પાન માં ક્યુસર્ટીન નામનું પૌષ્ટિક તત્વ હોવાથી મસલ્સ નો દુખાવો ઘટાડી ને એને મજબૂતી આપે છે.

# 'ધ ફેમિલી મેન 3' નિમ્રત કૌરનો ખતરનાક રોલ

### દિગ્દર્શકે કહ્યું: "પાત્રને મહિલામાં બદલવું વધુ રસપ્રદ છે"



બહુપ્રતિક્ષિત વેબ સિરીઝ 'ધ ફેમિલી મેન સિઝન 3' 21 નવેમ્બર, 2025 ના રોજ એમેઝોન પ્રાઈમ વિડિયો પર પ્રસારિત થવા જઈ રહી છે. આ સિઝનમાં અભિનેત્રી નિમ્રત કૌર એક જટિલ અને ક્રૂર વિલન 'મીરા'નું પાત્ર ભજવી રહી છે, જેના વિશે અભિનેત્રીએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. કાસ્ટ અને સર્જકો સાથેની વાતચીતમાં નિમ્રત કૌર એ જણાવ્યું કે, તેમનું શક્તિશાળી પાત્ર 'મીરા' મૂળરૂપે એક પુરુષ પાત્ર તરીકે લખવામાં આવ્યું હતું, પરંતુ નિર્માતાઓએ બાદમાં તેનું લિંગ બદલવાનો નિર્ણય કર્યો. નિમ્રતે કહ્યું કે, મીરા તેમના માટે અંગત અને વ્યવસાયિક સ્તરે 'અપ્રાપ્ય' મહિલા છે. જ્યારે તેમને ખબર પડી કે આ પાત્ર એક પુરુષને ધ્યાનમાં રાખીને લખાયું હતું, ત્યારે મીરાના ઘણા ગુણો તેમને સમજાઈ ગયા. અભિનેત્રીએ જણાવ્યું, 'તે (મીરા) નિર્ણયો લેતી વખતે સ્ત્રી સહજ લાગણીઓ લાવતી નથી. તે સ્પષ્ટ માથાવાળી, કટ્ટર, નિર્દયી અને બેફિકર છે. અભિનેતા માટે આવું પાત્ર ભજવવું એક લાલચ સમાન છે, તે મારા માટે એક પાપમય આનંદ છે.' નિર્દેશક અને સહ-લેખક તુષાર હીરાનંદાનીને જ્યારે લિંગ પરિવર્તન વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે સ્પષ્ટ કહ્યું, 'કારણ કે તે બકવાસ (બોરિંગ) છે. આ એક ખૂબ જૂની પદ્ધતિ છે.' તેમણે યાદ કરાવ્યું કે સિઝન 2 માં સમન્થા રૂથ પ્રભુનું 'રાજી'નું પાત્ર પણ મૂળરૂપે એક પુરુષ માટે લખાયું હતું. લિંગ બદલવાથી ડાયનેમિક્સ (ગતિશીલતા) તાજી અને વધુ રસપ્રદ બની જાય છે. આ સિઝનમાં જોડાનાર અભિનેતા જયદીપ અહલાવત અને ડીકેએ પણ સંમતિ આપી કે, જ્યારે એક મહિલા કેન્દ્રમાં હોય છે, ત્યારે પાત્રની શક્તિ અને અસર વધુ મજબૂત અને અનપેક્ષિત બની જાય છે.

# મનોજ બાજપેયીનો ખુલાસો: 'જો ક્યારેય કોઈ ખટપટ ન હોય તો સંબંધો કંટાળાજનક લાગે છે'

મુંબઈ: વેબ સિરીઝ **'ધ ફેમિલી મેન'**ના ત્રીજા ભાગમાં જોવા મળી રહેલા અભિનેતા મનોજ બાજપેયી એ તાજેતરમાં એક ખાસ વાતચીતમાં પોતાના કરિયર, OTTીના યુગ , પરિવાર અને ઈન્ડસ્ટ્રીના પડકારો પર ખુલીને વાત કરી. અભિનેતાએ જણાવ્યું કે, જો ક્યારેય કોઈ ખટપટ ન હોય, તો સંબંધો કંટાળાજનક લાગે છે. મનોજ બાજપેયી એ અભિનેતા જયદીપ અહલાવત સાથે સ્ક્રીન શેર કરવાના અનુભવ વિશે જણાવ્યું કે, તેમની સાથે મેં



પહેલીવાર ફિલ્મ **'ચિટ્ટાગોંગ'**માં કામ કર્યું હતું. તેમણે ખુલાસો કર્યો કે, મેં જ ડિરેક્ટર અનુરાગને જયદીપનું નામ રેકમેન્ડ કર્યું હતું. જયદીપ ઉપરાંત રાજકુમાર રાવ અને વિજય વર્મા જેવા કલાકારો તેમના FTIIના બેચમેટ પણ હતા તેમણે કહ્યું કે, 'જયદીપ મને ખૂબ જ ઈજ્જત આપે છે. અમારો સંબંધ એક્ટરવાળો સંબંધ છે, જેમાં સિનિયર અને જુનિયર બંને પ્રકારનો આદર જોવા મળે છે.' સેટ પરના માહોલ વિશે મનોજે કહ્યું કે, તેઓ મોટે ભાગે ખાવાની જ વાત કરે છે, અથવા પોતાના કામમાં ડૂબેલા રહે છે, પરંતુ હળવી મજાક પણ ચાલતી રહે છે. પરિવાર અને કામ વચ્ચે સંતુલન જાળવવાના સવાલ પર મનોજ બાજપેયીએ કહ્યું કે, આમાં તેમની પત્નીનો મોટો ફાળો છે.

# યાદોમાં હીમેન

## અમિતાભ બચ્ચને ધર્મેન્દ્રને યાદ કર્યા: "એક બહાદુર દિગ્ગજ અમને છોડી ગયા"



: બોલીવુડના પીઢ અભિનેતા ધર્મેન્દ્રના સોમવારે 89 વર્ષની વયે થયેલા નિધનથી સમગ્ર ફિલ્મ જગતમાં શોકનો માહોલ છે.અમિતાભ બચ્ચન (બિગ બી) એ તેમના સંવેદનશીલ સંદેશમાં લખ્યું, 'અન્ય એક બહાદુર દિગ્ગજ અમને છોડીને ચાલ્યા ગયા છે. તે રંગમંચ છોડી ગયા છે... પોતાની પાછળ અસહ્ય અવાજ સાથેની શાંતિ છોડી ગયા છે.' તેમણે માત્ર એક શબ્દમાં 'ધરમજી' લખીને હાથ જોડવાની ઈમોજી પણ શેર કરી હતી. અમિતાભે ધર્મેન્દ્રને 'મહાનતાનું પ્રતીક' ગણાવતા લખ્યું કે, તેમની મહાનતા માત્ર તેમના જાણીતા શારીરિક દેખાવ પૂરતી મર્યાદિત નહોતી, પણ તેમના વિશાળ હૃદય અને તેની અત્યંત સરળતા માટે પણ હતી. બિગ બી એ જણાવ્યું કે, ધરમજી પોતાના ગામ, પંજાબની ધરતીની સાદગી પોતાની સાથે લાવ્યા હતા અને કારકિર્દીના દરેક દાયકામાં બદલાવ આવવા છતાં તેઓ સ્વભાવે હંમેશા એવા જ રહ્યા.

# 'બિગ બૉસ 9'માં નોરા ફતેહીને મેઇન કન્ટેસ્ટન્ટની ઑફર મળી હતી, 'ડર'થી નહોતી લીધી એન્ટ્રી



એક્ટ્રેસ-ડાન્સર નોરા ફતેહીએ રિયાલિટી ટીવી શો **'બિગ બૉસ 9'**માં એક કન્ટેસ્ટન્ટ તરીકે ભાગ લીધો હતો. તેમણે શોના 58મા દિવસે વાઈલ્ડ કાર્ડ કન્ટેસ્ટન્ટ તરીકે એન્ટ્રી કરી હતી. શું તમે જાણો છો કે તે સમયે તેમને શરૂઆતમાં 'મેઈન કન્ટેસ્ટન્ટ' તરીકે જોડાવા માટે ઓફર કરવામાં આવી હતી? આ વિશે નોરા ફતેહીએ વાત કરી છે. 'બિગ બૉસે શરૂઆતમાં મને મેઈન કન્ટેસ્ટન્ટમાંથી એક બનવા માટે સંપર્ક કર્યો હતો. આના પર મેં તેમને ના પાડી દીધી હતી. મને લાગી રહ્યું હતું કે હું આ પ્રકારની વસ્તુઓ માટે તૈયાર નથી. આ ગેરસમજને કારણે થયું. મને લાગ્યું કે લોકો મને નહીં સમજી શકે. ત્યારે હું નાની હતી અને પોતાને સમજવાનો પ્રયત્ન કરી રહી હતી. મને લાગ્યું કે લોકો અલગ રીતે વર્તશે, તેથી હું મુશ્કેલીમાં પડવા માટે તૈયાર નહોતી.' નોરાએ આગળ જણાવ્યું કે જ્યારે મેકર્સે વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી દ્વારા તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમણે હા પાડી દીધી. તેમણે કહ્યું, 'તો જ્યારે તેઓ વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી માટે પાછા આવ્યા, તો મને લાગ્યું કે ઠીક છે, કદાચ થોડા અઠવાડિયાં લાગશે. હું આવું કરી શકું છું. હું દુનિયાને જણાવવા માંગતી હતી કે હું અહીં છું.'



# ધર્મેન્દ્રને ખૂબસૂરત કહેવાતા કેવું લાગતું હતું? પ્રિયંકા ચોપરાએ વીડિયો શેર કરીને યાદ કર્યા



મુંબઈ: ધર્મેન્દ્રના 24 નવેમ્બરના નિધનથી મનોરંજન જગત અને લાખો ચાહકો શોકમાં છે. દેશભરમાંથી આ મહાન અભિનેતાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. તેમને યાદ કરનારાઓમાં પ્રિયંકા ચોપરાનો પણ સમાવેશ થાય છે, જેમણે ધર્મેન્દ્રના પુત્ર સની દેઓલ સાથે બોલીવુડમાં ડેબ્યૂ કર્યું હતું. પ્રિયંકાએ ધર્મેન્દ્રનો એક જૂનો વીડિયો શેર કર્યો છે, જેમાં અભિનેતા ચાહકોના પ્રેમ વિશે વાત કરી રહ્યા છે. પ્રિયંકા ચોપરાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર 2018માં બીબીસીને આપેલા ઈન્ટરવ્યૂની એક ક્લિપ શેર કરી છે. આ ક્લિપમાં ધર્મેન્દ્ર પોતાના ચાહકોના પ્રેમ પર ભાવુક થતા જોવા મળે છે. તેઓ કહે છે, 'તમે લોકો મને જેટલું કહો છો કે હું ખૂબસૂરત છું, હું શરમિંદગી અનુભવું છું. મને થાય કે આવું શું છે, પણ પછી હું વિચારું છું કે લોકો કહે છે, તો હશે. હું તો મારી ખૂબીઓમાં પણ ખામીઓ શોધતો રહું છું. ક્યાંક હું મારા ચાહકોની આ સ્મિતને ગુમાવી ન દઉં જે તેમણે મને આપી છે.' લોકો દ્વારા 'હી મેન', 'ગરમ ધરમ' અને ક્યારેક 'ગ્રીક ગૉડ' કહેવા પર અભિનેતાએ કહ્યું, 'પ્યાર કરનારા લોકો ફક્ત પ્યાર જ ઈચ્છે છે. મને એવું લાગે છે કે, તમે લોકોએ મને પોતાના દિલમાં વસાવી લીધો છે.' આ પહેલાં પણ પ્રિયંકા ચોપરાએ ધર્મેન્દ્ર પાસેથી એવોર્ડ લેતી એક જૂની તસવીર શેર કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેમની પહેલી ફિલ્મ 'ધ હીરો: લવ સ્ટોરી ઓફ એ સ્પાય' વખતે ધર્મેન્દ્ર અને તેમના પરિવારે જ તેમને ઈન્ડસ્ટ્રી સાથે પરિચય કરાવ્યો હતો, જ્યારે તેમને કોઈ ઓળખતું પણ નહોતું. ઉલ્લેખનીય છે કે, 24 નવેમ્બરની સવારે 89 વર્ષની વયે ધર્મેન્દ્રનું નિધન થયું હતું.

## ધરમજીની સાદગીને સિતારાઓએ યાદ કરી

શાહિદ કપૂર: અભિનેતા શાહિદ કપૂરે તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ધર્મેન્દ્રનો જૂનો ફોટો શેર કરીને લખ્યું, 'એક સાચો કલાકાર. એવી શખ્સિયત જેણે સિનેમાને ખૂબ મોટું અને જીવનને ખૂબ હળવું બનાવી દીધું. તેમની આત્માને શાંતિ મળે.'

જેકી શ્રોફ: જેકી શ્રોફે ધર્મેન્દ્ર સાથેના ફોટાનો કોલાજ શેર કરીને પોતાના દુઃખને વ્યક્ત કર્યું. એક તસવીરમાં તે ધરમજીના હાથને ચૂમતા (કિસ્સ કરતા) જોવા મળે છે.

રામ ચરણ: ટોલીવુડ સ્ટાર રામ ચરણે 'એક્સ' પર લખ્યું, 'ધર્મેન્દ્રજીએ ભારતીય સિનેમાને નવી ઓળખ આપી અને લાખો લોકોના દિલને સ્પર્શ કર્યો.'

**આંતરરાષ્ટ્રીય એમી એવોર્ડ્સ 2025**

# દિલજીત દોસાંઝ અને 'ચમકીલા' ને મોટી નિરાશા

### શ્રેષ્ઠ મિની-સીરીઝનો ખિતાબ પણ હાથમાંથી ગયો



ન્યૂયોર્ક: પંજાબી સંગીતકાર અમર સિંહ ચમકીલાના જીવન પર આધારિત ફિલ્મ 'અમર સિંહ ચમકીલા' માટે આંતરરાષ્ટ્રીય એમી એવોર્ડ્સ 2025 માં નોમિનેશન મેળવનાર અભિનેતા દિલજીત દોસાંઝ એવોર્ડ જીતવાથી વંચિત રહ્યા છે. ફિલ્મની આખી ટીમ માટે આ એક મોટી નિરાશા છે. ન્યૂયોર્ક સિટીમાં ચાલી રહેલા આ પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહમાં દિલજીત દોસાંઝ ને બેસ્ટ પરફોર્મન્સ બાય એન એક્ટર શ્રેણીમાં નોમિનેશન મળ્યું હતું. લાખો ફેન્સની આશા પર પાણી ફેરવતા, દિલજીત દોસાંઝ આ એવોર્ડ જીતી શક્યા નહીં. આ વર્ષે આ એવોર્ડ સ્પેનિશ અભિનેતા ઓરિઓલ પ્લે ને તેમની સિરીઝ 'યો, અડિક્ટો' માટે મળ્યો છે. દિલજીત ઉપરાંત ડેવિડ મિશેલ ('લુડવિગ') અને ડિએગો વાસ્ક્વેઝ ('વન હન્ડ્રેડ યર્સ ઓફ સોલિટ્યુડ') જેવા કલાકારો પણ સ્પર્ધામાં હતા. 'ચમકીલા'ને 'બેસ્ટ ટીવી મૂવી/મિની-સીરીઝ' શ્રેણીમાં પણ નોમિનેશન મળ્યું હતું, પરંતુ આ ખિતાબ ડક સૂપ ફિલ્મ્સ દ્વારા નિર્મિત 'લોસ્ટ બોયઝ એન્ડ ફેરીઝ'ને મળ્યો. આમ, આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતને બંને મુખ્ય શ્રેણીઓમાં નિરાશા મળી છે. જોકે, દિલજીત દોસાંઝ અને ફિલ્મના નિર્દેશક ઈમ્તિયાઝ અલી રેડ કાર્પેટ પર છવાઈ ગયા હતા. દિલજીતે સફેદ શર્ટ ઉપર ગ્લિટર જેકેટ પહેર્યું હતું અને કાળી પાઘડીમાં તેમનો દેસી ચાર્મ જોવા મળ્યો હતો. ફિલ્મ 'અમર સિંહ ચમકીલા' પંજાબી સંગીતકાર અમર સિંહ ચમકીલાના વિવાદાસ્પદ અને બોલ્ડ ગીતોના કારણે ખૂબ લોકપ્રિય બની હતી, જેમાં પરિણીતી ચોપરા એ તેમની પત્ની અમરજોતનું પાત્ર ભજવ્યું હતું. જોકે એવોર્ડ ન મળવાથી ફેન્સમાં દુઃખની લાગણી છે.

# ધર્મેન્દ્રના પૌત્ર કરણ દેઓલ દાદાની અસ્થિ પવન હંસ સ્મશાન ભૂમિથી લીધી

### દાદાને ગુમાવ્યાનું દુઃખ કરણ દેઓલના ચહેરા પર સ્પષ્ટ દેખાયું



મુંબઈ: બોલીવુડના દિગ્ગજ અભિનેતા અને 'હી-મેન' ધર્મેન્દ્રનું 24 નવેમ્બર, સોમવારના રોજ 89 વર્ષની વયે નિધન થયું. મુંબઈના વિલે પાર્લે સ્થિત પવન હંસ સ્મશાન ઘાટમાં ગઈ કાલે તેમનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો, જેમાં ફિલ્મ જગતની અનેક હસ્તીઓ તેમને અંતિમ વિદાય આપવા પહોંચી હતી. આજે મંગળવારે સવારે ધર્મેન્દ્રના પુત્ર સની દેઓલના પુત્ર અને અભિનેતા કરણ દેઓલ દાદાની અસ્થિ લેવા માટે સ્મશાન ભૂમિ પહોંચ્યા હતા. મીડિયા રિપોર્ટ મુજબ, કરણ દેઓલ લાલ કપડાથી ઢંકાયેલો અસ્થિ કળશ પોતાના હાથમાં લઈને કારમાં બેઠેલા જોવા મળ્યા હતા. દાદાને ગુમાવ્યાની માયૂસી તેમના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહી હતી.

**ધર્મેન્દ્રની અંતિમ ફિલ્મ 'ઇક્કીસ' શૂટિંગ: કો-સ્ટારે તબિયત પર કર્યો ખુલાસો**

# 'ઇક્કીસ'ના સેટ પર 89 વર્ષના ધરમજીનો સમયનો સચોટ અંદાજ હતો કમાલ



મુંબઈ: બોલીવુડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર ભલે 89 વર્ષની વયે દુનિયાને અલવિદા કહી ચૂક્યા હોય, પરંતુ તેમની છેલ્લી ફિલ્મ 'ઇક્કીસ' ટૂંક સમયમાં સિનેમાઘરોમાં ધૂમ મચાવવા આવી રહી છે. ધર્મેન્દ્રની આ અંતિમ ફિલ્મ 25 ડિસેમ્બરે રિલીઝ થશે, જેમાં તેમની સાથે અગસ્ત્ય નંદા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. 'ઇક્કીસ'ના શૂટિંગ દરમિયાન ધર્મેન્દ્રની તબિયત કેવી હતી, તે વિશે ફિલ્મમાં તેમની પત્નીનો રોલ ભજવનાર સહ-અભિનેત્રી સુહાસિની મુલેએ એક મીડિયા અહેવાલમાં ખુલાસો કર્યો છે. સુહાસિની મુલેએ જણાવ્યું કે, શારીરિક રીતે ઘણી પરેશાનીઓ હોવા છતાં ધર્મેન્દ્રજી સેટ પર ખૂબ જ સકારાત્મક અને સન્માનીય રહેતા હતા. 89 વર્ષની ઉંમરે પણ તેમણે પોતાના સમયની સમજ (ટાઈમિંગ) જાળવી રાખી હતી, જે કમાલની હતી. સુહાસિનીએ એક ભાવુક ઘટના યાદ કરતા કહ્યું, 'જ્યારે હું પહેલીવાર તેમને મળી, ત્યારે તેઓ ખુરશી પર બેઠા હતા. પણ જ્યારે તેમણે જોયું કે મને ઊભા રહેવામાં તકલીફ થઈ રહી છે, તો તેઓ મુશ્કેલીથી ઊભા થઈને મને ખુરશી આપી.' જ્યારે સુહાસિનીએ તેમને પાછા બેસવા કહ્યું, ત્યારે ધર્મેન્દ્રએ નમ્રતાથી કહ્યું: 'તમે બેસશો, તો જ હું બેસીશ, નહીં તો હું કેવી રીતે બેસી શકું?' સુહાસિનીએ કહ્યું કે, ધર્મેન્દ્રજી એટલા મોટા સ્ટાર હોવા છતાં, તેમણે ક્યારેય કોઈને તેનો અહેસાસ થવા ન દીધો. લોકો તેમની સાથે ફોટા પડાવવા આવતા, ત્યારે તે ઊભા થઈ શકતા ન હોવા છતાં, લોકોને ક્યારેય નિરાશ કરતા નહોતા.

# ઈબ્રાહિમ અલી ખાન: "ધરમજીએ 16 વર્ષની ઉંમરે મારી માતાને દિલ્હીમાં શોધી"

મુંબઈ: સુપરસ્ટાર ધર્મેન્દ્રના નિધનથી સમગ્ર દેશમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બોલીવુડના ઘણા કલાકારોએ સોશિયલ મીડિયા પર ધરમજીને શ્રદ્ધાંજલિ આપી છે. આ લિસ્ટમાં અભિનેતા ઈબ્રાહિમ અલી ખાનનો પણ સમાવેશ થાય છે, જેમણે કરણ જોહરની ફિલ્મ **'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'**માં સહાયક નિર્દેશક (AD) તરીકે ધર્મેન્દ્ર સાથે કામ કર્યું હતું. ઈબ્રાહિમ અલી ખાને સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ લખીને જણાવ્યું કે, તેમની માતા અને અભિનેત્રી અમૃતા સિંહનું ફિલ્મી દુનિયામાં આવવું માત્ર ધર્મેન્દ્રના કારણે શક્ય બન્યું હતું. ઈબ્રાહિમે લખ્યું, 'કેટલાક લોકો ફક્ત પડદા પર જ સ્ટાર નથી હોતા, તેઓ જીવનનો માર્ગ બદલી નાખે છે.' તેમણે ખુલાસો કર્યો કે ધરમજીએ 16 વર્ષની નાની ઉંમરે દિલ્હીમાં તેમની માતાને શોધી હતી અને તેમની પહેલી ફિલ્મ 'બેતાબ' માટે તેમના પર વિશ્વાસ મૂક્યો હતો. ઈબ્રાહિમે આગળ લખ્યું, 'જો ધરમજી ન હોત, તો કદાચ મારી માતાએ ક્યારેય દિલ્હી છોડ્યું ન હોત... અને કદાચ અમારું અસ્તિત્વ પણ ન હોત.' તેમણે ધર્મેન્દ્રને પોતાના સમગ્ર પરિવારનું ફિલ્મી અસ્તિત્વ આપવા બદલ આભાર માન્યો. ઈબ્રાહિમે ધરમજીને 'દૈત્યની જેમ હેન્ડસમ', 'વશીકરણથી ભરપૂર' અને 'ખરેખર કાલાતીત' ગણાવ્યા. યુવા અભિનેતાએ લખ્યું કે, ધરમજીએ તેમને જે ડહાપણ આપ્યું છે, તે તેઓ જીવનભર સાચવી રાખશે. મીડિયા અહેવાલ મુજબ, અમૃતા સિંહે 1983માં ધર્મેન્દ્રના મોટા પુત્ર સની દેઓલ સાથે 'બેતાબ' ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મ દેઓલ પરિવારના બેનર 'વિજયતા ફિલ્મ્સ' હેઠળ બનાવવામાં આવી હતી અને તે સુપરહિટ સાબિત થઈ હતી. 24 નવેમ્બરના રોજ ધર્મેન્દ્રના નિધન પછી, મુંબઈના પવન હંસ સ્મશાનગૃહ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.



- ધર્મેન્દ્રના નિધન પર ઈબ્રાહિમે લખી હૃદયસ્પર્શી પોસ્ટ, યાદ કર્યા સંસ્મરણો
- જો ધરમજી ન હોત તો અમૃતા સિંહ ક્યારેય અભિનેત્રી ન બની હોત

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

**કરુણ નાયરની 'રહસ્યમય પોસ્ટ'**

# ભારતની શરમજનક બેટિંગ બાદ સિલેક્શન પર સવાલ

● નાયરે લખ્યું: "બહાર રહેવાની ખામોશી તેનો પોતાનો દર્દ આપે છે" : ભારત અનુભવ ગુમાવી રહ્યું છે: ક્રિકેટ જગતમાં જોરદાર ચર્ચા



ગુવાહાટી

દક્ષિણ આફ્રિકા સામેની ગુવાહાટી ટેસ્ટમાં ભારતીય ટીમના શરમજનક બેટિંગ પ્રદર્શન (ગુજરાતી કીવર્ડ) અને સતત નિરાશાજનક દેખાવ વચ્ચે, પૂર્વ ભારતીય બેટ્સમેન કરુણ નાયરે (ગુજરાતી કીવર્ડ) સોશિયલ મીડિયા પર એક રહસ્યમય પોસ્ટ (ગુજરાતી કીવર્ડ) શેર કરી છે, જેના કારણે ભારતીય પસંદગી પ્રણાલી પર જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. દક્ષિણ આફ્રિકા સામેની આ હોમ ટેસ્ટ સિરીઝમાં (ગુજરાતી કીવર્ડ) જગ્યા ન મળ્યા બાદ નાયરની આ પોસ્ટને ક્રિકેટ જગતમાં પસંદગી પ્રત્યેની નારાજગી (ગુજરાતી કીવર્ડ) તરીકે જોવામાં આવી રહી છે. કરુણ નાયરે તેમના 'X' એકાઉન્ટ પર લખ્યું: 'કેટલીક પરિસ્થિતિઓની અનુભૂતિ દિલમાં વસેલી હોય છે, પરંતુ બહાર રહેવાની ખામોશી તેનું પોતાનું દર્દ આપે છે.' આ પોસ્ટ એવા સમયે આવી છે જ્યારે ભારતીય ટીમ ઘરઆંગણે ટેસ્ટ મેચોમાં સતત હારના આરે ઊભી છે અને બેટિંગ લાઈનઅપ સંઘર્ષ કરી રહી છે. નાયર તાજેતરમાં ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન ટેસ્ટ ટીમમાં પાછા ફર્યા હતા, પરંતુ ત્યારબાદ તેમને ફરીથી પડતા મૂકવામાં આવ્યા. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે કરુણ નાયર રણજી ટ્રોફીમાં શાનદાર ફોર્મમાં છે. તેમણે પાંચ મેચોમાં 600થી વધુ રન બનાવ્યા છે અને તેમની સરેરાશ 100થી ઉપરની રહી છે. આમ છતાં, તેમને દક્ષિણ આફ્રિકા સિરીઝમાં અવગણવામાં આવ્યા. ભારતે નંબર 3 અને 4 પર યશસ્વી જયસ્વાલ, વોશિંગ્ટન સુંદર, સાઈ સુદર્શન અને ધ્રુવ જુરેલ જેવા યુવા ખેલાડીઓને તક આપી છે, જેમાંથી કોઈ પણ આ જવાબદારી નિભાવી શક્યા નથી. શુભમન ગિલની ઈજાએ આ સંઘર્ષને વધુ વધાર્યો છે. ક્રિકેટ ચાહકો હવે પૂછી રહ્યા છે કે 'શું ભારત અનુભવને ગુમાવીને માત્ર પ્રયોગ કરી રહ્યું છે?' યાદ રહે કે, ભારતે છેલ્લી વખત જ્યારે 400થી વધુ રન ખાધા બાદ કોઈ મેચ જીતી હોય, ત્યારે કરુણ નાયરે ચેન્નાઈમાં ઈંગ્લેન્ડ સામે ટ્રિપલ સેન્ચ્યુરી ફટકારી હતી.

## ભારતીય મહિલા કબડ્ડી ટીમનો દબદબો: સતત બીજી વખત વિશ્વ કપ જીત્યો



ઢાકા: ભારતીય મહિલા કબડ્ડી ટીમે ઢાકામાં યોજાયેલા મહિલા કબડ્ડી વિશ્વ કપમાં શાનદાર પ્રદર્શન કરીને ચાઈનીઝ તાઈપેને ફાઈનલમાં 35-28ના સ્કોરથી હરાવી દીધું. આ જીત સાથે ભારતે સતત બીજી વખત વિશ્વ કપનો ખિતાબ પોતાના નામે કર્યો છે, જે કબડ્ડીની રમતમાં તેમની તાકાત અને દબદબાને સાબિત કરે છે. હરિયાણા સ્ટીલર્સના મુખ્ય કોચ મનપ્રીત સિંહે ટીમના પ્રદર્શનની પ્રશંસા કરતા કહ્યું, 'મહિલા ટીમે જે પ્રદર્શન કર્યું છે, તેના પર સમગ્ર દેશને ગર્વ છે. તેમનો વિશ્વાસ અને ટીમવર્ક અદ્ભુત હતું. ભૂતપૂર્વ ભારતીય ખેલાડી તરીકે, હું જાણું છું કે આ સ્તરે પહોંચવું કેટલું મુશ્કેલ છે. ખેલાડીઓ અને સ્ટાફને ખૂબ ખૂબ અભિનંદન.' પુણેરી પલ્ટનના મુખ્ય કોચ અજય ઠાકુરે પણ આ જીતને ગૌરવની ક્ષણ ગણાવી અને કહ્યું કે, 'ફાઈનલ સુધી તેમનો પ્રભુત્વશાળી દેખાવ દર્શાવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં મહિલા કબડ્ડીએ કેટલી પ્રગતિ કરી છે.' ભારતીય ટીમ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન શાનદાર ફોર્મમાં રહી હતી. તેમણે ગ્રુપની તમામ મેચો જીતીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો, જ્યાં તેમણે ઈરાનને 33-21ના મોટા માર્જિનથી હરાવ્યું. બીજી તરફ, ચાઈનીઝ તાઈપે પણ તેના ગ્રુપમાં અજેય રહ્યું હતું અને સેમિફાઈનલમાં તેણે યજમાન બાંગ્લાદેશને 25-18થી હરાવ્યું હતું.

**એશિઝ... હેમસ્ટ્રિંગની ઈજામાંથી સ્વસ્થ થઈને હેઝલવુડે બૉલિંગ શરૂ કરી, ઑસી ટીમને રાહત**

# જોશ હેઝલવુડ નેટમાં પરત ફર્યો, કમિન્સે પિંક-બૉલ સાથે પ્રેક્ટિસ શરૂ કરી

**ગાબા ડે-નાઈટ ટેસ્ટ માટે કેપ્ટન કમિન્સની વાપસીની આશા જીવંત**

**બ્રિસ્બેનમાં માઈકલ નેસર પસંદગી માટે દાવેદાર, ઝાય રિચાર્ડસન પણ આશાવાદી**

**પેટ કમિન્સનો વર્કલોડ સહન કરવાની ક્ષમતા સિલેક્ટર્સ માટે મુખ્ય ચિંતા**

**ખભ્ભાની સર્જરીમાંથી સ્વસ્થ થઈ રહેલો રિચાર્ડસન સિરીઝમાં પછીના તબક્કામાં વાપસી કરશે**



સિડની

એશિઝ ટેસ્ટ સીરીઝની શરૂઆતની મેચમાંથી બહાર રહેલા જોશ હેઝલવુડ નેટમાં પાછો ફરતા ઑસ્ટ્રેલિયન ટીમને રાહત મળી છે. હેમસ્ટ્રિંગની ઈજામાંથી સ્વસ્થ થઈ રહેલો હેઝલવુડ મંગળવારે નેટમાં બૉલિંગ કરતો જોવા મળ્યો હતો. સાથે જ, કેપ્ટન પેટ કમિન્સ, જે પીઠની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે, તેણે આગામી ગાબા ખાતેની ડે-નાઈટ ટેસ્ટ માટે પિંક-બૉલ સાથે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે હેઝલવુડે પોતાના સેશનમાં મુખ્યત્વે રેડ-બૉલ (લાલ દડો) સાથે બૉલિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ સંકેત આપે છે કે તે ગાબા ખાતેની બીજી ટેસ્ટમાં રમવાની શક્યતા ઓછી છે. તેના બદલે, તે એડિલેડમાં રમાનારી પરંપરાગત ડે-ટેસ્ટમાં વાપસી કરવાનું લક્ષ્ય ધરાવે છે. ઑસ્ટ્રેલિયાના મુખ્ય કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડે આશા વ્યક્ત કરી હતી કે હેઝલવુડ સિરીઝમાં ચોક્કસપણે કોઈક તબક્કે ઉપલબ્ધ રહેશે.

### કમિન્સની વાપસીની તૈયારી અને સિલેક્ટર્સની ચિંતા

બીજી તરફ, પેટ કમિન્સ બૉટિંગ તીવ્રતા વધારી રહ્યો છે, ખાસ કરીને પર્થ ટેસ્ટની તૈયારીમાં. જોકે, સિલેક્ટર્સ હજુ પણ સાવધાન છે, તેમને ખાતરી કરવી જરૂરી છે કે કમિન્સ પાંચ દિવસની મેચનો વર્કલોડ સહન કરવા સક્ષમ છે કે નહીં. કોચ મેકડોનાલ્ડે કમિન્સની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કરતા કહ્યું, 'તે એક ખેલાડી જેવું લાગતું હતું જે તેના પુનર્વસન પૂર્ણ કરવાની નજીક છે. તીવ્રતા ત્યાં હતી, બૉલની ગતિ પણ ત્યાં હતી.' પર્થ ટેસ્ટની ઝડપી સમાપ્તિને કારણે પ્રથમ બે ટેસ્ટ વચ્ચે 11 દિવસનો મોટો ગેપ મળ્યો છે, જે કમિન્સ માટે ફાયદાકારક છે. માઈકલ નેસર, જે પર્થમાં રિઝર્વ ક્વિક હતો, તે બ્રિસ્બેનમાં તેના હોમ ગ્રાઉન્ડ પર પસંદગી માટે દાવેદાર બની શકે છે. ખભ્ભાની સર્જરીમાંથી પાછો ફરી રહેલો ઝાય રિચાર્ડસન પણ સિરીઝમાં પછીના તબક્કામાં વાપસી માટે આશાવાદી છે. તેણે તાજેતરમાં 20 ઓવર બૉલિંગ કરી હતી અને કહ્યું કે 'ખભ્ભો ખરેખર સારો લાગે છે.

**WPL 2026 ભારતીય ખેલાડીઓ પર લાગશે મોટી બોલી**

# દીપ્તિ શર્મા, ક્રાંતિ ગૌડ અને શ્રી ચારણી પર લાગશે મોટી બોલી

**ODI વિશ્વ કપ વિજય બાદ ભારતીય ખેલાડીઓ પર ફોકસ, યુપી વોરિયર્સ પાસે સૌથી વધુ પર્સ**







નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ માટે ઐતિહાસિક ODI વિશ્વ કપ વિજય બાદ, **વુમન્સ પ્રીમિયર લીગ (WPL)**ની 2026ની હરાજીમાં ભારતીય ખેલાડીઓ પર ધ્યાન કેન્દ્રિત થવાનું છે. બુધવારે નવી દિલ્હીમાં યોજાનારી આ હરાજીમાં ભારતીય સ્ટાર અને વિશ્વ કપની હીરો દીપ્તિ શર્મા સહિત અનેક આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો પર બોલી લગાવવામાં આવશે. આ સાથે જ ભારતીય યુવા ખેલાડીઓ ક્રાંતિ ગૌડ અને શ્રી ચારણી માટે પણ મોટી બોલી લાગવાની અપેક્ષા છે. વિશ્વ કપ ફાઈનલ બાદ UP વોરિયર્ઝ દ્વારા મુક્ત કરાયેલ 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' દીપ્તિ શર્માને મોટી રકમ મળવાની સંભાવના છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ICC ઈવેન્ટમાં પોતાને સાબિત કરનાર યુવા ખેલાડીઓ ક્રાંતિ ગૌડ અને શ્રી ચારણીને પણ દીપ્તિ શર્મા જેટલો જ પગાર મળી શકે છે. આ હરાજીમાં હરલીન દેઓલ, રેણુકા સિંહ અને સ્નેહ રાણા જેવા અન્ય ભારતીય સ્ટાર્સ પણ ભાગ લઈ રહ્યા છે.

### વિદેશી સ્ટાર્સ અને પર્સની સ્થિતિ

- હરાજીમાં કુલ 277 ખેલાડીઓ (194 ભારતીય અને 83 વિદેશી) સામેલ છે, જેમાં પાંચ ટીમોને મહત્તમ 73 સ્લોટ ભરવાના છે.

**વિદેશી ખેલાડીઓ:**

- નિવૃત્ત ઓસ્ટ્રેલિયન કેપ્ટન મેગ લાયનિંગ
- ઓસ્ટ્રેલિયાના વર્તમાન કેપ્ટન એલિસા હીલી
- લોકપ્રિય સ્પિનર સોફી એક્લેસ્ટોન
- દક્ષિણ આફ્રિકાના કેપ્ટન લોરા વોલ્વાર્ટ (તેમણે વન-ડે વિશ્વ કપમાં બે સદી ફટકારી હતી).

**પર્સની સ્થિતિ:**

- હરાજીમાં સૌથી વધુ 14.5 કરોડનું પર્સ UP વોરિયર્ઝ પાસે છે.
- દિલ્હી કેપિટલ્સ પાસે સૌથી ઓછા 5.70 કરોડ બાકી છે.
- આ ઉપરાંત, UAE, USA અને થાઈલેન્ડના ચાર એસોસિએટ ખેલાડીઓ પર પણ બોલી લાગશે. WPL ટુર્નામેન્ટની શરૂઆત 7 જાન્યુઆરીથી થવાની શક્યતા છે.

**વેસ્ટ ઈન્ડિઝ સામેની 3 મેચની સિરીઝ માટે 14 સભ્યોની ટીમ જાહેર**

# કેન વિલિયમસનની ન્યૂઝીલેન્ડ ટેસ્ટ ટીમમાં વાપસી

મુંબઈ

ન્યૂઝીલેન્ડના સ્ટાર બેટ્સમેન કેન વિલિયમસનની વેસ્ટ ઈન્ડિઝ સામે રમાનારી ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝ માટે ન્યૂઝીલેન્ડની ટેસ્ટ ટીમમાં વાપસી થઈ છે. વિલિયમસન ઝિમ્બાબ્વે સામેની છેલ્લી ટેસ્ટ સિરીઝ અને આ સિઝનના મોટાભાગના સીમિત ઓવરોના મેચોમાં રમી શક્યા નહોતા. બેટ્સમેન ગ્લેન ફિલિપ્સ હજુ પણ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યા હોવાથી ટીમમાં નથી.

**વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ સિરીઝ માટે ન્યૂઝીલેન્ડની ટીમ**

- ટૉમ લાથમ (કેપ્ટન)
- ટૉમ બ્લંડેલ (વિકેટકીપર)
- માઈકલ બ્રેસવેલ
- ડેવૉન કોનવે
- જેકબ ડફી
- જેક ફૉલ્ક્સ
- મેટ હેનરી
- ડેરિલ મિચેલ
- રચિન રવીન્દ્ર
- મિચેલ સેન્ટનર
- નાથન સ્મિથ
- બ્લેયર ટિકનર
- કેન વિલિયમસન
- વિલ યંગ



### વિલિયમસનનો કરાર અને કોચનો અભિપ્રાય

વિલિયમસનનો ન્યૂઝીલેન્ડ ક્રિકેટ સાથેનો કરાર સીમિત (Restricted Contract) છે, જે તેમને વિદેશી લીગમાં રમવાની છૂટ આપે છે, જોકે તેઓ ઉપલબ્ધ હોય ત્યારે ન્યૂઝીલેન્ડ માટે પણ રમી શકે છે. ન્યૂઝીલેન્ડના મુખ્ય કોચ રૉબ વાલ્ટરે વિલિયમસનની વાપસી પર ખુશી વ્યક્ત કરતા કહ્યું, 'મેદાન પર કેનની ક્ષમતાથી બધા સારી રીતે વાકેફ છે. તેમની વાપસીથી અમારી ટેસ્ટ ટીમને મજબૂતી મળશે.'

**ટીમમાં મહત્વના ફેરફારો...** ફાસ્ટ બોલર્સ જેક ફૉલ્ક્સ, જેકબ ડફી અને બ્લેયર ટિકનર (જેમણે 2023માં છેલ્લી ટેસ્ટ રમી હતી)નો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ફૉલ્ક્સે ઓગસ્ટમાં ઝિમ્બાબ્વે સામેની પોતાની પ્રથમ ટેસ્ટ મેચમાં 9 વિકેટ લીધી હતી. ડેરિલ મિચેલ પણ વેસ્ટ ઈન્ડિઝ સામેની તાજેતરની વન-ડે દરમિયાન લાગેલી કમરની ઈજામાંથી સ્વસ્થ થઈને ટીમમાં પરત ફર્યા છે. જોકે, બેટ્સમેન ગ્લેન ફિલિપ્સ હજુ પણ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યા હોવાથી ટીમમાં નથી. સિરીઝની પ્રથમ ટેસ્ટ 2 ડિસેમ્બરના રોજ ક્રાઈસ્ટચર્ચમાં શરૂ થશે.

**વિલિયમસનની વાપસીથી અમારી ટીમને મજબૂતી મળશે: મુખ્ય કોચ રૉબ વાલ્ટર**

**પ્રથમ ટેસ્ટ 2 ડિસેમ્બરે ક્રાઈસ્ટચર્ચમાં શરૂ થશે: ફાસ્ટ બોલર્સની પસંદગી**

**ગૌતમ ગંભીરના કોચિંગમાં ભારતનો 'હોમ ફોર્ટ્રેસ' ધરાશાયી**

# ગૌતમ ગંભીરને આમંત્રણ નહીં અપાય: આઈસલેન્ડ ક્રિકેટે ઉડાવી મજાક

મુંબઈ: ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરનું ભવિષ્ય જોખમમાં હોય તેવું લાગી રહ્યું છે, કારણ કે ટીમ સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં 0-2થી કારમી હારના આરે છે. ગંભીર, જેઓ ત્રણેય ફોર્મેટમાં ટીમને કોચિંગ આપી રહ્યા છે, તેમના હેઠળ ટીમે અત્યાર સુધી નબળું પ્રદર્શન કર્યું છે. આ પરિસ્થિતિમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ટેસ્ટ ફોર્મેટ માટે અન્ય વિકલ્પો પર વિચાર કરી શકે છે. ગંભીરના ટેસ્ટ કોચ તરીકેના ભવિષ્ય પર ચર્ચા તેજ બની છે, ત્યારે સોશિયલ મીડિયા પર મજાક કરવા માટે જાણીતા આઈસલેન્ડ ક્રિકેટે પૂર્વ ઓપનિંગ બેટ્સમેનની મજાક ઉડાવતા વ્યંગ્ય કર્યો છે. આઈસલેન્ડ ક્રિકેટે 'X' પર પોસ્ટ કરીને લખ્યું: 'અમારા તમામ ચાહકો માટે, ના, ગૌતમ ગંભીરને અમારા નવા રાષ્ટ્રીય ટીમના કોચ તરીકે આમંત્રણ આપવામાં આવશે નહીં. તે પદ પહેલેથી જ ભરાઈ ગયું છે અને અમે 2025 માં અમારી 75% મેચો જીતી છે.' આ ટિપ્પણી ગંભીરના કોચિંગ હેઠળ ભારતીય ટીમના ટેસ્ટમાં ખરાબ પરિણામોના સંદર્ભમાં કરવામાં આવી હતી. BCCI તરફથી ગંભીરને હટાવવા અંગે કોઈ સત્તાવાર સંકેત નથી, પરંતુ ટેસ્ટ હેડ કોચ તરીકે તેમના પદ પરનું દબાણ ઘણું વધારે છે. ગંભીરના કોચિંગ હેઠળ, ટેસ્ટ ક્રિકેટમાં ભારતનો જે ઘરઆંગણાનો ગઢ હતો, તે તૂટી ગયો છે: ભારતે તેની છેલ્લી છ હોમ ટેસ્ટમાંથી ચારમાં હારનો સામનો કર્યો છે. આમાં ન્યૂઝીલેન્ડ સામેની ક્લિન સ્વીપ અને હવે સાઉથ આફ્રિકા સામે સંભવિત સિરીઝ ધોવાણનો સમાવેશ થાય છે. જો ભારત ગુવાહાટી સિરીઝ હારે છે, તો 25 વર્ષમાં પ્રથમ વખત ભારતીય ટીમ ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ સિરીઝ હારશે.



# T20 વિશ્વ કપ 2026: 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત-પાકિસ્તાનની ટક્કર





મુંબઈ: આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા મંગળવારે મુંબઈમાં T20 વિશ્વ કપ 2026નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કરવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, ક્રિકેટ જગતની સૌથી મોટી અને સૌથી રોમાંચક મેચ, ભારત અને પાકિસ્તાન વચ્ચેનો મહામુકાબલો 15 ફેબ્રુઆરીના રોજ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાશે. આ મેચ ગ્રુપ સ્ટેજમાં ભારતની ત્રીજી મેચ હશે. આ વર્ષે એશિયા કપમાં બંને ટીમો વચ્ચે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચો બાદ આ પ્રથમ વખત હશે જ્યારે બંને ક્રિકેટ રાષ્ટ્ર ફરી એકબીજા સામે ટકરાશે. મીડિયા અહેવાલ મુજબ, ભારત અને પાકિસ્તાનને USA, નામિબિયા અને નેધરલેન્ડ્સ સાથે એક જ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે.

**ભારતની નિરાશાજનક સ્થિતિ વચ્ચે દાવો // પૂર્વ ક્રિકેટર શ્રીવત્સ ગોસ્વામીનું મોટું નિવેદન: વન-ડેમાંથી નિવૃત્તિ લેવી હતી**

# વિરાટ કોહલીને સલાહ: ભારતીય ટીમના સંઘર્ષ વચ્ચે ટેસ્ટ રમવાનું ચાલુ રાખવું જોઈતું હતું

ગુવાહાટી

ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં સાઉથ આફ્રિકા સામે ચાલી રહેલી બીજી ટેસ્ટ મેચમાં ખરાબ પ્રદર્શનના કારણે સંઘર્ષ કરી રહી છે. આ દરમિયાન, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન શ્રીવત્સ ગોસ્વામીએ મોટો દાવો કર્યો છે. તેમણે માન્યું કે વિરાટ કોહલીએ વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લેવી જોઈતી હતી અને ટેસ્ટ ક્રિકેટ રમવાનું ચાલુ રાખવું જોઈતું હતું. ગોસ્વામીનું આ નિવેદન ગુવાહાટીમાં ચાલી રહેલી ટેસ્ટ મેચમાં ભારતની નિરાશાજનક સ્થિતિ બાદ આવ્યું છે. જો રિષભ પંતની આગેવાની હેઠળની ભારતીય ટીમ આ બીજી ટેસ્ટ હારી જશે, તો ન્યૂઝીલેન્ડ સામેની કારમી હાર બાદ ઘરઆંગણે આ વધુ એક સિરીઝ હારનો સામનો કરવો પડશે.



### કોહલીની ઊર્જા અને વિશ્વાસની ખોટ

શ્રીવત્સ ગોસ્વામીએ 'એક્સ' પર પોસ્ટ કરીને કહ્યું કે, 'આદર્શ રીતે, વિરાટે વન-ડે રમવાનું છોડીને ટેસ્ટ ક્રિકેટ રમવાનું ચાલુ રાખવું જોઈતું હતું જ્યાં સુધી તે બધું આપી ન દે. ટેસ્ટ ક્રિકેટ તેને ખેલાડી તરીકે જ નહીં, પણ તે જે ઊર્જા, પ્રેમ અને જુસ્સો લાવતો હતો, જેનાથી ટીમ માની શકતી કે તેઓ કોઈપણ પરિસ્થિતિમાં જીતી શકે છે, તેને યાદ કરી રહ્યું છે.' ગોસ્વામીના નિવેદન પરથી સ્પષ્ટ છે કે, વર્તમાન ભારતીય ટીમને કોહલીની કેપ્ટનશીપ હેઠળ મળતો જીતવાનો વિશ્વાસ ખૂટી રહ્યો છે. મેચની વાત કરીએ તો, સાઉથ આફ્રિકાએ પ્રથમ ઈનિંગ્સમાં 489 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. તેના જવાબમાં ભારતીય ટીમ માત્ર 201 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી માત્ર યશસ્વી જયસ્વાલ (58 રન) અને વોશિંગ્ટન સુંદર (48 રન) જ નોંધપાત્ર યોગદાન આપી શક્યા હતા. KL રાહુલ (22), સાઈ સુદર્શન (15), કેપ્ટન રિષભ પંત (7) અને રવીન્દ્ર જાડેજા (6) સસ્તામાં આઉટ થયા હતા. માર્કો જેન્સેને 6 વિકેટ લઈને ભારતની બેટિંગની કમર તોડી નાખી હતી. ત્રીજા દિવસની રમતના અંતે, સાઉથ આફ્રિકાએ બીજી ઈનિંગ્સમાં વિના વિકેટે 26 રન બનાવ્યા હતા અને હવે તેમની કુલ લીડ 314 રનની થઈ ગઈ છે, જ્યારે મેચના બે દિવસ બાકી છે. ભારતે કોલકાતામાં પ્રથમ ટેસ્ટ 30 રનથી ગુમાવી હતી.

**ગુવાહાટી ટેસ્ટમાં પંતના વ્યૂહાત્મક નિર્ણયો અને બિનજવાબદાર બેટિંગ પર સવાલો**

# પંતના ટીકાકારોની યાદીમાં આર. અશ્વિન પણ જોડાયા: 'બૉડી લેંગ્વેજથી નિરાશ'

ગુવાહાટી

ભારતીય ક્રિકેટ ટીમના કાર્યકારી કપ્તાન રિષભ પંત હાલમાં એક એવી મુશ્કેલ પરિસ્થિતિમાં છે, જ્યાંથી બહાર આવવું તેમના માટે કઠિન પડકાર છે. શુભમન ગિલની ગેરહાજરીમાં ટીમનું નેતૃત્વ કરી રહેલા પંતે સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાં બેટથી તો નિરાશ કર્યા જ છે, પરંતુ તેમના વ્યૂહાત્મક નિર્ણયો અને મેદાન પરના વ્યવહારની પણ આકરી ટીકા થઈ રહી છે. ગુવાહાટી ટેસ્ટના ચોથા દિવસે પંતની ફિલ્ડ પ્લેસમેન્ટ અને બૉડી લેંગ્વેજ જોઈને પૂર્વ ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિન પણ ખૂબ જ દુઃખી થયા હતા. અશ્વિન, જેઓ ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્ત થયા પહેલાં જ ક્રિકેટ પંડિત તરીકે વિશ્લેષણ કરવા લાગ્યા છે, તેમણે પંતની બૉડી લેંગ્વેજ પર નિરાશા વ્યક્ત કરી. તેમણે 'X' પર લખ્યું: 'બૉડી



લેંગ્વેજના સંદર્ભમાં મેદાન પરના સંકેતો જોઈને હું ખરેખર આશા રાખું છું કે અમે બીજી ઈનિંગ્સમાં બેટિંગ કરતી વખતે બાઉન્સ બેક કરી શકીશું.' અશ્વિનના શબ્દોમાં પંતના પ્રદર્શન અને મેદાન પરના વ્યવહારથી ઊભી થયેલી નિરાશા સ્પષ્ટ દેખાય છે, કારણ કે સાઉથ આફ્રિકા મેચમાં ભારતથી આગળ વધી રહ્યું છે. ગુવાહાટી ટેસ્ટમાં પંત પહેલીવાર ભારતીય ટીમનું લાંબા ફોર્મેટમાં નેતૃત્વ કરી રહ્યા છે. પ્રથમ ઈનિંગ્સમાં તેમની બિનજવાબદાર બેટિંગે સૌથી જોખમી પરિસ્થિતિઓમાં પણ આક્રમક રમવાની તેમની વૃત્તિને ઉજાગર કરી છે.

## 9 બાળકો સહિત 10ના મોત: ખોસ્ત ઉપરાંત કુનર-પક્તિકામાં પણ એરસ્ટ્રાઇકનો દાવો

# અફઘાનિસ્તાન પર પાકિસ્તાનની ફરી એરસ્ટ્રાઇક!

(એજન્સી) અફઘાનિસ્તાન । તા. 25

અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં પાકિસ્તાની સેના દ્વારા કરાયેલી કાર્યવાહીના પરિણામે સરહદ પર તણાવ ફરી વધ્યો છે. અફઘાન તાલિબાનના પ્રવક્તા જબિહુલ્લાહ મુજાહિદે માહિતી આપી હતી કે મોડી રાત્રે પાકિસ્તાની સેનાના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 9 બાળકો અને 1 મહિલા સહિત કુલ 10 લોકોનાં મોત થયાં છે. મૃતકોમાં 5 છોકરાઓ અને 4 છોકરીઓનો સમાવેશ થાય છે. મુજાહિદના જણાવ્યા મુજબ, આ હુમલો રાત્રે 12 વાગ્યે ગેરબઝવો જિલ્લામાં સ્થાનિક નિવાસી વિલાયત ખાનના ઘર પર કરવામાં આવ્યો હતો, જેના કારણે તેમનું આખું ઘર ધ્વસ્ત થઈ ગયું હતું. તાલિબાની નેતા જબિહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો હતો કે પાકિસ્તાની સેનાએ ખોસ્ત સિવાય કુનર અને પક્તિકા પ્રાંતોમાં પણ હવાઈ હુમલા કર્યા હતા, જેના પરિણામે 4 નાગરિકો ઘાયલ થયા છે. આ ઘટના સાથે સંબંધિત તસવીરો પણ તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરી હતી, જેમાં ધ્વસ્ત થયેલા ઘરનો કાટમાળ અને મૃત બાળકોના મૃતદેહો સ્પષ્ટપણે દેખાય છે.

આ ઘટના અંગે પાકિસ્તાનની સેના કે વિદેશ મંત્રાલય તરફથી હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરાયું નથી. આ બૉમ્બમારો એવા



સંજોગોમાં થયો છે જ્યારે એક દિવસ પહેલાં જ પાકિસ્તાનના પેશાવરમાં બે આત્મઘાતી હુમલા થયા હતા, જેમાં ત્રણ અર્ધસૈનિક કર્મચારીઓનાં મોત નીપજ્યાં હતાં. પાકિસ્તાની અધિકારીઓએ આ હુમલાઓ માટે અફઘાન સરહદની અંદર છુપાયેલા હોવાનો આરોપ મૂકાયેલા આતંકવાદી તત્વોને જવાબદાર ગણાવ્યા હતા.

### બંને દેશો વચ્ચે મહિનાઓથી સતત તણાવ

છેલ્લા કેટલાક મહિનાઓમાં બંને દેશો વચ્ચેનો તણાવ સતત વધ્યો છે. ઓક્ટોબરમાં પાકિસ્તાની અને અફઘાન સૈનિકો વચ્ચે થયેલી અથડામણોમાં ડઝનબંધ લોકોએ જીવ ગુમાવ્યા હતા. 2021માં અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તા વાપસી પછી આ સંઘર્ષને સૌથી ગંભીર માનવામાં આવ્યો હતો. જોકે, ત્યારબાદ દોહામાં બંને પક્ષો દ્વારા યુદ્ધવિરામ (સીઝફાયર) કરાર થયો હતો, પરંતુ તૂર્કિયેમાં આયોજિત શાંતિ વાર્તા કોઈ કાયમી ઉકેલ લાવ્યા વિના સમાપ્ત થઈ ગઈ હતી.

### પાકિસ્તાનની 'આતંકી સંગઠનો' પર કાર્યવાહીની માંગણી

પાકિસ્તાનની તે અપેક્ષા માનવામાં આવે છે, જેમાં તેણે અફઘાનિસ્તાનમાં સક્રિય પાકિસ્તાન-વિરોધી સંગઠનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ખોસ્તમાં થયેલા આ તાજેતરના બૉમ્બમારાથી આ વિસ્તારમાં વસતા નાગરિકોની સુરક્ષા અંગે ગંભીર ચિંતા જન્મી છે. સ્થાનિક પ્રશાસને ખાતરી આપી છે કે હૉસ્પિટલમાં દાખલ ઘાયલોની હાલત સ્થિર છે, તેમ છતાં સરહદી વિસ્તારમાં તણાવ વધવાની શક્યતા હજી પણ યથાવત્ છે.

## ડ્રેગન માટે ખતરાની ઘંટડી

# જાપાને ચીનના 'દરવાજા' સામે મિસાઈલ્સ તૈનાત કર્યા

(એજન્સી) ટોક્યો । તા. 25

ચીન અને જાપાન વચ્ચે, તાઈવાન અંગે તણાવ ચરમ સીમાએ પહોંચ્યો છે. બને દેશો એકબીજા સામે બયાનબાજીમાં પડયા છે. તેવામાં જાપાને તેના સૌથી દક્ષિણના દ્વિપ યોનાગુની પર મિસાઈલ્સ તૈનાત કરી દીધી છે. તેથી તણાવ વધ્યો છે. બીજી તરફ જાપાનના સંરક્ષણ મંત્રી શિંજીરો કોઈઝમીએ તાઈવાનથી આશરે ૧૧૨ કિ.મી. દૂર રહેલાં આ સૈન્ય મથકની મુલાકાત લીધી, અને કહ્યું કે, આ મિસાઈલ્સ હુમલાની આશંકા ઓછી કરશે, વધારશે નહી. યોનાગુની દ્વિપ જાપાનની દક્ષિણી સલામતી શ્રૃંખલાનો મહત્વનો હિસ્સો છે. જાપાને પહેલેથી જ આ ક્ષેત્રના બે અન્ય દ્વિપો, ઈશિગાકી અને મિયાકો ઉપર અનુક્રમે એન્ટી શિપ મિસાઈલ્સ તથા એર સર્વિલીયન્સ સીસ્ટીમ તૈનાત કરી રાખી છે.

આ યોનાગુની દ્વિપ અમેરિકી સૈન્ય રણનીતિ માટે ઘણો મહત્વનો છે. તે ચીનની પ્રથમ દ્વિપ શૃંખલા સામે આવેલો છે, અને તાઈવાન (સમુદ્ર ધુનિ) સ્ટેટ્સ તથા પૂર્વીય ચીન સમુદ્ર વચ્ચે સમુદ્રીય માર્ગ પર છે. તાઈવાન જો સંકટમાં આવી પડે તો આ દ્વિપ સર્વીલીયન્સ (દેખરેખ) રાખી ત્યાં જ અન્યને રોકી શકાય તેમ છે. તેમજ અમેરિકા- જાપાનનાં સંયુક્ત સૈન્ય અભિયાનો માટે વ્યૂહાત્મ દ્રષ્ટિએ પણ મહત્વનો છે.

ચીનના વિદેશ મંત્રી વાંગ-ચીએ કહ્યું હતું કે આ મહિનાના પ્રારંભમાં જાપાનનાં વડાપ્રધાન સામે તાકાઈચીએ એવી ધમકી ઉચ્ચારી હતી કે ચીન દ્વારા તાઈવાન પર નૌસેના દ્વારા નાકાબંધી જાપાન માટે જવાબી કાર્યવાહીનો આધાર બની શકે તેમ છે. તાકાઈચીનાં વિધાનો ઘણાં જ અત્યંત ચોંકાવનારા છે.

વાંગ-ચીએ વધુમાં કહ્યું હતું કે જાપાનના વર્તમાન નેતાઓ, તાઈવાન મુદ્દે સૈન્ય હસ્તક્ષેપની ખુલ્લી ધમકી આપી, જાહેરમાં ખોટો સંદેશો આપી રહ્યા છે. તેઓ એવી વાતો કરે છે કે જે કરવી ન જોઈએ. તેઓએ આ પછી સ્પષ્ટતા કરતા કહ્યું કે ચીન જાપાનની હરકતોનો જડબાતોડ જવાબ આપશે.

## ન્યૂઝ બ્રીફ

### ટ્રમ્પના શી જિનપિંગ સાથે વાત કર્યા બાદ ટાકાઇચી સાથે વાર્તાલાપ



ટોક્યો | જાપાનના રાજકારણમાં એક મહત્ત્વની ઘટનાક્રમ જોવા મળ્યો છે. ટ્રમ્પે તેમના ચીની સમકક્ષ શી જિનપિંગ સાથે ફોન પર વાતચીત કર્યાના ગણતરીના કલાકોમાં જ જાપાન વડાપ્રધાન ટાકાઇચી સાનાએ સાથે ફોન પર વાતચીત કરીને બંને દેશો વચ્ચેના ગાઢ સહયોગને પુનઃસ્થાપિત કર્યો હતો. જાપાનના રાજ્ય મીડિયાએ મંગળવારે આની જાણકારી આપી હતી. જાપાન વડાપ્રધાન ટાકાઇચીએ જણાવ્યું કે આ વાર્તાલાપ અમેરિકી રાષ્ટ્રપતિની વિનંતી પર કરવામાં આવ્યો હતો, જેમાં ટ્રમ્પે તેમને સોમવારે શી જિનપિંગ સાથે થયેલી વાતચીત વિશે ટૂંકમાં માહિતી આપી હતી. જોકે, તેમણે તાઇવાન વિવાદ ચીન પરના પોતાના અગાઉના નિવેદનો અંગેની ચર્ચા સહિત અન્ય વિગતો આપવાનું ટાળ્યું હતું.

### પાકિસ્તાન ખાંડ સંકટ સરકારી નીતિગત કટોકટી અને વહીવટી નિષ્ફળતાનું પરિણામ

ઇસ્લામાબાદ | પાકિસ્તાનમાં ખાંડના ભાવોમાં આવેલા તીવ્ર ઉછાળાએ સામાન્ય પ્રજાનું જીવન મુશ્કેલ બનાવી દીધું છે, જેના કારણે ઊભી થયેલા ગહન પાકિસ્તાન ખાંડ સંકટ માટે દેશની સુગર મિલ્સ એસોસિએશન એ સીધી રીતે સરકારની અવિચારી નીતિઓ અને વહીવટી ક્ષતિઓને જવાબદાર ઠેરવી છે. એસોસિએશને સ્પષ્ટપણે બજારના ભાવ વધારવા માટે મિલ માલિકો પર લાગેલા તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. દેશમાં રાષ્ટ્રીય સ્તરે છૂટક ભાવો વધારવા પાછળ પ્રાંતીય પરિવહન પ્રતિબંધ અને ફેડરલ બોર્ડ ઓફ રેવન્યુના વેચાણ પોર્ટલને બંધ રાખવાના નિર્ણયે વિતરણ શ્રૃંખલાને ગંભીર રીતે ખોરવી નાખી છે, જેના કારણે આ કટોકટી સર્જાઈ હોવાનું મીડિયા અહેવાલો દ્વારા જાણવા મળ્યું છે.

### દિલ્હી બોમ્બ વિસ્ફોટ સુરક્ષા કારણોસર નેતન્યાહૂ ભારત મુલાકાત મોકૂફ



નવી દિલ્હી | ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ડિસેમ્બર મહિનામાં પ્રસ્તાવિત ભારત મુલાકાત મોકૂફ રાખવામાં આવી છે. બે અઠવાડિયા પહેલા દિલ્હીમાં થયેલા બોમ્બ વિસ્ફોટ બાદ ઊભી થયેલી સુરક્ષા ચિંતાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિસ્ફોટ બાદ ઈઝરાયેલી વડાપ્રધાને આતંકવાદ સામે બંને રાષ્ટ્રોના અતૂટ સંકલ્પ પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે આતંકવાદ શહેરોને નિશાન બનાવી શકે છે, પરંતુ તે ક્યારેય સ્થિતિસ્થાપક રાષ્ટ્રોની ભાવનાને તોડી શકશે નહીં. તેમણે પોતાના નિવેદનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતના લોકોને શોક સંદેશ મોકલ્યો હતો.

## 19મી સદીનું 'મિસ્ટ્રી ઇરપ્શન': જ્વાળામુખીના કારણે આખા વર્ષ સુધી ગરમી ન આવી!

# ઈથિયોપિયાના જ્વાળામુખીના કારણે વિશ્વમાં હિમયુગની શરૂઆત થશે? હજારો કિમી સુધી ફેલાઈ રાખ અને ગેસ

(એજન્સી) ઈથિયોપિયા । તા. 25

ઈથિયોપિયામાં લગભગ 10 હજાર વર્ષના લાંબા ગાળા પછી હાયલી ગુબ્બી જ્વાળામુખી ફાટતાં વૈશ્વિક સ્તરે તેની અસર જોવા મળી રહી છે. આ વિસ્ફોટમાંથી નીકળેલી રાખ અને ઝેરી વાયુઓ હજારો કિલોમીટર દૂર સુધી પહોંચી ગઈ છે, જેના કારણે ભારત સહિત અનેક દેશોમાં હવાઈ ઉડ્ડયન પ્રભાવિત થયું છે. આ ઘટનાએ એક મોટી ચર્ચા જગાવી છે કે, જ્યારે એક સામાન્ય જ્વાળામુખીની અસર આટલી વ્યાપક હોય, તો સુપર વૉલ્કેનિક ઈરપ્શન (મહાજ્વાળામુખી વિસ્ફોટ)ની સ્થિતિમાં દુનિયા પર શું અસર થઈ શકે? જ્વાળામુખીમાંથી નીકળેલા રાખ અને વાયુઓનું જાડું સ્તર ધરતી અને આકાશ વચ્ચે આવતાં તાપમાન નીચે જવા લાગે છે અને ઘણી વખત બેમોસમી ઠંડી પણ પડવા લાગે છે.

જ્વાળામુખીના ઇતિહાસમાં લગભગ બે સદી પહેલાં બનેલી એક ઘટનાને આજે પણ સૌથી રહસ્યમયી ગણવામાં આવે છે. 19મી સદીની શરૂઆતથી ઘણા વર્ષો સુધી ઇન્ડોનેશિયાના માઉન્ટ ટેમ્બોરામાં સતત થયેલા વિસ્ફોટોને 'મિસ્ટ્રી ઇરપ્શન' (રહસ્યમય વિસ્ફોટ) નામ આપવામાં આવ્યું છે, કારણ કે આ ધમાકાઓ વિશે વૈજ્ઞાનિક રેકોર્ડ, પ્રત્યક્ષદર્શીઓના અહેવાલો અને સ્થાનિક દસ્તાવેજો અત્યંત મર્યાદિત છે.

તે સમયે ટેક્નૉલોજીનો ઓછો વિકાસ હોવાથી ઘટનાની ગંભીરતા પૂરેપૂરી સમજી શકાઈ નહોતી. ટેમ્બોરામાં સતત વિસ્ફોટ થવાથી હવામાં રાખ અને સલ્ફેટ એરોસોલનો જંગી જથ્થો જમા થઈ ગયો, જેના પરિણામે સૂર્યનાં કિરણો પૃથ્વી સુધી પહોંચી શક્યાં નહીં. આના કારણે વૈશ્વિક તાપમાનમાં નજીવો નહીં, પરંતુ પૂરા 1.7 ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો, જે ખૂબ જ મોટી અસર હતી.



આ ઘટાડાની અસર સમગ્ર વિશ્વમાં દેખાઈ: યુરોપ અને ઉત્તર અમેરિકામાં આખા એક વર્ષ સુધી ગરમી આવી જ નહીં, ભારે હિમવર્ષા થઈ અને પાકનો લગભગ નાશ થયો. એશિયામાં પણ ચોમાસાની પેટર્ન ખોરવાઈ જતાં અનાજનું ગંભીર સંકટ છવાઈ ગયું હતું.

### તાપમાનમાં આવ્યો 1.2 ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો

વર્ષ 1883માં ઇન્ડોનેશિયામાં થયેલો ક્રાકાટોઆ(Krakatoa) જ્વાળામુખીનો વિસ્ફોટ પણ ટેમ્બોરા જેવી જ વિનાશક અસર ધરાવતો હતો. આ ધમાકો એટલો જબરદસ્ત હતો કે તેનો અવાજ સેંકડો કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. વિસ્ફોટ દરમિયાન જ્વાળામુખીમાંથી રાખ, ધૂળ અને સલ્ફેટ વાયુઓની ભારે માત્રા નીકળીને સમગ્ર વાતાવરણમાં ફેલાઈ ગઈ હતી. આના કારણે ચારે બાજુ એક પ્રકારનું ઝાંખું અને ચમકતું પડ રચાયું હતું. આ પડ સૂર્યના પ્રકાશને સીધો ધરતી સુધી પહોંચતા રોકવા લાગ્યું, જેના પરિણામે તે સમયે વૈશ્વિક તાપમાનમાં લગભગ 1.2 ડીગ્રી સેલ્સિયસ જેટલો નોંધપાત્ર ઘટાડો આવ્યો હતો. આ ઘટનાએ વૈજ્ઞાનિકોને જ્વાળામુખીની વૈશ્વિક આબોહવા પર થતી અસર સમજવામાં મદદ કરી.

### જ્વાળામુખીથી 'હિમયુગ' શક્ય નથી, પણ ગ્લોબલ કૂલિંગ થાય છે!

જ્વાળામુખીના મોટા વિસ્ફોટો પૃથ્વીને થોડા સમય માટે ઠંડી કરી શકે છે, જેને ગ્લોબલ કૂલિંગ પિરિયડ કહેવામાં આવે છે, પરંતુ તેનાથી હિમયુગ(Ice Age) આવી શકે નહીં. હિમયુગ માટે હજારો વર્ષો સુધી સતત નીચું તાપમાન અને દર વર્ષે બરફના જાડા પડોનું નિર્માણ થવા જેવાં ઘણાં કારણો જરૂરી છે.

### ■ જ્વાળામુખી ફાટવાથી ધરતી ગરમ થવાને બદલે કેમ ઠંડી પડે છે?

સામાન્ય રીતે એવું લાગે કે જ્વાળામુખી વિસ્ફોટથી ધરતીનું તાપમાન વધવું જોઈએ, પરંતુ તેનાથી વિપરીત અસર થાય છે અને પૃથ્વીનું તાપમાન ઘટે છે. આ ઘટના પાછળ એક રસપ્રદ વૈજ્ઞાનિક પ્રક્રિયા કામ કરે છે. ખરેખર, વિસ્ફોટ દરમિયાન ભારે માત્રામાં રાખ, ધૂળ અને વિવિધ વાયુઓ ઉપલા વાતાવરણ, એટલે કે સ્ટ્રેટોસ્ફિયર સુધી પહોંચે છે. સ્ટ્રેટોસ્ફિયરમાં આ કણો એક જાડું પડ તૈયાર કરે છે, જે કુદરતી છત્રી (અમ્બ્રેલા)ની જેમ કામ કરે છે. સૂર્યમાંથી આવતી ગરમી અને પ્રકાશ આ પડ સાથે ટકરાઈને સીધા પૃથ્વી પર પહોંચવાને બદલે અવકાશમાં પાછા પરાવર્તિત થાય છે. આ ઉપરાંત, જ્વાળામુખીમાંથી નીકળતો સલ્ફર ડાયોક્સાઈડ વાયુ ઉપર જઈને સલ્ફેટ એરોસોલ બનાવે છે. આ એરોસોલ સૂર્યનાં કિરણોને વધુ અસરકારક રીતે અવરોધે છે. આ પ્રક્રિયાને કારણે પૃથ્વી પર ઓછી સૌર ઊર્જા પહોંચે છે, જેનાથી તાપમાનમાં ઘટાડો થાય છે અને ઠંડક ઘણા મહિનાઓથી લઈને બે-ત્રણ વર્ષ સુધી જળવાઈ રહી શકે છે.

## પાકિસ્તાનને તેનો મૂળ રોગ દર્શાવ્યો

# અસીમ મુનીર અને શહબાઝ શરીફ ઉપર IMFના ઉગ્ર પ્રહારો



(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ઇન્ટરનેશનલ મોનિટરી ફંડે પાકિસ્તાન અંગે ઘણો કઠોર અહેવાલ આપ્યો છે. તેમાં કહ્યું છે કે પાકિસ્તાનમાં ભ્રષ્ટાચાર એટલી હદે મૂળ કરી ગયો છે કે તે શાસનનો એક ભાગ જ બની રહ્યો છે, તેનાં સમગ્ર રાજકારણમાં અને અર્થતંત્રમાં પણ વ્યાપી રહ્યો છે.

૧૮૬ પાનાનો આ અહેવાલ જણાવે છે કે, ત્યાં ભ્રષ્ટાચાર સતત વધતો જાય છે, જે દેશની ખરાબ બની રહેલી આર્થિક સ્થિતિને વધુ ખરાબ બનાવે છે, અને ભ્રષ્ટાચાર છેક નીચેથી છેક ઉપર સુધી વ્યાપ્ત રહ્યો છે. સત્તાનાં સર્વોચ્ચ સ્થાનો સુધી પહોંચી ગયો છે. વડાપ્રધાન શહબાઝ શરીફની ઓફિસ હોય કે,લશ્કરના વડા આસીમ મુનીરની ઓફિસ હોય, દરેક સ્થાને તે વ્યાપ્ત છે. આ ભ્રષ્ટાચારનું સૌથી ખરાબ પાસું તે છે કે જે સ્થાનો શ્રેષ્ઠ ગણાય છે ત્યાં સુધી તે પહોંચી ગયો છે અને સરકાર સાથે જોડાયેલી લગભગ તમામ સંસ્થાઓમાં પણ વ્યાપી ગયો છે. આઈ.એમ.એફે તેના અહેવાલમાં જણાવ્યું છે કે, ભ્રષ્ટાચારને લીધે જ તેની મોટી આર્થિક વ્યવસ્થા તેમજ સામાજિક વિકાસ ઉપર પણ ઘણી માઠી અસર થઈ છે. જાહેર ભંડોળો ખોટી રીતે વપરાઈ રહ્યા છે. તેથી માર્કેટમાં વમળો ઉભા થયા છે. સ્વચ્છ સ્પર્ધા ખોડંગાઈ ગઈ છે. જાહેર નિધિઓ (પબ્લિક ટ્રસ્ટ)નાં ભંડોળો ખાલી થઈ રહ્યાં છે. તેથી સ્થાનિક તેમજ વિદેશી રોકાણો પર અવરોધ આવી ગયો છે, તે સંકોચાઈ રહ્યાં છે. આ અહેવાલમાં વધુ ચાબખા મારતાં જણાવવામાં આવ્યું છે કે, ભ્રષ્ટાચાર રોકવામાં અસમર્થ તેવા દુનિયાના અન્ય દેશોની હરોળમાં પાકિસ્તાન મુકાઈ ગયું છે.

આટલુ ઓછું હોય તેમ આઈએમએફના તે અહેવાલમાં પાકિસ્તાનની ન્યાયતંત્રીય વ્યવસ્થાને પણ ઝપટમાં લીધી છે. તે અંગે આ અહેવાલમાં લખ્યું છે કે, તે ઘણી જ ધીમી છે, રાજકીય દબાણને વશ છે.

# ભારત અને કેનેડા સંબંધો સુધારે છે નરેન્દ્ર મોદી-કાર્ની વચ્ચે સઘન મંત્રણા

(એજન્સી) જોહાનિસબર્ગ । તા. 25

જી-૨૦ દેશોની અહીં ચાલી રહેલી મંત્રણા રવિવારે સંપન્ન થઈ. તે દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક-કાર્ની વચ્ચે સઘન મંત્રણાઓ થઈ હતી. તેમજ એક મહત્વનો મુદ્દો તે હતો કે, કેનેડા તેના નાગરિકત્વ ધારામાં સુધારો કરી જે દંપતિઉ વર્ષ સુધી કેનેડામાં રહ્યું હોય તેનાં બાળકોને આપોઆપ કેનેડાનું નાગરિકત્વ મળી જશે. પરંતુ તેથીએ મહત્વના કારારો તો બંને દેશો વચ્ચે આર્થિક ક્ષેત્રે થયા. કોમ્પ્રીહેન્સીવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (સીઈપીએ) તરીકે ઓળખાતા આ કરારો ૨૦૧૦ થી ચર્ચવામાં આવ્યા હતા. પરંતુ ૨૦૨૧ સુધી તેણે જોર પકડયું નહીં. ૨૦૨૨માં તેણે જોર પકડયું છે તે પ્રમાણે ફાર્માસ્યુટિકલ્સ, ક્રીટિકલ એન્ડ રેર અર્થ મિનરલ્સ, તેમજ ટુરીઝમ, અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર્સ (શહેર) મૂળભુત માળખા, રિન્યુએબલ એનર્જી



અને માઈનિંગ ક્ષેત્રે કરારો ફરી તાજા કરાયા. પહેલા આ કરારો થયાજ હતા, પરંતુ ૨૦૨૩માં તે વિલંબિત થયા. તેનું કારણ ખાલીસ્તાન મુદ્દો બંને દેશો વચ્ચે ઉપસ્થિત થયેલો ખટરાગ હતું.

ખાલીસ્તાની નેતા નિજ્જરની કેનેડામાં થયેલી હત્યા પછી બંને દેશોના સંબંધો વણસી ગયા હતા. કેનેડા તે હત્યા માટે ભારતને જવાબદાર ગણતું હતું. ભારતે તે આક્ષેપોને સદંતર રદીયો આપ્યો હતો. તેસાથે સંબંધો એટલી હદે વણસ્યા કે બંનેએ પરસ્પરના દૂતાવાસોમાંથી દૂતાવાસોમાં રહેલાઓની સંખ્યા ઘટાડી હતી.

## H-1B વિઝા પર ટ્રમ્પનું બેવડું વલણ: 'નોકરીઓ અમેરિકનોને જ, પણ કુશળ વિદેશીઓની જરૂર'

વોશિંગ્ટન | H-1B વિઝા ફીને લઈને ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કૅરોલિન લેવિટે એક મહત્ત્વનું નિવેદન આપ્યું છે. લેવિટે જણાવ્યું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવાની સાથે સ્થાનિક નોકરીઓની સુરક્ષા કરવા માટે કટિબદ્ધ છે. આ નિવેદન, H-1B વિઝાની વધતી જતી ચકાસણી અને વિદેશી શ્રમિકોના કારણે મુખ્ય ઉદ્યોગોમાં અમેરિકન નોકરીઓ છીનવાઈ જવાની શક્યતાઓ અંગેની ચિંતાઓ વચ્ચે આવ્યું છે. લેવિટે માહિતી આપી હતી કે ટ્રમ્પે વિદેશી કંપનીઓને અમેરિકામાં સીધું રોકાણ કરવા માટે આદેશ આપ્યો છે. ટ્રમ્પે આ વિદેશી કંપનીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, 'જો તમે અહીં રોકાણ કરો છો અને વ્યવસાય કરવા માંગો છો, તો નોકરીઓ તમારે અમેરિકન લોકોને જ આપવી પડશે.'

# USની ચેતવણી પછી ઇન્ટરનેશનલ ફ્લાઈટસે વેનેઝૂએલા જવાનું રદ્દ કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

મોટા ભાગની ગ્લોબલ એરલાઈન્સે વેનેઝૂએલા જતી ફ્લાઈટસ કેન્સલ કરી છે. અમેરિકાના ફેડરલ એવીએશન એડમિનિસ્ટ્રેશને પાયલોટસને વેનેઝૂએલા એર સ્પેસ પાસે પણ નહીં જવા કહી દીધું છે, કારણ કે તે વિસ્તારમાં લશ્કરી પ્રવૃત્તિઓ વધી રહી છે, તેથી સલામતી જોખમાઈ જાય તેમ છે. બીજી તરફ એરલાઈન્સ એસોસિએશન ઓફ વેનેઝૂએલાના પ્રમુખ મેરીસેલો દ લોયેઝીએ પત્રકારોને જણાવ્યું હતું કે છ વિમાન સેવાઓ, ટીએપી, એલએટીએમ, એવીએન્કા આઈબેરિયા, ગોલ અને કેરીબિયન એરલાઈન્સે નવેમ્બર ૨૪ થી ૨૮ સુધી તેમની ફ્લાઈટસ વેનેઝૂએલા જવા માટે રદ્દ કરી છે. હવે તેમાં ટર્કીશ એરલાઈન્સ પણ જોડાઈ છે. આ પરિસ્થિતિવિષે ટીકા કરતા પડોશી દેશ કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ પર રવિવારે લખ્યું કે, લેટિન અમેરિકાના દેશો સાથે દુનયિાભરમાંથી નિયમિત એરલાઈન્સ આવવી જોઈએ અને લેટિન અમેરિકાના દેશોમાંથી વિશ્વભરમાં નિયમિત એરલાઈન્સ જવી જોઈએ. કોઈ દેશને રૂંધવો ન જોઈએ, કારણ કે તેમ કરવું તે માનવ જાત સામેનો અપરાધ છે.

બીજી તરફ એપ.એ.એ. દ્વારા પાયલોટસને એરલાઈન્સની એર સ્પેસથી દૂર રહેવા જણાવી દીધું છે. કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પે એરલાઈન્સના પ્રમુખ નિકોલસ માદુરો ઉપર દબાણ લાવવા એરલાઈન્સના તટ સુધી તેના યુદ્ધ વિમાનો ઉડાડયા છે તે માટે કહે છે કે આ તો પાયલોટસને ટ્રેનિંગ આપવા કરવામાં આવે છે. આક્રમણ કરવા માટે નહીં. બીજી તરફ અમેરિકી નૌકાદળના આઠ નાના મોટા યુદ્ધ જહાજો, એરલાઈન્સના તટ ફરતાં તેના જળ વિસ્તારની બહાર ઉભા છે. તે ઉપરાંત વેનેઝૂએલાથી જતી કેટલીક બોટો અમેરિકાએ તેમ કહી ડૂબાડી દીધી છે કે તે બોટો ડ્રગ લઈ જતી હોવાથી અમારે તેમ કરવું પડયું છે.

**પરમાણુ ટેસ્ટ** | અમેરિકા અને ઈઝરાયલનું વધશે ટેન્શન, પરમાણુ બોમ્બના ટેસ્ટિંગ માટે વિશાળ જગ્યા બનાવી

# ઈરાન ફરી પરમાણુ ટેસ્ટની તૈયારી કરી રહ્યું છે?

(એજન્સી) ઇરાન । તા. 25

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો તણાવ ફરી વધ્યો છે. નવેમ્બર-2025ની નવી સેટેલાઈટ તસવીરોએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે, ઈરાન તેની જૂની પરમાણુ હથિયાર સાઈટ 'તાલેઘાન-2'નું પુરઝડપે બાંધકામ કરી રહ્યું છે. આ સાઈટ તેહરાન નજીકના પારચિન મિલિટરી કોમ્પ્લેક્સમાં આવેલી છે. પરમાણુ નિષ્ણાતોને ડર છે કે, આ સ્થળે અણુબોમ્બ બનાવવા માટે જરૂરી હાઈ-એક્સપ્લોઝિવ પરીક્ષણો ફરી શરૂ થઈ શકે છે. ઈરાને વર્ષ 2000ની શરૂઆતમાં 'અમાદ પ્લાન' હેઠળ ગુપ્ત પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. પ્લાન્ટમાં પરમાણુ બોમ્બ બનાવવાનો હતો. આ સ્થળે બોમ્બમાં વિસ્ફોટ કરવા માટેના ભાગોનું પરીક્ષણ થતું હતું. ઓક્ટોબર-2024માં ઈઝરાયલે આ સાઈટ પર બોમ્બમારો કરીને તેને સંપૂર્ણ નષ્ટ કરી દીધી હતી. જોકે, માત્ર એક વર્ષના ગાળામાં જ ઈરાને મે-2025થી આ સ્થળ પર ફરીથી ઝડપી બાંધકામ કામગીરી શરૂ કરી



દીધી છે. અમેરિકાના જાણીતા થિંક ટેન્ક 'ઈન્સ્ટિટ્યૂટ ફોર સાયન્સ એન્ડ ઈન્ટરનેશનલ સિક્યુરિટી (ISIS)' દ્વારા નવેમ્બર-205માં એક રિપોર્ટ અને મોટા ફેરફારો સાથેની નવી સેટેલાઈટ તસવીર જાહેર કરાઈ છે. સાઈટ પર લગભગ 36 મીટર લાંબા અને 12 મીટર પહોળા એક વિશાળ સિલિન્ડર જેવી ડિઝાઈન દેખાઈ રહી છે.

નિષ્ણાતો માને છે કે, આ ડિઝાઈન એક કન્ટેનમેન્ટ વેસલ હોઈ શકે છે, જે અંદર મોટો વિસ્ફોટ થાય તો પણ બહાર કોઈ અસર ન થાય તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યું હોઈ શકે છે. આ ડિઝાઈન પરમાણુ બોમ્બના પરીક્ષણ માટે યોગ્ય હોય છે. ઈરાને આ ડિઝાઈનને કાળા કવરથી ઢાંકવાનો પણ પ્રયાસ કર્યો છે. જોકે રિપોર્ટ સ્પષ્ટપણે ખાતરી નથી આપતો, પરંતુ સાઈટનો ઈતિહાસ જોતાં પરમાણુ કાર્યક્રમ માટેના પરીક્ષણોની આશંકા ખૂબ મોટી છે. ઈરાન વારંવાર દાવો કરતું રહ્યું છે કે, અમે માત્ર વીજળી અને મેડિસિન માટે પરમાણુ કાર્યક્રમ ચલાવી રહ્યા છે. અમારા ધર્મમાં પરમાણુ બોમ્બ બનાવવો હરામ છે. તેમ છતાં ઈરાને યુરેનિયમનું 90 ટકા સુધી સંવર્ધન કરી લીધું છે, જે અણુબોમ્બ બનાવવાથી માત્ર એક ડગલું દૂર ગણાય છે. આ પરિસ્થિતિને જોતાં ઈઝરાયલની પ્રતિક્રિયા આવવાની શક્યતા છે. વડાપ્રધાન નેતન્યાહૂ અગાઉ જ કહી ચૂક્યા છે કે, તેઓ ઈરાનને ક્યારેય પરમાણુ બોમ્બ બનાવવાની મંજૂરી નહીં આપે. 2024 અને 2025માં ઈઝરાયલે ઈરાનની અનેક પરમાણુ સાઈટ્સ, મિસાઈલ ફેક્ટરીઓ અને વૈજ્ઞાનિકો પર હુમલા કર્યા હતા.

# WHO: ડિજિટલ હિંસા મહિલાઓ પર વધી રહેલો મોટો ખતરો

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ ટેક્નોલોજી દ્વારા થતી હિંસાની વધતી ગતિ પર ગહન ચિંતા વ્યક્ત કરી છે, જે ખાસ કરીને મહિલાઓ અને યુવતીઓ માટે મોટો ખતરો બની રહી છે. ઘનિષ્ઠ ભાગીદાર હિંસાના તાજેતરના અંદાજો દર્શાવે છે કે દક્ષિણ-પૂર્વ એશિયા પ્રદેશમાં આજીવન IPV નો વ્યાપ ૩૧.૫% જેટલો છે, જે WHO ના તમામ પ્રદેશોમાં સૌથી વધુ છે. આ આંકડો સ્ત્રીઓના જીવનમાં હિંસા કેટલી હદે વણાયેલી છે તે દર્શાવે છે.

પરંતુ હવે ડિજિટલ હિંસા મહિલાઓ માટે એક નવું અને ઝડપથી વધી રહેલું સંકટ છે. જેમાં સાયબરસ્ટોકિંગ, ઈમેજ-આધારિત દુરુપયોગ, ટ્રોલિંગ, ડોક્સિંગ અને ઓનલાઈન સતામણી જેવી પ્રવૃત્તિઓ ચિંતાજનક દરે વધી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર મહિલા અનુસાર, વૈશ્વિક સ્તરે ૧૬% થી ૫૮% મહિલાઓ અને છોકરીઓએ ઓનલાઈન અથવા ટેક્નોલોજી-સહાયિત હિંસાના કોઈને કોઈ સ્વરૂપનો અનુભવ કર્યો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા ચેતવણી આપતા દક્ષિણ-પૂર્વ એશિયા માટેના ઓફિસર-ઈન-ચાર્જ કેથરીના બોહમેએ જણાવ્યું હતું કે આ હિંસાના સ્વાસ્થ્ય અને સુખાકારી પરના પરિણામો ગંભીર હોય છે. તેમાં ચિંતા, હતાશા, ઊંઘની બીમારીઓ, પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ અને જાતીય તથા પ્રજનન સ્વાસ્થ્ય પરની અસરોનો સમાવેશ થાય છે. આ હિંસા મહિલાઓના માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે, તેમના અવાજને દબાવી દે છે અને સમાજમાં અસમાનતાઓને વધુ ગાઢ બનાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ નુકસાન વાસ્તવિક, માપી શકાય તેવું, નિવારી શકાય તેવું અને અસ્વીકાર્ય છે.

## છત્તીસગઢ રોકાણ પ્રસ્તાવ : સ્ટીલ પ્રવાસન રોજગાર સિવાય બાયોફ્યુઅલ અને મેડિકલ ક્ષેત્રમાં રોકાણ

# 6826 કરોડના રોકાણથી 3 હજાર યુવાનોને રોજગાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

છત્તીસગઢ સરકારે આજે નવી દિલ્હીમાં 'ઈન્વેસ્ટર કનેક્ટ મીટ'નું આયોજન કર્યું હતું, જેમાં રાજ્યમાં સ્ટીલ પ્રવાસન રોજગાર, બાયોફ્યુઅલ, સિમેન્ટ અને મેડિકલ સહિતના વિવિધ ક્ષેત્રોમાં રોકાણની વિપુલ તકો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

રાજ્યને ઉદ્યોગોમાં ૬,૩૨૧ કરોડથી વધુ અને પ્રવાસન ક્ષેત્રમાં ૫૦૫ કરોડના જંગી રોકાણ પ્રસ્તાવ મળ્યા છે, જેના થકી ૩,૦૦૦થી વધુ લોકોને રોજગાર મળવાની અપેક્ષા છે. આ પ્રસંગે છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ તમામ સહભાગી કંપનીઓને તત્કાળ કામ શરૂ કરવા માટે 'રોકાણ કરવા માટેનું આમંત્રણ પત્ર' અર્પણ કર્યા હતા.

સૌથી મોટું રોકાણ ૩,૭૬૯ કરોડનું ગ્રીન એનર્જી ઈનોવેશન પ્રા. લિ. તરફથી ૫૦ મેગાવોટનો 'વેસ્ટ-ટુ-એનર્જી' પ્લાન્ટ સ્થાપવા માટે આવ્યું છે, જે કચરામાંથી વીજળી પેદા કરીને ૧૫૦ લોકોને રોજગાર આપશે અને શહેરોની કચરાની સમસ્યા ઘટાડશે. સ્ટીલ ક્ષેત્રે આર્તિ કોટેડ સ્ટીલ પ્રા. લિ.એ ૩૧૫ કરોડના રોકાણ પ્રસ્તાવથી ૫૫૦ લોકોને, જ્યારે SDRM મેટાલિક પ્રા. લિ.એ ૧૯૫.૭૫ કરોડના રોકાણથી ૪૯૨ લોકોને રોજગાર આપવાની તૈયારી દર્શાવી છે. છત્તીસગઢની આ પહેલો રોજગાર સર્જનમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.




પ્રવાસન ક્ષેત્રે રાયપુરની માર્સ વિવાન પ્રા. લિ.એ ૨૧૭ રૂમનું હોટેલ સ્થાપવા માટે ૨૨૦ કરોડનો રોકાણ પ્રસ્તાવ આપ્યો છે, જેનાથી ૫૨૨ રોજગારની તકો ઊભી થશે. આ સિવાય પીએએચ રિસોર્ટ અને વિદ્યા ઈન પણ હોટેલ્સ અને એડવેન્ચર રિસોર્ટ માટે ૮૫ કરોડના રોકાણ પ્રસ્તાવ આપ્યા છે. તેલંગાણા સ્થિત હાર્ટફુલનેસ ઈન્સ્ટિટ્યૂટે પણ વેલનેસ રિસોર્ટ અને એજ્યુકેશન હબ માટે ૨૦૦ કરોડનું રોકાણ સૂચવ્યું છે.

મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ રોકાણકારોને સંબોધતા કહ્યું કે બસ્તરમાં નક્સલ હિંસામાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને રસ્તાઓ, ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને સુરક્ષામાં સુધારો થયો છે. તેમણે જાહેર કર્યું કે સરકાર માર્ચ ૨૦૨૬ સુધીમાં બસ્તર નક્સલ મુક્ત બનાવવાનું લક્ષ્ય ધરાવે છે, જેના કારણે બસ્તર ઝડપથી રોકાણ અને પ્રવાસન બંને માટે એક નવા કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

રાજ્યની ઔદ્યોગિક નીતિની પ્રશંસા કરી, જે મૂડી અને વ્યાજ સબસિડી, વીજળી ફરજ મુક્તિ, સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહત અને મોટા રોકાણો માટે કસ્ટમાઈઝ્ડ પેકેજો પ્રદાન કરે છે. આ નવી નીતિ અમલમાં આવ્યા પછી રાજ્યને ૭.૮૯ લાખ કરોડથી વધુના રોકાણ પ્રસ્તાવ મળ્યા છે.

### ગ્રીન સ્ટીલ અને ભવિષ્યલક્ષી ક્ષેત્રો પર ભાર

મુખ્યમંત્રીએ છત્તીસગઢની મધ્યસ્થ ભૌગોલિક સ્થિતિના લોજિસ્ટિક્સ ફાયદાઓ પર ભાર મૂક્યો, જે ઔદ્યોગિક કોરિડોર, સુધારેલા હાઈવે અને વિસ્તરતા એરપોર્ટ કનેક્ટિવિટી દ્વારા સપ્લાય ચેઈનને મજબૂત કરે છે.

તેમણે કહ્યું કે ૨૦૭૦ના ભારતના નેટ-ઝીરો લક્ષ્યાંકને અનુરૂપ, છત્તીસગઢ ગ્રીન સ્ટીલ, ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રોને આકર્ષક પ્રોત્સાહનો સાથે પ્રોત્સાહન આપી રહ્યું છે.

ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ અને નાગરનર સ્ટીલ પ્લાન્ટની હાજરી, તેમજ પુષ્કળ આયર્ન ઓર અનામતોને કારણે છત્તીસગઢ એક મુખ્ય સ્ટીલ હબ તરીકે પોતાની ઓળખ જાળવી રાખે છે. હવે રાજ્ય એરોસ્પેસ, સંરક્ષણ, ઈલેક્ટ્રોનિક્સ, મેડિકલ ડિવાઇસ અને આઈટી જેવા ભવિષ્યલક્ષી ક્ષેત્રોમાં પણ ઝડપી વૃદ્ધિ જોઈ રહ્યું છે. મુખ્યમંત્રીએ ખાતરી આપી કે નયા રાયપુરમાં ફાર્મા હબ વિકસાવવામાં આવી રહ્યું છે, જે ઓછા રહેણાંક ખર્ચ સાથે રોકાણ માટેનું આકર્ષણ વધારે છે. આ તમામ પરિબળો છત્તીસગઢ રોકાણ પ્રસ્તાવને અભૂતપૂર્વ સફળતા તરફ લઈ જઈ રહ્યા છે.

## 'દરેક બ્રેકઅપને દુષ્કર્મ ન કહેશો...'

# સુપ્રીમ કોર્ટે કાયદાના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી



નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટે દુષ્કર્મના એક કેસમાં કાયદાને લઈને ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, દરેક અસફળ અથવા ખરાબ સંબંધને દુષ્કર્મનું નામ આપવું ગુનાની ગંભીરતાને ઓછી કરી દે છે. દુષ્કર્મનો આરોપ એ સૌથી ગંભીર પ્રકારનો ગુનો છે. જ્યાં હકીકતમાં બળ હિંસા અથવા જબરદસ્તી કરવામાં આવી હોય ફક્ત એવા જ કેસમાં આવો આરોપ લગાવેલો હોવો જોઈએ. જસ્ટિસ બી.વી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે સોમવારે (25 નવેમ્બર) એક કેસની સુનાવણી કરતા આ ટિપ્પણી કરી હતી. મહારાષ્ટ્રના એક વકીલ પર દુષ્કર્મ અને ગુનાહિત ધમકીનો આરોપ લગાવતી FIR અને ચાર્જશીટને કોર્ટે નકારી દીધી છે. હકીકતમાં, ફરિયાદી મહિલાએ શરૂઆતમાં ભરણપોષણના એક મામલે કાયદાકીય મદદ માટે વકીલનો સંપર્ક કર્યો હતો અને બાદમાં તે કથિત રૂપે લાંબા સમય સુધી વકીલની સાથે સંબંધોમાં રહી હતી.

# મારા પુત્રના બ્રાહ્મણની પુત્રી સાથે લગ્ન ન થાય ત્યાં સુધી...', IAS અધિકારીની ટિપ્પણીથી વિવાદ

(એજન્સી) ભોપાલ । તા. 25

મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં આયોજિત અજાક્સના પ્રાંતીય અધિવેશન દરમિયાન નવનિયુક્ત પ્રાંતીય અધ્યક્ષ અને વરિષ્ઠ IAS અધિકારી સંતોષ વર્માના એક નિવેદનથી વિવાદ સર્જાયો થયો છે. તેમનું આ નિવેદન સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ ગયું છે, જેના કારણે બ્રાહ્મણ સમાજમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.



મધ્ય પ્રદેશ અનુસૂચિત જાતિ-જનજાતિ અધિકારી અને કર્મચારી સંઘના અધિવેશનમાં સંતોષ વર્માએ કહ્યું હતું કે, 'જ્યાં સુધી મારા દીકરાને કોઈ બ્રાહ્મણ પોતાની દીકરી દાનમાં ન આપે અથવા તેની સાથે સંબંધ ન બને ત્યાં સુધી અનામત ચાલુ રહેવી જોઈએ.' અખિલ ભારતીય બ્રાહ્મણ સમાજના પ્રદેશ અધ્યક્ષ પુષ્પેન્દ્ર મિશ્રાએ આ ટિપ્પણીને દીકરીઓનું અપમાન ગણાવી હતી. તેમણે કહ્યું કે, 'સરકાર 'બેટી-બચાવો, બેટી-બઢાઓ' જેવા અભિયાનો ચલાવી રહી છે, ત્યારે એક વરિષ્ઠ અધિકારી દ્વારા આવી ભાષા એક આખા સમાજના ગૌરવને ઠેસ પહોંચાડે છે.' બ્રાહ્મણ સમાજનું કહેવું છે કે આ ટિપ્પણી અનામત ચર્ચાને વ્યક્તિગત સંબંધો સાથે જોડીને ખોટી દિશામાં લઈ જનારી છે અને તેનાથી સમાજમાં બિનજરૂરી તણાવ વધે છે. વીડિયો વાઈરલ થયા બાદ રાજ્યભરમાં આ નિવેદન પર ચર્ચા તેજ છે અને ઘણા સંગઠનોએ IAS અધિકારી પાસેથી સ્પષ્ટતા અને માફીની માગ કરી છે.

# રાજ્યના સંરક્ષણ રાજનાથ સિંહે 'સમુદ્ર ઉત્કર્ષ' સેમિનારમાં સંબોધન કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારત હવે સમગ્ર ઈન્ડો-પેસિફિક જહાજી હબ ક્ષેત્ર માટે સમારકામ અને જાળવણીનું પસંદગીનું કેન્દ્ર બની રહ્યું છે. આ વાતની જાહેરાત રાજ્યના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહએ મંગળવારે 'સમુદ્ર ઉત્કર્ષ' નામના સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરતા કરી હતી. આ સેમિનારમાં ભારતીય શીપયાર્ડની વધતી ક્ષમતાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારતીય શીપયાર્ડ રિફિટ માટે મૈત્રીપૂર્ણ વિદેશી રાષ્ટ્રોના જહાજોની વધતી સંખ્યા એ દરિયાઈ ક્ષેત્રમાં ભારતની ટેકનોલોજીકલ શક્તિ, વિશ્વસનીયતા અને સ્પર્ધાત્મકતામાં વધી રહેલા વૈશ્વિક વિશ્વાસનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, ભારતીય શીપયાર્ડ આજે ઈન્ડો-પેસિફિકમાં સૌથી અદ્યતન સંરક્ષણ પ્લેટફોર્મ્સનું ઉત્પાદન કરવા માટેની પરિપક્વતા અને ઔદ્યોગિક ઊંડાઈ ધરાવે છે.



તેમણે કહ્યું, "જટિલ રિફિટ માટે મૈત્રીપૂર્ણ વિદેશી રાષ્ટ્રોના જહાજો હવે વધુને વધુ ભારતીય શીપયાર્ડમાં આવી રહ્યા છે. આ ભારતની ક્ષમતા, વિશ્વસનીયતા અને સ્પર્ધાત્મકતાની સ્પષ્ટ માન્યતા છે." ભારતની મહત્વાકાંક્ષા આ ક્ષેત્રનું પ્રાથમિક જાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) ગંતવ્ય બનવાની છે.

રાજનાથ સિંહએ રેખાંકિત કર્યું કે ભારત એવા થોડા રાષ્ટ્રોમાંથી એક છે જે અતિ આધુનિક યુદ્ધ જહાજોની ડિઝાઈન અને નિર્માણ કરવાની ક્ષમતા ધરાવે છે. તેમણે ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ અને મઝાગોન ડોક શિપબિલ્ડર્સ જેવા શીપયાર્ડનો ઉલ્લેખ કર્યો.

# 140 કરોડ ભારતીયોની આસ્થાનું પ્રતીક

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

સમગ્ર ભારતમાં આજે શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં થયેલા ધાર્મિક ધ્વજારોહણ (ધજા ફરકાવવા)ના સમારોહની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલએ આ ઐતિહાસિક ક્ષણને "૧૪૦ કરોડ ભારતીયોની આસ્થાના પ્રતિનિધિત્વ" તરીકે ઓળખાવી અને કહ્યું કે, આ દિશામાંનું અંતિમ અને મહત્ત્વપૂર્ણ પગલું આજે પૂર્ણ થયું છે. અયોધ્યામાં લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, "આ મંદિર સાથે સંકળાયેલી ક્રાંતિ ઘણા વર્ષોથી અસ્તિત્વમાં હતી. લાખો સ્વયંસેવકો, વિશ્વ હિન્દુ પરિષદ, રામ જન્મભૂમિ ન્યાસ સમિતિ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને ભાજપ (BJP) જેવી અનેક સામાજિક સંસ્થાઓએ આમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે."



પિયુષ ગોયલએ યાદ કર્યું કે આ રામ મંદિર સંઘર્ષમાં દરેક વ્યક્તિએ પોતાનો ભાગ ભજવ્યો છે. તેમણે કહ્યું કે તેમનો પોતાનો સહભાગ L. K. અડવાણીની રામ રથયાત્રાથી શરૂ થયો હતો. તેમણે ઉમેર્યું, "રામ જન્મભૂમિ પર અયોધ્યા મંદિરના નિર્માણ માટે હજારો હિન્દુઓએ વિવિધ પહેલોમાં ભાગ લીધો અને અનેક બલિદાનો આપ્યા છે. માનનીય વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ થયેલા આ ધ્વજારોહણથી સમગ્ર રાષ્ટ્ર ખુશ છે. આજે આપણને ગર્વ છે કે આખો કાર્યક્રમ સરળતાથી સંપન્ન થયો."

**ઈ-ઓક્શન સૂચના**

**(ક્ષતિગ્રસ્ત કેબલ, ઈલેક્ટ્રિકલ સ્ક્રેપ, મોટર/ગિયર બોક્સ/ઈટી સહિત એમએસ સ્ક્રેપ, અનબર્ન કેબલ)** રસ ધરાવતા ખરીદદારો પાસેથી નિકાલ માટે ઇ-ઓક્શન ફોર્મ મંગાવવામાં આવે છે, ફક્ત "જેમ છે ત્યાં છે" ના ધોરણે, **'પ્રતિ કિલોગ્રામ'** ના ધોરણે, બચાવ માટે **I) આશરે 2,230 કિગ્રા બંટ કેબલ II) આશરે 17,520 કિગ્રા મોટર/ગિયર બોક્સ/ઈટી સહિત એમએસ સ્ક્રેપ, III) આશરે 1,760 કિગ્રા યુએનબર્ન કેબલ, IV) મેસર્સ કંપનીના ઇલેક્ટ્રિકલ સ્ક્રેપ. ઝાયડસ લાઈફસાયન્સ લિમિટેડ,** (સર્વેક્ષણ: આર.સી. બાજપાઈ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે), ઉપરોક્ત સામગ્રીના સંગ્રહનું નિરીક્ષણ યુનિટ - 2 જી.આઈ.ડી.સી. ઔદ્યોગિક વસાહત અંકલેશ્વર - 393002, ગુજરાત, ભારત 26/11/25 થી 02/12/25 સુધી, શ્રી રાજુ (9910355611) પાસેથી અગાઉથી એપોઇન્ટમેન્ટ લીધા પછી કરી શકાય છે. 03/12/25ના રોજ યોજાનારી ઇ-હરાજી ફોર્મ માટે, **શ્રીમતી ખુશીનો મોબાઇલ - 9990857386 પર સંપર્ક કરો.**

**સાલ્વોર સેટલર્સ પ્રા. લિ.**
**(હરાજી કરનારાઓ)**
સરનામું: 203, 2જો માળ, ઉષા કિરણ બિલ્ડિંગ, આઝાદપુર કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દિલ્હી - 110033 અથવા વેબસાઈટ:
**www.salvorsettlers.com** પરથી ડાઉનલોડ કરો.
ઇ-ઓક્શન ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ **06/11/25 છે, બપોરે 12.30 વાગ્યા પહેલા.**

**SBFC એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ** | રજિસ્ટર્ડ ઓફિસ: યુનિટ નંબર 103, પહેલો માળ, સી એન્ડ બી સ્ક્વેર, સંગમ કોમ્પ્લેક્સ, વિલેજ ચકલા, અંધેરી- કુર્લા રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-400059.
શાખાનું સરનામું: એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ, 201, 2nd માળ, શિલ્પ કોમ્પ્લેક્સ, ઓક્સફોર્ડ ટાવરની સામે, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ, ગુજરાત-380052.

**હરાજી કમ વેચાણ માટેની જાહેર નોટિસ**

એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ (અગાઉનું નામ એસબીએફસી ફાયનાન્સ પ્રા. લિ.) ના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટીઝેશન અને ફાઈનાન્શિયલ એસેટ્સના પુનર્નિર્માણ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ("SARFAESI એક્ટ") હેઠળ નીચે જણાવેલ ધિરાણ લેનાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે નીચે ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા બાદ, સિક્યોર્ડ લેણદારના કબજામાં રહેલી સ્થાવર મિલકતની ખરીદી માટે નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં ઓફર/બોલીઓ આમંત્રિત કરવામાં આવે છે. આ વેચાણ **'જેમ છે તે સ્થિતિના આધારે', 'જેમ છે તેના આધારે' અને 'જે કઈ પણ છે તેના આધારે' હશે.** જેની વિગતો નીચે મુજબ છે:-

| ધિરાણ લેનાર(ઓ) / સહ-ધિરાણ લેનાર(ઓ)નું સરનામું | માંગણી નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત (RP) | અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) (RPના 10%) | 23મી નવેમ્બર 2025ના રોજ કુલ બાકી લોન રકમ |
|---|---|---|---|---|---|
| **1) દિનેશકુમાર આહુજા, 2) સોની આહુજા, સરનામું:** બ્લોક નંબર ન્યૂ જી-વોર્ડ-18/1 પૈકી, પૂર્વ બાજુ (રૉ-હાઉસ), સિટી સર્વે નંબર 2004 પૈકી, બ્રાહ્મણી નગર સોસાયટી સામે, ગુરુદ્વારા રામદાસ નજીક, કુબેરનગર, અમદાવાદ, ગુજરાત- 382340. **અને અહીં પણ: 1એ. દિનેશકુમાર આહુજા,** યુનિટ નંબર 314, 3rd માળ, ઓમ મહાવીર કોમ્પ્લેક્સ, મહાવીર મેન્શન્સ કોમ્પ્લેક્સની બાજુમાં, કાલુપુર દરવાજા નજીક, રેવડી બજાર, કાલુપુર, અમદાવાદ, ગુજરાત- 380002. | 18મી મે 2024ના રોજ **રૂ.14,37,405/-** (રૂપિયા ચૌદ લાખ સાડત્રીસ હજાર ચારસો પાંચ માત્ર) વત્તા 19મી મે 2024ની તારીખથી બિન-લાગુ વ્યાજ. **માંગણી નોટિસ તારીખ: 21મી મે 2024** | ""ઓમ મહાવીર કોમ્પ્લેક્સ"" તરીકે જાણીતી સ્કીમમાં આવેલ યુનિટ નંબર 314, ત્રીજા માળની સ્થાવર મિલકતનો તે સંપૂર્ણ ભાગ અને parcel. આશરે 122 ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતી, સિટી સર્વે નંબર 4099 A, 4099 C, મૌજે કાલુપુર-1, તાલુકો અને જીલ્લો અમદાવાદ, અને સબ રજિસ્ટ્રાર જીલ્લો અમદાવાદ-1 (સિટી). **મિલકતની ચોહદ નીચે મુજબ: પૂર્વ:** પેસેજ, **પશ્ચિમ:** દીવાલ, **ઉત્તર:** યુનિટ નંબર 313, **દક્ષિણ:** દીવાલ. | ₹ 13,63,072/- (રૂપિયા તેર લાખ ત્રેસઠ હજાર અને બોતેર માત્ર) | ₹1,36,307/- (રૂપિયા એક લાખ છત્રીસ હજાર ત્રણસો સાત માત્ર) | ₹17,54,521/- (રૂપિયા સત્તર લાખ ચોપન હજાર પાંચસો એકવીસ માત્ર) |

**1.** નિર્ધારિત ટેન્ડર/બોલી ફોર્મમાં સીલબંધ બોલી/ઓફર, EMD અને KYC (સ્વ-પ્રમાણિત) જમા કરાવવાની છેલ્લી તારીખ **15/12/2025 ના રોજ સવારે 11:00 AM વાગ્યે** અથવા તે પહેલાં ઉપર જણાવેલ વડી/શાખા કચેરીના સરનામે છે. જે ટેન્ડર/બોલીઓ ભરેલી નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થશે તે અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ નકારવામાં આવશે. **2.** EMD રકમ **"SBFC Finance Limited"**ની તરફેણમાં **અમદાવાદ**, ગુજરાત-380052 ખાતે ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ચૂકવવાની રહેશે, જે અસફળ બોલી લગાવનારાઓને વ્યાજ વિના પરત કરવામાં આવશે. **3. મિલકતની નિરીક્ષણ તારીખ 08/12/2025 ના રોજ સવારે 11:00 AM થી 4:30 PM વચ્ચે છે. 4. બોલી/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) 15/12/2025 ના રોજ ઉપર જણાવેલ શાખા કાર્યાલયના સરનામે બપોરે 12:30 PM વાગ્યે છે.** ટેન્ડર/બોલી અધિકૃત અધિકારી અને તમામ બોલી લગાવનારાઓની હાજરીમાં ખોલવામાં આવશે. **5. અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નંબર: આલોક કુમાર શર્મા +91 9826597104. 6.** મિલકત સૌથી વધુ બોલી લગાવનારને વેચવામાં આવશે. બોલી લગાવનારાઓ વચ્ચેની ઇન્ટર-સી બોલી અધિકૃત અધિકારીના સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર રહેશે. જોકે, અધિકૃત અધિકારી પાસે કોઈપણ ટેન્ડર/બોલી સ્વીકારવાનો કે નકારવાનો અથવા કોઈપણ કારણ આપ્યા વિના વેચાણને મુલતવી/સ્થગિત કરવાનો સંપૂર્ણ અધિકાર અને શક્તિ છે. મિલકત અનામત કિંમતથી નીચે વેચવામાં આવશે નહીં. **7.** બાકી રકમ પર લાગુ વ્યાજ, લોન કરાર મુજબ, નોટિસમાં દર્શાવેલ બાકી રકમ અને આકસ્મિક ખર્ચ, વગેરે, જ્યાં સુધી તેની વસૂલાત ન થાય ત્યાં સુધી લેવામાં આવશે અને ચૂકવવાપાત્ર રહેશે. **8.** હરાજી વેચાણની વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે. ટેન્ડર ફોર્મ ઉપર જણાવેલ વડી/શાખા કચેરી પર ઉપલબ્ધ છે. **9.** કોઈપણ ફી, શુલ્ક, કર (ટેક્સ), જેમાં ટ્રાન્સફર/કન્વેયન્સ ચાર્જીસ, અવેતન વીજળી શુલ્ક, મ્યુનિસિપલ/સ્થાનિક કર, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી (રજીસ્ટ્રેશન) શુલ્કનો સમાવેશ થાય છે પરંતુ તે ફક્ત ખરીદનાર દ્વારા જ ભોગવવાનો રહેશે. **10.** તમામ બાકી રકમો/એરિયર્સ/અવેતન કર, જેમાં સેલ્સ ટેક્સ, પ્રોપર્ટી ટેક્સ, વગેરે અથવા સુરક્ષિત મિલકત પરના અન્ય કોઈપણ બાકી લેણાં, વૈધાનિક અથવા અન્યથા, ખરીદનાર દ્વારા અલગથી ભોગવવામાં આવશે. **11.** સિક્યોર્ડ લેણદારને જાણીતા બોજો: NIL. **12.** સફળ બોલી લગાવનારે બોલીની રકમના 25% (EMD ને સમાયોજિત કર્યા પછી) તરત જ જમા કરાવવાના રહેશે અને બાકીની 75% રકમ 15 દિવસની અંદર ચૂકવવાપાત્ર રહેશે. વેચાણ કિંમત ચૂકવવામાં નિષ્ફળતાના કિસ્સામાં EMD સહિતની તમામ થાપણો વધુ સૂચના વિના જપ્ત કરવામાં આવશે. જોકે, અપવાદરૂપ પરિસ્થિતિઓમાં બાકીના 75% ચુકવણી કરવા માટે વધુ વાજબી સમય લંબાવવાની સત્તા અધિકૃત અધિકારીના સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર રહેશે. **13.** અધિકૃત અધિકારી દ્વારા આપવામાં આવેલી વિગતો તેમના શ્રેષ્ઠ જ્ઞાન, માન્યતા અને રેકોર્ડ મુજબ જણાવવામાં આવી છે. અધિકૃત અધિકારી કોઈપણ ભૂલ, ખોટા નિવેદન અથવા ભૂલ વગેરે માટે જવાબદાર રહેશે નહીં. **14.** બોલી ટ્રાન્સફર કરી શકાશે નહીં. **15.** બેન્કર્સ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ ફક્ત 'મેસર્સ. એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ' ની તરફેણમાં અમદાવાદ, ગુજરાત-380052 ખાતે ચૂકવવાપાત્ર હોવો જોઈએ. **16.** SARFAESI એક્ટ, 2002 હેઠળ ધિરાણ લેનાર/સહ-ધિરાણ લેનારને અહીં હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ ચૂકવવા માટે 15 દિવસની વૈધાનિક વેચાણ નોટિસ આપવામાં આવે છે, જો તેમાં નિષ્ફળ જશે તો સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રહેલી રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ધિરાણ લેનાર વેચાણની તારીખ પહેલાં એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ (અગાઉનું નામ એસબીએફસી ફાયનાન્સ પ્રા. લિ.) ને સંપૂર્ણ બાકી રકમ ચૂકવી દે તો હરાજી બંધ થવાને પાત્ર છે. **17.** ધિરાણ લેનાર, સહ-ધિરાણ લેનારને વેચાણના સમયે વ્યક્તિગત રીતે હાજર રહેવા માટે આ નોટિસ દ્વારા સૂચિત કરવામાં આવે છે અને તેઓ અહીં ઉપર વર્ણવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે, વેચાણના નિયમો અને શરતોની વિગતો મુજબ, ખરીદનાર/ઇચ્છુક ખરીદદારોને લાવી શકે છે.

**સ્થળ: અમદાવાદ, ગુજરાત , તારીખ: 26th નવેમ્બર 2025** | **Sd/- અધિકૃત અધિકારી, મેસર્સ. એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ વતી**

## ઈન્ડિયન આર્મી પ્રથમ વખત

# 1980ના યુદ્ધમાં શહીદ થયેલ 1171 જવાનોને શ્રદ્ધાંજલિ આપશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારતીય સૈનિકોએ અનેક લડાઈ લડી સફળ ઓપરેશન પાર પાડ્યા છે. સેના પ્રથમ વખત સત્તાવાર રીતે 1171 સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી રહી છે. આ સૈનિકોએ ઓપરેશન પવનમાં શહીદ થયા હતા. જાણો શું છે ઓપરેશન પવન. ભારતીય સૈનિકોએ અનેક લડાઈ લડી સફળ ઓપરેશન પાર પાડ્યા છે. ઓપરેશન સિંદૂર, ઓપરેશન બ્લૂ સ્ટાર જેવા અનેક ઓપરેશનમાં સેના અને જવાનોની બહાદુરી જોઈ. દેશની સરહદની રક્ષા માટે, આંતકીઓનો ખાતમો કરવા તેમજ ઘૂસણખોરી કરનાર લોકો સામે લડી બહાદુરીથી ભારતીય સૈનિકો લડયા અને આ ઓપરેશન સફળ કર્યા. આ ઓપરેશન દરમિયાન કેટલાક સૈનિકો મોતને પણ ભેટયા. સેના પ્રથમ વખત સત્તાવાર રીતે 1171 સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી રહી છે. આ સૈનિકોએ ઓપરેશન પવનમાં શહીદ થયા હતા. જાણો શું છે ઓપરેશન પવન.

ઓક્ટોબર 1987 થી માર્ચ 1990સુધી ચાલેલા આ ઓપરેશનને 'ઓપરેશન પવન' કહેવામાં આવતું હતું. 1987માં, રાજીવ ગાંધી સરકારે તમિલ અને સિંહાલી સમુદાયો વચ્ચેના ગૃહયુદ્ધનો અંત લાવવા માટે ભારતીય શાંતિ રક્ષા દળ (IPKF) શ્રીલંકા મોકલ્યું. જેનો હેતુ LTTE જેવા તમિલ આતંકવાદી જૂથોને નિઃશસ્ત્ર કરવાનો અને શાંતિ સ્થાપિત કરવાનો હતો. જોકે, LTTE એ કરાર તોડી નાખ્યો અને ભારતીય સેના સાથે અથડામણ કરી. સૈનિકોએ જંગલો અને ઝાડીઓમાં છુપાયેલા LTTE સાથે લડાઈ કરી.



# કેરળ બીએલઓ વિવાદ વકર્યો: રુક્ષ વર્તન બદલ અધિકારીને દૂર કરાયો

(એજન્સી) મલપ્પુરમ । તા. 25

કેરળ રાજ્યમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે બૂથ લેવલ ઓફિસર દ્વારા જાહેર જનતા સાથે રુક્ષ વર્તન કરવાના આરોપ બદલ એક અધિકારીને ફરજ પરથી દૂર કરવામાં આવ્યા છે. મલપ્પુરમ જિલ્લાના તવનૂર વિધાનસભા ક્ષેત્રના અનાપ્પડી વેસ્ટ એલ.પી. સ્કૂલ ખાતેના BLO અધિકારીને આ કૃત્ય બદલ દૂર કરવામાં આવ્યા છે, તેમ જિલ્લા કલેક્ટર વી.આર. વિનોદે મંગળવારે જણાવ્યું હતું. આઈપીઆરડી મલપ્પુરમ અનુસાર, સીઈઓ કેરળ દ્વારા આ અધિકારી પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી છે અને ચેરીયા પરાપ્પુર એ.એમ.એલ.પી. સ્કૂલના શિક્ષક પ્રસીનાને નવા બીએલઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ તરફ, કોટ્ટાયમ જિલ્લા વહીવટીતંત્રે સોમવારે એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું હતું, જ્યારે સોશિયલ મીડિયા પર એક બીએલઓ અધિકારીનો ઓડિયો સંદેશ સામે આવ્યો હતો, જેમાં તેમણે મતદાર યાદી સુધારણાની ફરજોને કારણે કામ સંબંધિત ભારે કાર્યભાર તણાવ વ્યક્ત કર્યો હતો.

# કડકડતી ઠંડી વચ્ચે ભારત પર વાવાઝોડાનો ખતરો!

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દેશભરમાં હવામાન બદલાઈ રહ્યું છે. જેમ-જેમ નવેમ્બર મહિનો પસાર થઈ રહ્યો છે તેમ-તેમ ઠંડી વધી રહી છે. એક તરફ જ્યાં દિવસનું હવામાન સ્વચ્છ અને શુષ્ક રહે છે, જ્યારે ત્યારે બીજી તરફ સાંજ થતાં જ તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે હવે કડકડતી ઠંડી વચ્ચે હવામાન વિભાગે વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરી છે. IMDના જણાવ્યા પ્રમાણે બંગાળની ખાડીમાં રચાયેલી એક નવી હવામાન સિસ્ટમ ઝડપથી સક્રિય થઈ રહી છે અને આગામી દિવસોમાં તે મોટા વાવાઝોડાનું રૂપ લઈ શકે છે. IMDના જણાવ્યા પ્રમાણે મલેશિયા અને સ્ટ્રેટ ઓફ મલક્કા નજીકનું લો-પ્રેશર ક્ષેત્ર હાલમાં ત્યાં જ બન્યું છે અને તેની સાથે જોડાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન 7.6 કિલોમીટરની ઊંચાઈ સુધી એક્ટિવ છે. અનુમાન છે કે, આ સિસ્ટમ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને આગામી 24 કલાકમાં દક્ષિણ આંદામાન સમુદ્ર પર ડિપ્રેશનમાં ફેરવાઈ જશે.

## આસામના મુખ્યમંત્રીનો ઘટસ્ફોટ

# સિંગર ઝુબિન ગર્ગનું મોત અકસ્માત નહીં, હત્યા કરાઈ હતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

જાણીતા સિંગર ઝુબિન ગર્ગના નિધન મામલે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ મોટો ઘટસ્ફોટ કર્યો છે. તેમણે વિધાનસભામાં ખુલાસો કર્યો છે કે ઝુબિન ગર્ગનું મોત કોઈ અકસ્માતમાં નહોતું થયું. તેમની હત્યા કરવામાં આવી હતી. આટલું જ નહીં તેમણે એમ પણ કહ્યું છે કે દોષિતોને છોડવામાં આવશે નહીં.શરૂઆતમાં સિંગાપોર દ્વારા કહેવામાં આવ્યું હતું કે ગર્ગનું મોટું એક અકસ્માતમાં થયું છે અને સિંગાપોર દ્વારા આપવામાં આવેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ ડૂબવાના કારણે મોતનું કારણ આપવામાં આવ્યું હતું. જોકે બાદમાં આસામ સરકારે પોતાની રીતે અલગથી તપાસ શરૂ કરી હતી. આસામના મુખ્યમંત્રીએ હવે વિધાનસભામાં કહ્યું છે કે, 'અમને આશંકા હતી જ કે આ હત્યાનો કેસ છે. આરોપીઓમાંથી એકે હત્યા કરી અને અન્યોએ તેની મદદ કરી છે. ચારથી પાંચ લોકો વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવશે.' ઝુબિનનું મોત 19 સપ્ટેમ્બર સિંગાપોરમાં એક ફેસ્ટિવમાં થયું હતું. તેઓ તરવા માટે પાણીમાં ઉતર્યા અને અચાનક ડૂબી ગયા. ત્યારે એવો દાવો કરાયો હતો કે તેમણે લાઈફ જેકેટ નહોતું પહેર્યું. જોકે પરિવાર અને ચાહકોએ આ મોત મામલે સવાલ ઉઠાવ્યા હતા. આ દબાણ બાદ આસામ સરકારે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ(SIT) અને એક સદસ્યીય ન્યાયિક આયોગની રચના કરી. ભારત સરકારે પણ સિંગાપોર પાસેથી તપાસમાં મદદ મેળવવા માટે MLAT(મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ ટ્રીટી) પ્રક્રિયા શરૂ કરી છે.



**SBFC એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ** | રજિસ્ટર્ડ ઓફિસ: યુનિટ નંબર 103, પહેલો માળ, સી એન્ડ બી સ્ક્વેર, સંગમ કોમ્પ્લેક્સ, વિલેજ ચકલા, અંધેરી- કુર્લા રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-400059.
શાખાનું સરનામું: એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ, સુરત-અનુપમ બિઝનેસ સેન્ટર, ઓફિસ નંબર 122 અને 123, યોગી ચોક પાસે, પુણે-સિમાડા રોડ, (વારસા), સુરત. ગુજરાત-395010.

**હરાજી સાથે વેચાણ માટેની જાહેર નોટિસ**

**SBFC ફાઈનાન્સ લિમિટેડ (ભૂતપૂર્વ SBFC ફાઈનાન્સ પ્રા. લિ.)** ના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ("SARFAESI એક્ટ") હેઠળ નીચે દર્શાવેલ સુરક્ષિત સંપત્તિનો કબજો લેવાના અનુસંધાનમાં, નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં સ્થાવર મિલકત ખરીદવા માટે ઓફર/બિડ મંગાવવામાં આવે છે, જે અહીં વર્ણવ્યા મુજબ સુરક્ષિત લેણદારના કબજામાં છે, 'જેમ છે જ્યાં છે તેના આધારે', **'જેમ છે જે છે તેના આધારે' અને 'જેમ છે જે છે તેના આધારે'**, જેની વિગતો નીચે આપેલ છે:-

| ધિરાણ લેનાર(ઓ) / સહ-ધિરાણ લેનાર(ઓ)નું સરનામું | ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત (RP) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RPના 10%) | ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ કુલ બાકી લોન |
|---|---|---|---|---|---|
| **1) જીત ફેશન, 2) દિલીપભાઈ ગોરધનભાઈ ઈટાલીયા, 3) રસીકભાઈ ગોરધનભાઈ ઈટાલીયા, 4) ગીતાબેન ગોરધનભાઈ ઈટાલીયા. ઉમેરો:** 15, અંબિકા વિજય સોસાયટી, હીરાબાગ, જે કે પેટ્રોલપંપની સામે, વરાછા, સુરત, ગુજરાત-395006 **અને જીત** ચેમ્બર, ભગીરથ નગર સોસાયટી, સામે. શિવમ સુંદર શાળા વરાછા, સુરત, ગુજરાત- 395006. **ફેશન સરનામું પણ અહીં:** ગ્રાઉન્ડ ફ્લોર 8, એ વી **કોલેટરલ સરનામું: ૧.જીત ફેશન, ઉમેરો:** દુકાન નંબર 23 અને 24, ત્રીજો માળ, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા પાસે, સામે. કામરેજ પોલીસ સ્ટેશન, નવાગામ, કામરેજ, સુરત, ગુજરાત- 394180. | **રૂ.22,95,747/-** (રૂપિયા બાવીસ લાખ પંચાણું હજાર સાતસો સડતાલીસ માત્ર) **8મી જુલાઈ 2021ના રોજની સ્થિતિએ. માંગણી નોટિસ તારીખ: 8મી જુલાઈ 2021.** | સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલા નવગામ ગામ, પાઈકી ૧ ખાતે આવેલા "ગોલ્ડ-એન આરએલએઝા કોમ્પ્લેક્સ" નામના મકાનમાં, ત્રીજા માળે દુકાન નં. ૨૩ અને દુકાન નં. ૨૪ ધરાવતી મિલકતનો આખો ટુકડો, દરેક દુકાન ૧૩.૩૭ ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા અને ૩૪.૭૪ ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા સાથે ૮ ચોરસ મીટર જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો ધરાવે છે. | **રૂ. 19,61,316/-** (રૂપિયા ઓગણીસ લાખ એકસઠ હજાર ત્રણસો સોળ માત્ર) | **રૂ. 1,96,131/-** (રૂપિયા એક લાખ છન્નું હજાર એકસો એકત્રીસ માત્ર) | **રૂ. 35,52,165/-** (રૂપિયા પાંત્રીસ લાખ બાવન હજાર એકસો પાંસઠ માત્ર) |
| **1) ઓમ હેન્ડ વર્ક, સરનામું:** 94, ગીતાનગર સોસાયટી 1, પુણાગામ, સુરત, ગુજરાત- 395010. **2) રાજેશભાઈ જે. તેજાણી, 3) દયાબેન રાજેશભાઈ તેજાણી,** સરનામું: 117-118-119, મણીબા પાર્ક સોસાયટી, પુણાગામ, સીતા નગર ચોક, સુરત, ગુજરાત- 395010. **અને કોલેટરલ સરનામું: 1A. ઓમ હેન્ડ વર્ક,** શોપ No. 131 & 132, થર્ડ ફ્લોર, ગોલ્ડન પ્લાઝા, નિયર કામરેજ, ચાર રસ્તા, નવગામ, કામરેજ, સુરત-394180. | **રૂ. રૂ. ૨૦,૯૯,૩૯૭/-** (રૂપિયા વીસ લાખ નવ્વાણું હજાર ત્રણસો નવ્વાણું માત્ર) **તારીખ મુજબ ૨૪ માર્ચ ૨૦૨૨. ડિમાન્ડ નોટિસ તારીખ: ૨૬ માર્ચ ૨૦૨૨.** | સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં નવાગામ ગામ, બ્લોક નં. ૧૧૭ પાયકી ૧ ખાતે આવેલા નવાગામ ખાતે 'ગોલ્ડ-એન પ્લાઝા કોમ્પ્લેક્સ' નામની ઈમારતના ત્રીજા માળે દુકાન નં. ૧૩૧ અને ૧૩૨ ધરાવતી મિલકતનો બધો ટુકડો અને પાર્સલ, આશરે 30.૧ ચોરસ મીટર કાર્પેટ વિસ્તાર ધરાવે છે, અને જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો ધરાવે છે. | **રૂ. ૧૯,૨૫,૫૬૫/-** (રૂપિયા ઓગણીસ લાખ પચીસ હજાર પાંચસો પાસઠ ફક્ત) | **રૂ. ૧,૯૨,૫૫૬/-** (રૂપિયા એક લાખ બાવન હજાર પાંચસો છપ્પન માત્ર) | **રૂ. 33,૭૫,૦૬૬/-** (રૂપિયા ત્રીસ-ત્રણ લાખ સિત્તેર-પાંચ હજાર અને ફક્ત છસઠ) |

**1.** સીલબંધ બિડ/ઓફર, ઇએમડી અને કેવાયસી (સ્વ-પ્રમાણિત) સાથે નિયત ટેન્ડર/બિડ ફોર્મમાં સબમિટ કરવાની છેલ્લી તારીખ **૧૫/૧૨/૨૦૨૫ છે, સવારે ૧૧:00 વાગ્યે** ઉપર દર્શાવેલ મુખ્ય/શાખા કાર્યાલયના સરનામે. ભરેલા ન હોય તેવા અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરો અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ નકારી કાઢવામાં આવશે. **2.** ઇએમડીની રકમ **સુરત (ગુજરાત)** ખાતે **"એસબીએફસી ફાઈનાન્સ લિમિટેડ"** ના પક્ષમાં ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ચૂકવવી જોઈએ જે અસફળ બિડર્સને વ્યાજ વિના પરત કરી શકાય છે. **3. મિલકતનું નિરીક્ષણ તારીખ ૦૮/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૧૧.00 થી સાંજે ૪.૩0 વાગ્યા સુધી છે. 4. મિલકત માટે બિડ/ઓફર (હરાજી તારીખ) ખોલવાની તારીખ ૧૫/૧૨/૨૦૨૫ બપોરે ૧૨:30 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે છે.** ટેન્ડર/બિડ અધિકૃત અધિકારી અને બધા બોલી લગાવનારાઓની હાજરીમાં ખોલવામાં આવશે. **5. અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નંબર: આલોક કુમાર શર્મા - +૯૧ ૯૮૨૬૫૯૭૧૦૪. 6.** મિલકત સૌથી વધુ બોલી લગાવનાર બોલી લગાવનારને વેચવામાં આવશે. આંતર-બિડિંગ અધિકૃત અધિકારીના પોતાના વિવેકબુદ્ધિ પર રહેશે. જોકે, અધિકૃત અધિકારી પાસે કોઈપણ ટેન્ડર/બિડ સ્વીકારવા અથવા નકારવાનો અથવા કોઈપણ કારણ આપ્યા વિના વેચાણ મુલતવી રાખવા/મુલતવી રાખવાનો સંપૂર્ણ અધિકાર અને અધિકાર છે. મિલકત અનામત કિંમતથી નીચે વેચવામાં આવશે નહીં. **7.** નોટિસમાં બાકી રહેલી રકમ પર લોન કરાર મુજબ લાગુ પડતું વ્યાજ વસૂલવામાં આવશે અને આકસ્મિક ખર્ચ, ખર્ચ, વગેરે, બાકી રહે ત્યાં સુધી ચૂકવવાપાત્ર રહેશે. **8.** હરાજીના વેચાણના વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે. ટેન્ડર ફોર્મ ઉપરોક્ત મુખ્ય/શાખા કાર્યાલયમાં ઉપલબ્ધ છે. **9.** ટ્રાન્સફર/કન્વેયન્સ ચાર્જ, ચૂકવવામાં ન આવતા વીજળી ચાર્જ, મ્યુનિસિપલ/સ્થાનિક કર, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ચાર્જ સહિતની કોઈપણ ફી, ચાર્જ, કર ફક્ત ખરીદનાર દ્વારા જ ભોગવવાના રહેશે. **10.** વેચાણ વેરો, મિલકત વેરો, વગેરે સહિત પરંતુ મર્યાદિત નહીં તેવા તમામ બાકી/બાકી/ચુકવવામાં ન આવતા કર અથવા સુરક્ષિત મિલકત પરના કોઈપણ અન્ય બાકી, કાયદેસર અથવા અન્યથા, ખરીદનાર દ્વારા અલગથી ભોગવવાના રહેશે. **11.** સુરક્ષિત લેણદારને જાણતા બોજો: શૂન્ય. **12.** સફળ બોલી લગાવનાર બિડ રકમના 25% (EMD સમાયોજિત કર્યા પછી) તાત્કાલિક જમા કરાવશે અને બાકીની 75% રકમ 15 દિવસની અંદર ચૂકવવાપાત્ર રહેશે. જણાવ્યા મુજબ વેચાણ કિંમત ચૂકવવામાં નિષ્ફળતા પર EMD સહિતની બધી થાપણો વધુ સૂચના વિના જપ્ત કરવામાં આવશે. જો કે, અપવાદરૂપ પરિસ્થિતિઓમાં બાકીની 75% ચુકવણી કરવા માટે વધુ વાજબી સમય લંબાવવાનો અધિકાર અધિકૃત અધિકારીના વિવેકબુદ્ધિથી રહેશે. **13.** અધિકૃત અધિકારી દ્વારા આપવામાં આવેલી વિગતો તેમના શ્રેષ્ઠ જ્ઞાન, માન્યતા અને રેકોર્ડ મુજબ જણાવવામાં આવશે. અધિકૃત અધિકારી કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક વગેરે માટે જવાબદાર રહેશે નહીં. **14.** બોલી ટ્રાન્સફર કરી શકાતી નથી. **15.** બેંકરનો ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ ફક્ત સુરત (ગુજરાત) ખાતે ચૂકવવાપાત્ર 'મેસર્સ **એસબીએફસી ફાઈનાન્સ લિમિટેડ'** ના નામે બનાવવો જોઈએ. **16.** ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારને **સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની કાનૂની વેચાણ સૂચના આપવામાં આવે છે** કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવી દે, નહીં તો સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સહિત વસૂલ કરવામાં આવશે. જો ઉધાર લેનાર વેચાણની તારીખ પહેલાં **એસબીએફસી ફાઈનાન્સ લિમિટેડ** (ભૂતપૂર્વ એસબીએફસી ફાઈનાન્સ પ્રા. લિ.) ને બાકી રકમ સંપૂર્ણ ચૂકવી દે, તો હરાજી અટકાવવામાં આવશે. **17.** આથી ઉધાર લેનાર, સહ-ઉધાર લેનારને વેચાણ સમયે વ્યક્તિગત રીતે હાજર રહેવા માટે નોટિસ આપવામાં આવે છે અને તેઓ વેચાણના નિયમો અને શરતોની વિગતો અનુસાર, ઉપર વર્ણવ્યા મુજબ, સ્થાવર મિલકત ખરીદવા માટે ઇચ્છુક ખરીદદારો/ખરીદદારોને લાવી શકે છે.

**સ્થળ: સુરત, ગુજરાત , તારીખ: 26મી નવેમ્બર 2025** | **Sd/- અધિકૃત અધિકારી, મેસર્સ. એસબીએફસી ફાયનાન્સ લિમિટેડ વતી**

## ઘી કાંટાની પોળની કાપડની દુકાનમાં ભીષણ આગ

અમદાવાદ | અમદાવાદ શહેરમાં ઘી કાંટા વિસ્તારમાં આવેલા પંચભાઈની પોળમાં કાપડની દુકાનમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગવાની ઘટનાને પગલે ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી. કાપડની દુકાન હોવાને પગલે આગ વધુ વિકરાળ બની હતી. આગ લાગવાના કારણે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. લોકોના ટોળા ઘટનાસ્થળે ભેગા થયા હતા.



# સિટી એકસપ્રેસ

WEDNESDAY 26 NOVEMBER-2025
AHMEDABAD


## 8થી 11 જાન્યુ.એ રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન

અમદાવાદ |રાજ્ય સરકારે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)ની બીજી આવૃત્તિની જાહેરાત કરી છે, જે 8થી 9 જાન્યુઆરી, 2026 દરમિયાન રાજકોટમાં યોજાશે. આ સાથે જ 8થી 11 જાન્યુઆરી દરમિયાન વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) પણ યોજાશે. કચ્છ અને સૌરાષ્ટ્રના MSMEs, ઉદ્યોગકારો, સરકારી વિભાગો અને સ્ટાર્ટઅપ્સ માટે એક મોટો પ્લેટફોર્મ બનશે. આ પ્રદર્શનમાં એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ફિશરીઝ, રિન્યુએબલ એનર્જી, એન્જિનિયરિંગ, પેટ્રોકેમિકલ્સ, બંદર અને લોજિસ્ટિક્સ, હસ્તકલા, બેંકિંગ અને શિક્ષણ સહિતનાં ક્ષેત્રોની રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કંપનીઓ ભાગ લેશે.



# સેવન્થ ડે સ્કૂલને ભાડાપટ્ટે આપેલો પ્લોટ AMC પરત લેશે

### ત્રણ વાર નોટિસ આપ્યા બાદ પણ જવાબ ન આપતા શાળા સામે અમદાવાદ મનપાની મોટી કાર્યવાહી



(એજન્સી) ગાંધીનગર । તા. 25

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા બાદ શાળાની જમીન અને મંજૂરીને લઈ વિવાદ સર્જાયો હતો. AMC દ્વારા શાળાને આપવામાં આવેલો પ્લોટ પરત લેવા માટે કાર્યવાહી કરશે. ટીપી કમિટીના ચેરમેનના જણાવ્યા મુજબ શાળાને ત્રણવાર નોટિસ આપ્યા બાદ પણ શાળા તરફથી જરૂરી ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા નથી. હવે COPની પ્રોસિજર કરવામાં આવશે.

### AMC એક સપ્તાહમાં શાળા સંચાલકોને COP નોટિસ ફટકારશે

AMC દ્વારા એક સપ્તાહમાં સેવન્થ ડે સ્કુલના સંચાલકોને કોમ્પ્લીન્ટ ઓફિસર્સ પ્રોસીડિંગ્સ (C.O.P.) નોટિસ ફટકારવામાં આવશે. આજે 25 નવેમ્બરના રોજ મળેલી ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીમાં ચર્ચા- વિચારણા કરીને પ્લોટ પરત લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોમ્પ્લીન્ટ ઓફિસર્સ પ્રોસીડિંગ્સ હાથ ધરાયા પછી કાનૂની રાહે પગલાં લેવામાં આવશે. આ મામલે હીયરિંગ પણ હાથ પરવામાં આવશે. સેવન્થ ડે સ્કુલને લીઝ ડીડની શરતોનો ભંગ સહિતના મામલે ત્રણ શો કોઝ નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં સેવન્થ ડે સ્કુલના સંચાલકોએ જવાબ આપ્યો નથી.

### 'તમારા પટ્ટા ઊતરી જશે'ના નિવેદન પર DGPનો જવાબ

# 'પોલીસનું મનોબળ તોડવાનું કામ કરનારને ટોલરેટ કરવાના નહીં'

(એજન્સી) ગાંધીનગર । તા. 25

ગાંધીનગર કરાઈ પોલીસ એકેડમીમાં આજે 'DGP'S Commendation Disc 2024' અલંકરણ સમારોહ યોજાયો હતો. જેમાં DGP વિકાસ સહાયે હાજરી આપી હતી. જોકે, મહત્વનું છે કે, વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ પોલીસ કર્મચારીઓને લઈને કરેલા એક નિવેદન બાદ ભારે વિવાદ છેડાયો છે, ત્યારે આ વિવાદની વચ્ચે આજે DGP વિકાસ સહાયે આ કાર્યક્રમમાં પોલીસ કર્મચારી અને અધિકારીઓનો સંબોધન દરમિયાન જિગ્નેશ મેવાણીનું નામ લીધા વગર જવાબ આપ્યો હતો.DGPએ કહ્યું હતું કે, આપણી પાસે મોટી સંખ્યામાં કામ કરતા કર્મચારીઓ છે. તેમનું મનોબળ તોડવાનો કોઈ વ્યક્તિ કે સંસ્થા પ્રયાસ કરે તો લીડર તરીકે તમારે ટોલરેટ કરવાનું નથી. આપણે વટથી, ભય વગર અને આત્મસન્માન સાથે કામ કરીએ.

### મેવાણી કહ્યું- 'ડ્રગ્સ-દારૂ બંધ કરી આપો'




### 'પોલીસ ફોર્સનું મનોબળ ટકેલું જ હોવું જોઇએ'

DGPના નિવેદન બાદ જિગ્નેશ મેવાણીનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, મિસ્ટર સહાય તમારૂં સૂચન સારૂં છે. પોલીસ ફોર્સનું મનોબળ ટકેલું જ હોવું જોઈએ. રાજ્ય માટે એ પોલીસકર્મીઓ કોન્સ્ટેબલથી લઈને સિનિયર મોસ્ટ DG રેન્કના અધિકારીઓ જે રાષ્ટ્ર માટે અને દેશ માટે સેવા આપતા હોય, એમની કામગીરી, એમની નિષ્ઠાને હું એપ્રિસિએટ અને સેલ્યુટ કરું છું. હું વંદન કરું છું.

### 'ખૂબ મોટી સંખ્યામાં માનવબળ આપણી પાસે છે'

આ દરમિયાન સમારોહના મંચ પરથી DGP વિકાસ સહાયે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસના દરેક અધિકારી-કર્મચારી એક વટથી, આત્મસન્માનથી કામ કરે. કોઈપણ ભય કે ડર વગર કામ કરે એ ખૂબ જરૂરી છે અને દરેક એકમના જે કોઈ અધિકારીઓ લીડરશીપ રોલમાં છે એમની જવાબદારી બની જાય છે કે, તમે તમારા સબોર્ડિનેટ્સમાં આ મેસેજ પહોંચાડવો. જ્યારે ખૂબ મોટી સંખ્યામાં માનવબળ આપણી પાસે છે અને આપણી પાસે કામગીરી કરી રહ્યા છે.

### સાયબર સ્લેવરી ગેંગનો પર્દાફાશ

# મુખ્ય સૂત્રધાર નિલ પુરોહિતની સબ એજન્ટ તરીકે કાર્યરત પાયલ ચૌહાણની ધરપકડ,

### વિદેશમાં નોકરીની લાલચ આપી લોકોને ફસાવતા



### વિદેશ જવા ઈચ્છુક યુવક-યુવતીઓ સાવધાન

સાયબર સેન્ટરે યુવાનોને ચેતવણી આપી છે કે, વિદેશમાં નોકરીનું લાલચ આપતા અજાણ્યા નંબર, મેસેજ કે સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર વિશ્વાસ ન કરવો. સાયબર ઠગાઈનો શંકાસ્પદ કેસ જણાય તો તરત જ હેલ્પલાઈન 1930 પર અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં સંપર્ક કરવો.

(એજન્સી) ગાંધીનગર । તા. 25

ગુજરાતમાં ઝડપથી વધી રહેલા સાયબર સ્લેવરી ગેંગ સામે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, CID ક્રાઈમ દ્વારા મોટા પાયે કાર્યવાહી કરવામાં આવી છે. વડોદરાની પાયલ પ્રદીપસિંહ ચૌહાણને ધરપકડ કરી છે. જે સાયબર સ્લેવરીના મુખ્ય સુત્રધાર નિલ પુરોહિતની સબ એજન્ટ તરીકે કાર્યરત હતી. સાયબરસેન્ટરઓફએક્સેલન્સના SP વિવેક ભેડાએ જણાવ્યા મુજબ આ ગેંગ યુવાનોને વિદેશમાં ઊંચા પગારની નોકરીની લાલચ આપીને ફસાવતી હતી અને બાદમાં તેમને ગેમિંગ અને ઓનલાઈન ફ્રોડ ઓપરેશનમાં મજબૂર કરવામાં આવતા હતા.

### સોશિયલ મીડિયા પર સંપર્ક કરી યુવકો ફસાવતી

આરોપી પાયલ ચૌહાણ દરેક યુવક પાસેથી 3 લાખ સુધી કમિશન લેતી હતી. યુવાનોનો સોશિયલ મીડિયા મારફતે સંપર્ક કરતી હતી. યુવક-યુવતીઓને દર મહિને 1 લાખ રૂપિયાનો પગાર આપવાની લાલચ આપી ફસાવવામાં આવતા હતા. અત્યાર સુધઈમાં ગુજરાતના 3 યુવકો આ ગેંગનો શિકાર બન્યા હોવાનું સામે આવ્યું છે. હાલ ત્રણેય યુવકો સુરક્ષિત રીતે ભારત પરત ફરી ચૂક્યા છે.

## ન્યુઝ બ્રિફ

### ■ ગાંધીનગર મેડિકલ કોલેજ રેગિંગ કેસ: 7 વિદ્યાર્થીઓ 2 વર્ષ અને અન્ય 6 માસ માટે સસ્પેન્ડ!

ગાંધીનગર | ગાંધીનગરની એક મેડિકલ કોલેજમાં સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા રેગિંગની ગંભીર ઘટના સામે આવતા રાજ્યના તબીબી શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટનામાં સામેલ થર્ડ યરના 7 વિદ્યાર્થીઓને 2 વર્ષ માટે અને સેકન્ડ યરના અન્ય વિદ્યાર્થીઓને 6 મહિના માટે કોલેજમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. હોસ્ટેલ ડીનને રેગિંગની ફરિયાદ મળતા કોલેજ તંત્ર સક્રિય થયું હતું. તાત્કાલિક ધોરણે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા, જેમાં ત્રીજા વર્ષના સાત વિદ્યાર્થીઓ અને બીજા વર્ષના અન્ય વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષના વિદ્યાર્થીને હેરાન કરીને માનસિક ત્રાસ આપતા હોવાનું સ્પષ્ટ થયું હતું.

### ■ તને ભાઈ બનવાનો બહુ શોખ છે કહી ચાકુથી હુમલો

અમદાવાદ | પૂર્વ વિસ્તારમાં અસામાજિક તત્વો બેફામ બનીને નિર્દોષ લોકો ઉપર ઘાતક હુમલા કરી રહ્યા છે. ખોખરામાં દુકાનમાં ઘૂસીને તને ભાઈ બનવાનો બહુ શોખ છે કહીને ગાળો બોલીને માર મારીને ચાકુના ઘા માર્યા હતા. બાદમાં દુકાનની બહાર લાવીને ઢોર માર મારીને ત્રણેય શખ્સો ભાગી ગયા હતા. સારવાર માટે સિવિસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ખોખરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખોખરામાં રહેતા યુવકે ખોખરા પોલીસ સ્ટેશનમાં વિશાલ, પ્રિન્સ અને ગણેશ સામે ફરિયાદ નોંધાવી છે કે ગત તા.૨૩ના રોજ રાતના સમયે તે ચાલીની બહાર આવેલ હેરસલૂનની દુકાનમાં બેઠો હતો.

### ■ શેરથાના કસ્તુરીનગર પાસે ટીંટોડાના યુવક પર લોખંડની પાઈપથી હુમલો

ગાંધીનગર। ગાંધીનગર જિલ્લાના શેરથા નજીક જાહેર રોડ પર મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. ટીંટોડા ગામના એક યુવક પર તેના જ ગામના ત્રણ શખ્સોએ જૂની અદાવત રાખીને ઘાતક હથિયારો સાથે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ટીંટોડા ખાતે રામજી મંદિરવાળો વાસમાં રહેતા વિજય રણછોડજી ઠાકોર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, ગત શનિવારના રોજ તે અને તેના કાકાનો દીકરો જયેશ અને મિત્ર મીત ઠાકોર એક્ટીવા લઈને શેરથા રામાપીરના મંદિરે દર્શન કરવા ગયા હતા.

### ફિક્સ પગાર ચાર્જ એલાઉન્સ, વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓનો કાર્ય ઉત્સાહ વધશે

# ગુજરાત સરકાર નાણાં વિભાગે કરી મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા

(એજન્સી) ગાંધીનગર । તા. 25

ગુજરાત સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના ફિક્સ પગાર પર ફરજ બજાવતા કર્મચારીઓ માટે એક મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારના નાણાં વિભાગ દ્વારા નવા પરિપત્રમાં વધારાની જવાબદારી માટે 'ચાર્જ એલાઉન્સ' ચૂકવવા અંગે મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરવામાં આવી છે, જેનાથી હજારો કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે.

અગાઉ ફિક્સ પગારના કર્મચારીઓને ચાર્જ એલાઉન્સ જૂના પગાર ધોરણો મુજબ ચૂકવવામાં આવતું હતું. પરંતુ હવે પગાર વધારો થયા પછી, આ ફિક્સ પગાર ચાર્જ એલાઉન્સની ચુકવણી નવા પગારના ધોરણો મુજબ કરવામાં આવશે. આ નિર્ણયથી કર્મચારીઓને સીધો આર્થિક ફાયદો થશે. ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિયેશન દ્વારા આ મુદ્દે છેલ્લા કેટલાક મહિનાઓથી સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી હતી. તેમની રજૂઆતને ધ્યાનમાં રાખીને નાણાં વિભાગ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા આદેશમાં ખાસ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ૨૦



### કર્મચારીઓને કેટલો મળશે વધારાની જવાબદારી લાભ?

નાણાં વિભાગના નવા નિયમો મુજબ, વધારાની જવાબદારી લાભ બે અલગ-અલગ દરોમાં મળશે:

- સેમ કેડરનો ચાર્જ: જો કર્મચારીને તેના સમાન કેડરનો જ હવાલો સોંપવામાં આવ્યો હોય, તો તેમને ૫ ટકા ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર થશે.
- સિનિયર લેવલનો ચાર્જ: જો કર્મચારીને સિનિયર લેવલની જગ્યાનો (ઉચ્ચ કેડરનો) વધારાની જવાબદારીનો ચાર્જ આપવામાં આવ્યો હોય, તો તેમને ૧૦ ટકા ચાર્જ એલાઉન્સ મળશે.
- ઉદાહરણ તરીકે, જો કોઈ ફિક્સ પગારના કર્મચારીનો પગાર ૩૦,૦૦૦ હોય તો:
- સેમ કેડરના ચાર્જ માટે: ૫% એટલે કે ૧,૫૦૦ ચાર્જ એલાઉન્સ ચૂકવાશે.
- સિનિયર જગ્યાના ચાર્જ માટે: ૧૦% એટલે કે ૩,૦૦૦ ચાર્જ એલાઉન્સ ચૂકવાશે.

ઓક્ટોબર, ૨૦૨૧ પછી નિમણૂક પામેલા અને હાલ ફિક્સ પગાર પર ફરજ બજાવતા કર્મચારીઓને પણ જો તેમને વધારાની જવાબદારી સોંપવામાં આવી હોય, તો તેમને પણ ૧૦% સુધીનું ચાર્જ એલાઉન્સ ચૂકવવામાં આવશે.

આ પહેલાં, આ લાભ માત્ર કાયમી થયેલા અથવા નિયમિત કર્મચારીઓને જ મળતો હતો, જેના કારણે વર્ગ-૩ના ઘણા ફિક્સ પગાર કર્મચારીઓ સાથે અન્યાય થતો હોવાની ફરિયાદો ઊઠી હતી. નાણાં વિભાગએ તમામ સરકારી વિભાગો તથા જિલ્લા કચેરીઓને આ આદેશનો તાત્કાલિક અમલ કરવાની સૂચના આપી છે.

સરકારના આ નિર્ણયથી રાજ્યના હજારો ફિક્સ પગાર કર્મચારીઓને સીધી અને નક્કર આર્થિક રાહત મળશે.

### અમદાવાદ હત્યા મેઘાણીનગર | તલવારથી હુમલાનો દાવો

# નિવૃત્ત આર્મીમેન પુત્રનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

(એજન્સી) અમદાવાદ । તા. 25

અમદાવાદના મેઘાણીનગર બસ સ્ટેન્ડ વિસ્તારમાં બે જૂથો વચ્ચે ખેલાયેલા ખૂની ખેલની ઘટના સામે આવી છે. સામાન્ય ઝઘડામાંથી શરૂ થયેલી બોલાચાલીએ જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં તલવાર અને ચપ્પુ જેવા ઘાતક હથિયારોનો ઉપયોગ થતાં એક યુવકની કરપીણ હત્યા થઈ છે.




### નિવૃત્ત આર્મીમેને નોંધાવી પુત્રની હત્યાની ફરિયાદ

પુત્રનું મોત થતાં નિવૃત્ત આર્મીમેન જયસિંહ પવારએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં હિતેશ ઉર્ફે બૂચિયો પટણી ટોળકી અને તેના અન્ય સાગરીતો વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ ફરિયાદના આધારે ગુનો નોંધીને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટેની કવાયત શરૂ કરી દીધી છે.

મૃતક યુવકની ઓળખ હિંમતસિંહ પવાર તરીકે થઈ છે, જે નિવૃત્ત આર્મીમેન જયસિંહ પવારના પુત્ર હતા. આ ઘટનાને પગલે મેઘાણીનગર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસે આ મામલે બંને જૂથોની સામસામે ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક માહિતી અને મૃતકના પિતા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, હિંમતસિંહ પવારનો ઝઘડો સ્થાનિક યુવક હિતેશ ઉર્ફે બૂચિયો પટણી અને તેના સાગરીતો સાથે થયો હતો. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં હિતેશ પટણી, તેનો ભાઈ પીકાચુ પટણી, અજય પટણી અને નિકુલ ઉર્ફે દતો પટણી સહિતના આરોપીઓની ટોળકીએ હિંમતસિંહ પવાર પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો.

ચપ્પુના ઘા ઝીંકવાના કારણે હિંમતસિંહના શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, દૂર્ભાગ્યવશ આજે સવારે સારવાર દરમિયાન હિંમતસિંહનું કરુણ મોત નિપજ્યું હતું. આ બનાવની જાણ થતાં પોલીસે આ મામલાને હત્યાના ગુનામાં તબદીલ કર્યો છે.

આ હિંસક ઘટનાના સંદર્ભમાં, બીજા જૂથ તરફથી એટલે કે હિતેશ ઉર્ફે બૂચિયો પટણીએ પણ પોલીસ ફરિયાદ નોંધાવી છે. હિતેશ પટણીએ દાવો કર્યો છે કે, હિંમતસિંહ પવાર જ રિક્ષા બેફામ ચલાવવા જેવી સામાન્ય બાબતે તેની સાથે ઝઘડો કર્યો હતો. હિતેશના જણાવ્યા મુજબ, હિંમતસિંહે જ તલવાર વડે તેના પર પહેલા હુમલો કર્યો હતો.

# કરોડોનો દારૂ ટ્રેન મારફતે ગુજરાતમાં લવાયો, જેલમાં હોવા છતાં બુટલેગરનું નેટવર્ક

(એજન્સી) ગાંધીનગર । તા. 25

ગાંધીનગરમાં ડીજીપીની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે શનિવાર અને રવિવારે મુંદરા પોર્ટ નજીક પ્રાગપર ચોકડી પાસે કુલ 2.97 કરોડનો દારૂ ભરેલા બે કન્ટેનર પકડી પાડ્યા હતા. દારૂના ગોરખધંધા માટે પાસાતળે જેલમાં રહેલા કચ્છના કેરા ગામના બુટલેગર અનોપસિંહ રાઠોડે પંજાબથી ટ્રેન મારફતે મુંદરા પોર્ટ ઉપર દારૂ મગાવવાનું નેટવર્ક ગોઠવ્યું છે. જેલમાં હોવા છતાં બૂટલેગરનું નેટવર્ક ચાલતું હતું અને ટ્રેન માર્ગે ત્રણ જ મહિનામાં દારૂના 11 કન્ટેનર પંજાબથી મુંદરા પોર્ટ માર્ગે ઘુસાડી દેવાયાં છે. મુંદરા પોર્ટથી દેશમાં જ ચીજવસ્તુની હેરાફેરીના બહાને દારૂની હેરાફેરી કરવાનું નેટવર્ક સ્ટેટ મોનિટરિંગ સેલે ધ્વસ્ત કર્યું છે. પોલીસ સત્તાધીશોનું કહેવું છે કે, દેશમાં જ ચીજવસ્તુ લઈ જવાતી હોવાથી ડોમેસ્ટિક કન્ટેનર્સની તપાસ કરવામાં આવતી નથી. મુંદરા પોલીસ મથકે અલગ અલગ બે ફરિયાદમાં છ લોકો સામે ગુનો નોંધાયો છે. કરોડો રૂપિયાનો દારૂ કચ્છમાં જ વેચાતો હતો કે સુરત લઈ જવાતો હતો તે અંગે સ્ટેટ સેલે તપાસ આરંભી છે.

### ચિલોડા હિંમતનગર હાઈવે ઉપર શિહોલીમાં

# પાન પાર્લરની આડમાં હથિયારો ઝડપાયા

(એજન્સી) ગાંધીનગર । તા. 25

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નેશનલ હાઈવે પર આવેલી હોટલો અને દુકાનોમાં ગેરકાયદેસર હથિયારોનું વેચાણ અટકાવવા પોલીસે લાલ આંખ કરી છે. ચિલોડા પોલીસે શિહોલી ગામની સીમમાં આવેલ એક પાન પાર્લર પર દરોડો પાડી રામપુરી ચપ્પા અને પંચ સહિત કુલ ૯૫ જેટલા ઘાતક હથિયારોનો જથ્થો ઝડપી પાડયો છે.

ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવ અને એસપી રવિ તેજા વાસમસેટ્ટી દ્વારા હથિયાર બંધીના જાહેરનામાના અમલ માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. જેના અનુસંધાને ચિલોડા પી.આઈ. એસ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડની ટીમે પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. દરમિયાનમાં ગઈકાલે નેશનલ હાઈવે નં-૪૮ પર મોટા ચિલોડાથી હિંમતનગર જતા રોડ પર શિહોલી ગામની સીમમાં આવેલ ક્રિષ્ણા હોટલની બહારના ક્રિષ્ણા પાન પાર્લરમાં પોલીસે તપાસ કરી હતી. તપાસ દરમિયાન પાર્લરની અંદરથી પ્રતિબંધિત હથિયારોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

### સિંગતેલની સાથે મગફળીના ભાવમાં પણ ₹ ૨૦૦નો વધારો

# લગ્નગાળામાં સિંગતેલ ભાવ વધારો: ૧૫ દિવસમાં ૨૧૦ રૂપિયાનો ઉછાળો

(એજન્સી) અમદાવાદ । તા. 25

રાજ્યમાં લગ્નની સિઝન પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે ખાદ્યતેલ બજેટ ખોરવાયું હોવાના અહેવાલોથી સામાન્ય અને મધ્યમ વર્ગ ચિંતિત બન્યો છે. ખાસ કરીને સિંગતેલ ભાવ વધારો ચિંતાનો વિષય બન્યો છે. છેલ્લા માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં જ સિંગતેલના ડબ્બાના ભાવમાં અધધ કહી શકાય તેવો ૨૧૦નો ઉછાળો નોંધાયો છે. સ્થાનિક બજારમાંથી મળતી માહિતી મુજબ, ૧૫ કિલોના સિંગતેલના ડબ્બાનો ભાવ જે પહેલાં ૨,૪૧૫ હતો, તે હવે વધીને ૨,૬૨૫ થઈ ગયો છે. આ જંગી વધારો લગ્નસરાની તૈયારીઓ કરી રહેલા પરિવારો માટે મોટો આર્થિક બોજ લઈને આવ્યો છે. આ ઉપરાંત, ઓર્ગેનિક અને ઘાણીમાંથી તૈયાર થતા ઘાણી સિંગતેલનો ભાવ તો ૩,૦૦૦ સુધી પહોંચી ગયો છે.



બજારના નિષ્ણાતો માટે સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે સૌરાષ્ટ્રના યાર્ડમાં આ વર્ષે મગફળીની આવક ભાવ વધારાની અપેક્ષાએ ઘણી સારી થઈ છે. કૃષિ પેદાશની આવક સારી હોવા છતાં સિંગતેલના ભાવમાં આટલો મોટો વધારો નોંધાવો એ બજારના ગણિતથી વિપરીત છે અને સંગ્રહખોરી કે આંતરરાષ્ટ્રીય પરિબળો તરફ ઈશારો કરે છે.

સિંગતેલ ભાવ વધારો થવાનું એક કારણ તેના કાચા માલ એટલે કે મગફળીના ભાવમાં થયેલો વધારો પણ છે. યાર્ડમાં મગફળીની આવક સારી હોવા છતાં, મગફળીના ભાવમાં પ્રતિ મણ દીઠ ૨૦૦ નો વધારો થયો છે. કાચા માલના ભાવ વધતા તેની સીધી અસર ફિનિશ્ડ પ્રોડક્ટ એટલે કે સિંગતેલના ભાવ પર જોવા મળી રહી છે. સિંગતેલ એ ગુજરાતી ઘરોમાં સૌથી વધુ વપરાતું અને પસંદગીનું ખાદ્યતેલ છે. લગ્ન, ઉત્સવો અને અન્ય સામાજિક પ્રસંગોમાં તેનો વપરાશ વધી જાય છે. આવામાં ભાવમાં આટલો આકસ્મિક અને મોટો ઉછાળો આવતા, સામાન્ય ગૃહિણીઓ અને કેટરિંગનું બજેટ ખોરવાયું છે. જે પરિવારોને લગ્ન કે અન્ય મોટા પ્રસંગો યોજવાના હોય, તેમના માટે તેલ પાછળનો ખર્ચ હજારો રૂપિયાનો થઈ ગયો છે.

આ સિંગતેલ ભાવ વધારો માત્ર ઘરના રસોડા પૂરતો સીમિત નથી, પરંતુ તહેવારોની સિઝન અને વેપારી બજારમાં પણ તેની નકારાત્મક અસર જોવા મળશે. મગફળીની આવક ભાવને અસર કરી રહી છે, પરંતુ સારો પાક હોવા છતાં જે રીતે ભાવમાં કૃત્રિમ ઉછાળો આવી રહ્યો છે, તે પાછળના કારણોની તપાસ થવી જરૂરી છે.

જો ટૂંક સમયમાં આ ભાવ નિયંત્રણમાં નહીં આવે, તો આવનારા સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગની મુશ્કેલીઓ વધુ વધી શકે છે. હાલમાં, રાજ્ય સરકાર આ પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે કયા પગલાં લે છે, તેના પર સૌની નજર ટકેલી છે.